મેસર્સ સી. ડી. શાહ એન્ડ કો૦ કૃત

સુધરેલી રીત મુજબ
વર્નાક્યુલર ટેક્સ્ટ બુક્સ રીવિઝન કમિટિએ
તૈયાર કરેલી

ચોથી ચોપડીના અર્થ.

(જેની અંદર અર્થ; કવિતાની સમજુતી; તમામ પાઠના સવાલ તથા સાર; મુંબઇ ઈલાકાની ભૂતળ; અઘરા શબ્દો; જોડાક્ષર; ઇ૦.)

રચનાર—મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો.

રચનારનું ઠેકાણું—શાહપોર—સુરત.

પ્રસિદ્ધ કર્તા—*C. M. Shah.*

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—શાહપોર-સુરત.

છાપનાર-નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમ.
છાપવાનું ઠેકાણું-શ્રી "શંકર" પ્રીન્ટીંગ પ્રેસ.
ચૌટાના પુલ ઉપર ટોકી પાસે-સુરત.

સંવત ૧૯૮૫] કિંમત રૂ. ૦-૭-૬ [સને ૧૯૨૯

એક વખત અવલોકન કરવા ખાસ ભલામણ છે.

છગનલાલ મોતીરામ શાહ.

"મુખગણિત શિક્ષક" વગેરેના કર્તા. શાહપોર—સુરત.

મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો૦

ચોથી ચોપડીના અર્થ.

પાઠ ૧.

શહેનશાહ=મહારાજાધિરાજ
સંગીન=મજબુત; જોરાવર
પુરાતન=ઘણું જુનું
ચરિત્ર=વૃત્તાંત; હેવાલ
જ્યેષ્ઠ=મોટા
પ્રિન્સ ઓફ વેલ્સ=વેલ્સ પ્રાંતનો રાજપુત્ર
ઇલ્કાબ=ખિતાબ
નિખાલસ=ખુલ્લા મનના
નૌકાશાસ્ત્ર=વહાણુ ચલાવવાની કળા
યોજના=ગોઠવણુ
અત્યંત=ઘણોજ
તાલીમ=કેળવણી
પ્રવાસ=મુસાફરી
પ્રદક્ષિણા=ચોગરદમ ફરી વળવું તે
ચાલુ=કાયમ
પદવી=ઓદ્દો
પ્રવીણ=માહીતગાર
નિર્ણય=ઠરાવ
ક્રમે ક્રમે=એક પછી એક
બાંધો=બંધારણ
નિર્માણ=નક્કી
યુવરાજ=ગાદીનો વારસ
આદરસત્કાર=આવકાર; પરોણાચાકરી
લથડવા=કમજોર થવા
રાજ્યાભિષેક=રાજગાદી પર બેસાડવાની ક્રિયા
પાયતખ્ત=રાજધાનીનું શહેર
આબાદી=ચઢતી

સવાલ—શહેનશાહ જ્યોર્જનો જન્મ કયે દિવસે થયો હતો? પ્રિન્સ ઓફ વેલ્સનો ખિતાબ કોને આપવામાં આવે છે? શહેનશાહ જ્યોર્જના વડીલ બંધુનું નામ શું હતું? શહેનશાહ જ્યોર્જને નૌકાશાસ્ત્રની તાલીમ આપવામાં આવી તેથી એમનામાં કઇ કઇ સારી ટેવ આવી? પ્રિન્સ આલ્બર્ટનો સ્વર્ગવાસ ક્યારે થયો? શહેનશાહ જ્યોર્જનું લગ્ન કોની સાથે થયું હતું? હાલ એમને કેટલા કુંવર અને કુંવરીઓ છે? શહેનશાહ જ્યોર્જ હિંદમાં ક્યારે પધાર્યા હતા? શહેનશાહ એડવર્ડનો સ્વર્ગવાસ કયે દિવસે થયો? શહેનશાહ જ્યોર્જને ઇંગ્લાંડમાં રાજ્યાભિષેક કરવાની ક્રિયા કયે દિવસે થઇ? હિંદુસ્તાનમાં કયે દિવસે થઇ અને ક્યાં થઇ? આપણો ધર્મ શું છે?

સાર—શહેનશાહ પાંચમા જ્યોર્જના અમલમાં આપણા જાનમાલનું રક્ષણ થાય છે, તથા અદલ ન્યાય મળે છે, માટે આપણે શહેનશાહ પાંચમા જ્યોર્જ ઘણાં વર્ષ જીવો એવી પ્રાર્થના કરવી જોઇએ.

પાઠ ૨.

સ્વામિભક્તિ=ધણી પર પ્રેમભાવ; ધણીની સેવા
નાગોર=અજમેર. એ રજપુતસ્તાનમાં છે.
થાણું=કચેરી
ઘેરો ઘાલ્યો=કબજે કર્યું
લડત=લડાઇ; યુદ્ધ
બચાવ=રક્ષણ
સંભવ=આશા; ભરોસો
શરણે ગયો=તાબે થયો
આશ્રય=મદદ
જયપુર=જેપુર
મુકામ=રહેઠાણ
કપટી=દગલબાજ
મુલાકાત=મેળાપ
શરણાગત=આસરે આવેલો
બાજુએ મૂક્યો=વિસારી દીધો
ખાસ=પોતાનો
વિશ્વાસુ=ભરોસાદાર
ગુપ્ત=છાની
ઝપ ઝપી=કાપાકાપી; કતલ
જીવને જોખમ લાગશે=મરી જશે
સોગન=સમ
કુશળતા=સુખાકારી
સમાચાર=ખબર
ઝભ્ભો=ઝુલતો ઢીલો અંગરખો
પ્રસંગ=વખત
ચેત્યો=સમજ્યો
ક્ષેમકુશળ=સુખરૂપ
ખંજર=જમૈયો
પ્રાણ લઇશ=મારી નાખીશ
મ્યાન=કવર
નમ્રતા=નમનતાઇ
મુજરો=સલામ
વિશ્વાસઘાતી=ભરોસો તોડનાર
ઉદાહરણ=દાખલો
નીમકહલાલ=જેનું ખાય તેનું ભલું ચાહનાર
જીત=ફતેહ

સવાલ—વિજયસીંગ ક્યાંનો રાજા? વિજયસીંગને કોણે હરાવ્યો? ત્યાર પછી ક્યાં ગયો? ત્યાં શું થયું? પછી ક્યાં ગયો અને શા માટે? ઇસરીસીંગ ક્યાંનો રાજા? વિજયસીંગના બાપને કોણે મરાવ્યો હતો? રજપુતોનો મુખ્ય ધર્મ શું છે? વિજયસીંગને ઇસરીસીંગ કેદ કરનાર છે એ વાત જવાનસીંગના જાણવામાં ક્યાંથી આવી? વિજયસીંગને કેદ

પકડાતો શી રીતે બચાવ્યો ? ઇસરીસીંગે પોતાના સરદારોને કોનો દાખલો બતાવ્યો ? જીત મેળવવાની આશા ક્યાં રાખી શકાય નહિ ?

સાર—જેનું લૂણ ખાધું હોય તેનું હલાલ કરવું એ માણસની ફરજ છે.

પાઠ ૩.

સૂર્યવંશી=સૂર્ય ઉપરથી નીકળેલા કુળમાં પેદા થએલો
પ્રખ્યાત=નામીચા
લગભગ=આશરે
અવતર્યો=જન્મ્યો
રિવાજ=ધારો; રીત
ભાવ=હેત
એઠક=માદી
ધાસ્તી=બીક; શક
પક્ષપાત=તરફદારી
ધક્કો=નુકસાન; હરકત
ખેદ=દીલગીરી
યુકિત=તદબીર; કળા
પાયમાલ=છેક નાશ થએલો હોય તેવું
ઉદાર=સખી
હૃદય=અંતઃકરણ; મન
પાણી પાણી=નરમ
ઝળઝળીઆં=આંખમાં પાણીનું ભરાઇ આવવું તે
ગોઠવણ=તજવીજ
ભલે=સુખે; નિર્ભયે
આડે=વચ્ચે
પણ=બાધા; નિયમ
ક્ષણે=વેળાએ
જન્મભૂમિ=જે જગામાં જન્મ થયો હોય તે
ખીજમતદાર=સેવક; ચાકર
ઝરો=ધીરે ધીરે પાણી વહે તે; વહેણ
ઘુંટડો=મોંમાં માય એટલું
શૂરવીર=બહાદુર
નીમણુક=ગોઠવણ
કામગીરી=નોકરી
વીત્યા=ગયા
દેહ=શરીર
ઝળહળે=પ્રકાશે
ઉદારપણું=મોટું મન
ટેક=બોલેલું પાળવું તે

સવાલ—રજપુતોમાં કયું કુળ ઉચું ગણાય છે ? માબાપનું કયા છોકરાઓપર હેત વધારે હોય છે ? રાજસીંગને ભીમસીંગ માટે શું વહેમ હતો ? ભીમસીંગે તે વહેમ દૂર કરવા શું કર્યું ? ભીમસીંગે પાણીનું પ્યાલું શા માટે ફેંકી દીધું ? એ છોકરામાંથી કયો છોકરો આપકર્મી ?

સાર—માબાપનું મન ન દુખાવવા માટે, અને તેમને રાજી કરવા માટે તેમની મરજી મુજબ ચાલવું.

પાઠ ૪.

ઉપવાસ;=અપવાસ; ભૂખ્યા રહેવું તે
કોપ=ગુસ્સો; રીસ
ખોળે માથું મૂકીશ=શરણે રહીશ
આશિષ=આશીર્વાદ
વિજોગ=જુદું પડવું તે
માનવું=કબુલ કરવું
સાજેતાજે=સુખરૂપ
રક્ષા=બચાવ; રક્ષણ
મુઝાવું=મનમાં બળવું
વસમાં=ઘણાં કઠણ
આરો=અંત; છેડો
વેઠવો=ખમવો
વિકરાળ=બિહામણું
રાક્ષસો=દૈત્યો
આગ્રહ=હઠ
અવસ્થા=હાલત
વિનંતી=અરજ
ચલણ=સત્તા
ઝૂરીઝૂરીને=મનમાં બળી બળીને
નમન કર્યું=બે હાથ જોડાયા; પગે લાગ્યા
સોંપણ=સપુરત
કંદમૂળ=કંદ ને મુળીઆં
હૈયું ભરાઇ આવ્યું=રડવું આવ્યું
નિશ્ચય=ઠરાવ; નક્કી
વહાણે વાયે=સવાર થતે
ઠર્યું=નક્કી થયું
વનવેશ=વનમાં પહેરવાનો પોશાક
ધારણ કર=પહેર
મૂર્છા ખાઇ=બેભાન થઇ
તિરસ્કાર=ધિક્કાર
અધર્મ=અનીતિ; પાપ
ઋષિ=તપસ્વી
વિદાય કીધા=વળાવ્યા
બેશુદ્ધ=બેભાન
પ્રાણત્યાગ કીધો=મરી ગયા; સ્વર્ગવાસ કર્યો

સવાલ—સીતા કેવી સ્ત્રી ગણાય? રામને વનવાસ કોણે અપાવ્યો? કૈકેયીનો કોણે તિરસ્કાર કીધો અને શા માટે? રામ વનવાસ શા માટે ગયા? સીતાને શા માટે વનમાં આવવા ના પાડી? રામચંદ્રજીનું માતા પ્રત્યે કેવું હેત હોવું જોઇએ? દશરથ રાજાની આજ્ઞા લેવા જવાનો હેતુ શો? વનવેશ એટલે શું?

સાર—(૧) વગર વિચાર્યું કામ કરવાથી પાછળથી પસ્તાવું પડે છે. (૨) માબાપનું વચન પાળવા માટે દુઃખ સહન કરવું.

પાઠ ૫.

દુકાળીઆ=ભૂખથી પિડાતાં માણસ
દુબળા=કમજોર
પેટપુર=જોઇએ તેટલું
સુકાઇ=લેવાઇ
એંજિન=વરાળથી ચાલતો સંચો
કુદરતી=ઈશ્વરે મૂકેલી

કાયમ=ચાલુ
ગરમી માપવાનું યંત્ર =થર્મોમીટર
ધરી=જે દાંડી પર પૈડું ફરે છે તે; આંક; આંસ
નિરંતર=હંમેશાં; નિત્ય
નાડી=નાડ
ઉછળે છે=ધમકે છે
અંગ=ભાગ
સમાર=દુરસ્ત
તર=મલાઇ
સાકર=મીઠો પદાર્થ; ગળી ચીજ
ચરબી=ચામડીની અંદર ઠરેલો ચીકણો પદાર્થ
દુરસ્ત=સાફ
ક્ષાર=ખારો પદાર્થ
શ્રેષ્ઠ=ઉત્તમ
વાની=વસ્તુ
પુષ્ટિ=મજબુતી; બળ

સવાલ—દુકાળીઆનાં શરીર કેવાં હોય છે? દુકાળીઆનાં શરીર એવાં શાથી થાય છે? આપણને ખોરાકની જરૂર શા માટે છે? ખોરાક ન મળે તો અંદરના ભાગમાં શું થાય છે? ગરમી માપવાના યંત્રનું નામ શું? એંજિન ચલાવવાને માટે શેની જરૂર છે? આપણા શરીરના અવયવો બરાબર ચલાવવાને માટે શાની જરૂર છે? નાના છોકરાના શરીરનું વજન વધારે કે મોટાનું? ગરમી કયો પદાર્થ ખાવાથી ઉત્પન્ન થાય છે? ચરબી વધારવા માટે કયા પદાર્થ ખાવાની જરૂર છે? ચરબી વધારનાર પદાર્થ કયા મુલકના લોકો વધારે ખાય છે? કયા પદાર્થ માંસ વધારે છે? ક્ષાર પદાર્થ ખાવાની જરૂર શા માટે છે? લોહી સાફ કરવાને માટે કેવા પદાર્થની જરૂર છે? દૂધ કરતાં પણ વધારે ફાયદાકારક શું છે?

સાર—માણસને હવા ને પાણી સિવાય ખોરાકની પણ જરૂર છે; કારણ કે તે વડેજ અંદરના સંચાને પુષ્ટિ મળે છે.

પાઠ ૬.

થાકીપાકી=કમજોર થઇ
સાસા=નિશ્વાસ
કવાટ=લવારો
દોષ=ઠપકો
મસાલો=તેજાનો
અગરીઆ=મીઠું પકવનાર
અગર=મીઠું પકવવાની જગા
પીલતાં=કપાસમાંથી કપાસીઆ છુટા પાડતાં
કાંતતાં=સુતર બનાવતાં

વણુકર=વણવાનું કામ કરનાર	ગરજ=મતલબ	મટાડે છે
નિર્માણ કરેલું=ઠરાવેલું	ગરજ સારે છે=ખોટ પુરી પાડે છે; તંગી	સમાધાન=ગુંચવણ કે ચિંતાનું મટવું તે

સવાલ—ડોસી શા માટે ભગવાનને દોષ દેતી હતી? તેના મનનું સમાધાન કોણે ને શી રીતે કીધું? **સાર**–(૧) દુનિયામાં દરેક માણસને એક બીજાનો ખપ પડે છે માટે કોઇની સાથે બુરાશ કરવી નહિ. (૨) દુનિયા માંહેલા પદાર્થ એક બીજાની મદદથી બને છે.

પાઠ ૭.		
મુખે=મોઢે	ભૂલીને=વીસરીને	વાંકું બોલી=ઇનકાર કરી; ના કહી
વેર્યાં=નાખ્યાં	વણુતોલ=ઘણોજ	ભાળો=જુઓ
ફૂલ=પુષ્પ	અન્યાય=ગેરઈન્સાફ	ફરિયાદ=ન્યાય મેળવવા માટે અરજ
નસીબે=દૈવયોગે	મટવાને=દૂર થવાને	સદ્ગુણ=સારા ગુણ
નીચા નમી=નીચા વળી	ધીરીને=ઉધાર આપીને	ચિંતા=ફીકર
વીણીશું=એક એક લઇશું	દુઃખીઓ=હેરાન	ચટપટી=અભરામણ
અત્યારે=હમણાં	આબરૂ=ઇજ્જત	અટપટી=ગુંચવણ ભરેલી
ગુસ્સે થઇ=રીસ કરી	પાખી=વગર; વિના	મા'લે=ખુશીથી રહે
વિપત=આપદા; દુઃખ	ધીરેલાં=આપેલા	
	નવ આલે=આપે નહિ	

પાઠ ૭. આજ અને કાલ.

સમજુતી—નસીબે ખુશી થઇને રસ્તામાં ગુલાબનાં ફૂલો નાખ્યાં. તે નીચા વળી કયારે વીણીશું? બાઇ હમણાં, આજ ને આજ વીણી લો. (મતલબ કે ફૂલ થોડા વખતમ કરમાઇ જાય છે તેમજ સારાં કામો કરવાનો વખત પણ જતો રહે છે. માટે ગુલાબનાં ફૂલરૂપી સારાં કામો તરતજ કરવાં) (૧) પણ જો તે કદી ગુસ્સે થઇને બોલશે તો તને ઘણી આપદા પડશે તો પછી અફસોસ ક્યારે કરવો? બાઇ કાલે,

કાલે, કાલે, મતલબ કે સારાં કામ કરતાં દુઃખ આવી પડે તો દીલગીર થઇ છોડી દેવું નહિ. (૨) ઉપકાર ભૂલી જઇને આપણું ખરાબ કર્યું હોય, અને આપણને દુઃખ આપ્યું હોય તો તેને માફ ક્યારે કરીશું? ભાઇ હમણાં, આજ ને આજ. (૩) પણ ગેરઇન્સાફ થતો હોય તો તે દૂર કરવાને, મનમાંથી રીસ ઓછી કરવાને, જો લડવું તો ક્યારે લડવું? ભાઇ કાલે, કાલે, કાલે. (૪) કોઇએ આપણને પૈસા આપીને આપણી લાજ રાખી હોય, તે માણસ પૈસા વગર દુઃખી થતો હોય તો તે પૈસા પાછા ક્યારે આપવા? ભાઇ હમણાંજ આજ ને આજ. (૫) કોઇ માણસ આપણે આપેલા પૈસા પાછા આપે નહિ, ને વાંકું બોલે, અને સામું પણ જુએ નહિ, તેવા માણસ પર કહો કે ક્યારે ફરિયાદી કરવી? ભાઇ કાલે, કાલે, કાલે. (૬) સારા ગુણનાં ઘણાં કામો કરવાં છે, પણ વ્યવહારમાં વખત ન મળે, તો પછી તે ક્યારે કરવાં? ભાઇ હમણાં આજ ને આજ. (૭) ક્રોધ, અપશબ્દો, ફીકર, ગભરામણ, ગુંચવણ ભરેલી પોતાની મેળે મનમાં આવે, તો તે મનમાં જઇને ક્યારે આનંદથી રહે? ભાઇ? કાલે, કાલે, કાલે. (૮)

સાર—સારાં કામ આજેજ કરવાં અને નઠારાં કામ માટે આવતી કાલપર વિચાર રાખવો, મતલબ કે નઠારાં કામ કરવાંજ નહિ.

પાઠ ૮.	કેણી મેર=કઇ તરફ	તપાસ=શોધ
અવલોકન=બારીક તપાસ	જવાહીર=કીમતી રત્નો (હીરા, માણેક, લીલમ, પોખરાજ, મોતી વગેરે)	સાક્ષી=શાહેદ
ખોડું=લંગડું		જાદુગર=ધંતર મંતર કે અજાએબી ભરેલા ખેલ કરનાર; છલબી
લાદ્યું=પીઠપર મૂક્યું		
ધારી ધારીને=તાકી તાકીને	ફકીર=સાંઇ; મુસલમાન સાધુ	સજા=શિક્ષા
પારખ્યું=ઓળખ્યું	ઝાડો=ઝડતી; તપાસ	નવાઇ=અચરતી; અચંબો

જાદુ=ઇલમ
ગમ=બાજુ
કાણું=એક આંખ ફુટેલી હોય એવું
આછું=થોડું
લંગડું=ખોડું
અનુમાન=વિચાર કરીને અટકળ કરવી તે
બમણુતી=ગણગણ અવાજ કરતી
વેરાય=કણ છુટા પડે
શાબાશી=ધન્યવાદ
ફેર=તફાવત
ટેવ=મહાવરો

સવાલ—ફકીરને રસ્તામાં કોણ મળ્યું ? ફકીરને કેવી ટેવ હતી ? ફકીરનું અનુમાન ખરૂં હતું કે ખોટું ? ફકીર ગુનેગાર હતો કે નહિ ? ફકીરે ઊંટ વિષે શી શી હકીકત કહી ? રાજાએ ફકીરને શા માટે છોડી દીધો ? અવલોકન કરવાની ટેવથી શો ફાયદો ?

સાર—દરેક માણસે હરેક વસ્તુ બરોબર જોવાની તથા તે ઉપર વિચાર કરવાની ટેવ પાડવી.

પાઠ ૯.

ભલામણપત્ર=સિફારસનો કાગળ
ઉમેદવાર=આશાવાળો
ખોળ=શોધ; તપાસ
વર્તમાનપત્ર=ચાલતા વખતના સમાચારનું છાપું; ન્યુસપેપર
જાહેર ખબર=છપાવીને ખબર આપવી તે
પસંદગી=પાસ
મહેરબાની=કૃપા; દયા
ભલામણ=સિફારસ; વગ
લાયકી=લાયકાત
લુછી=સાફ કરી
જાજમ=જાડું બિછાનું
વ્યવસ્થા=સારી ગોઠવણ
સ્વચ્છતા=ચોકખાઈ
દીસી=દેખાઈ; જણાઈ
વિચારવંત=સમજુ
સ્થિતિ=હાલત; દશા
વિનય=નમ્રતા
સભ્યતા=સલુકાઈ
રીતભાત=ચાલચલગત
ઓળંગી=વટાવી
ચોકસ=સાવધ; સંભાળ લઈ વર્તનાર
કાળજીવાળો=ખંતીલો
ધક્કો=હડસેલો
પ્રયત્ન=વધારે મહેનત
શાંત=ધીરજવાળો
લક્ષણ=ટેવ; આદત
મરોડદાર=સારા વલણવાળા
રેતદાની=રેતી ભરવાનો [ખડીઓ
સાવધ=હોશિયાર
ખુલ્લું=દેખીતું
તોલ=પરીક્ષા; તુલના
સદ્ગુણ=સારા ગુણ

સવાલ—શેઠીઆને ત્યાં કેટલા ઉમેદવારની અરજી આવી ? તેમાંથી કેટલા પાસ થયા ? શેઠે કેવી રીતે પરીક્ષા કરી તે કહો. અક્ષર કેવા લખવા જોઈએ ? લખાણ કેવું જોઇએ ? જે ઉમેદવાર પાસ થયો, તેમાં કયા કયા ગુણ હતા ? તેની પાસે ભલામણપત્ર હતો કે નહિ ?

સાર-દરેક માણસને નોકરી પર રાખતાં પહેલાં તેના ભલામણપત્ર પર આધાર ન રાખતાં તેને બોલાવી મંગાવી જાતે તેની ખાતરી કરવી.

પાઠ ૧૦.

ગુજરી ગયા=મરી ગયા
સંકટ=દુઃખ; વિટંબણા
ઘરેણાંગાંઠાં=ઘરેણાં વગેરે
વેચીસાટી=વેચી કે બદલો કરી
સાધન=સાહિત્ય
સમયે=વખતે
ઉદ્યમે=ધંધે
જિંદગીપર્યંત=મરતાં સુધી
પર્યંત=સુધી
ભાષણ=બોલવું
ગુમાસ્તો=મહેતો
અદેખાઇ=ઝેર; કીનો
વિરુદ્ધ=સામું; ઉલટું
કસોટી=તોલ; પરીક્ષા
સોદો=માલ; સામાન
ભાવતાલ=કિંમતની પડપુછ
રવારદારગી=છુપી દલાલી
કાઢવી તે.
કંઠી=ડોકમાં પહેરવાનું સોનાનું ઘરેણું
વીસરી=ભૂલી
દળદર=ગરિબાઈ
ફિટાડીએ=મટાડીએ
બોધ=ઉપદેશ
સંતાન=છોકરૂં
મિલ્કત=માલમતા
વારસ=હકદાર

સવાલ—જગમોહન કેવો છોકરો હતો ? તેની સ્થિતિ કેવી હતી ? એવી સ્થિતિ આવવાનું કારણ શું ? જુના ગુમાસ્તાની ચાડીથી શેઠના મનપર શું અસર થઇ ? શેઠે જગમોહનની પરીક્ષા કરવા માટે શું કર્યું ? જગમોહન ઉપર વધારે વિશ્વાસ શાથી બેઠો ? જગમોહનમાં કયો ગુણ હતો ? જગમોહનને તેના ગુણનો બદલો શું મળ્યો ?

પાઠ ૧૧.

સંસાર=દુનિયાનો વહેવાર
દરવેશ=ફરતો ફકીર; એક જગ્યાએ સ્થિર નહિ રહેનાર ફકીર
ત્યાગ કરીને=છોડીને
તાણ=તંગાશ; ખોટ
ફાટી નીકળતો=ફેલાતો
એકાંતવાસ=એકલા

રહેવું તે
સારવાર=બરદાસ
આખર અવસ્થા=મરવાનો વખત
દિલાસો=ધીરજ
નામીચો=પ્રખ્યાત
બદમાસ=હરામખોર
સંખ્યાબંધ=ઘણુંજ
લુટફાટ=માર મારી લુટી લેવું તે

પવિત્ર=શુદ્ધ
દુરાચરણ=ખરાબ ચાલચલગત
ધાર્મિકપણું=ધર્મ પ્રમાણે ચાલવું તે
અમર=અચળ; કાયમ
રસ્તો=ઉપાય; ઇલાજ
અશક્ય=નહિ બની શકે એવું
મુશ્કેલ=કઠણ; અઘરું

ટોચ=શિખર
બોજો=ભાર; વજન
કલ્યાણ=ભલું
લુટ=ખુલ્લી રીતે માર મારીને લઇ લેવું તે
ફરમાન=હુકમ
માથે ચઢાવી=કબુલ કરી
વર્તણુક=ચાલચલગત
અંતે=આખરે

સવાલ—દરવેશની નામના શાથી થઇ? લુટારા પાસે કેટલાં માણસો, ગુલામ તથા દોલત હતી? એ દોલત તેણે શી રીતે મેળવી હતી? દરવેશે ત્રણ પથરા શા માટે ઉંચકવા કહ્યું? લુટારો ખરો સુખી હતો કે નહિ? એ કયારે ખરો સુખી થયો?

સાર—આપણે બીજાના દુ:ખ મટાડવા માટે પ્રયત્ન કરવો.

પાઠ ૧૨.

ખોટા=જુઠા
અજ્ઞાની=સમજણ વગરના
ધારે=માને
ભુત=મરી ગયા પછી કોઇ માણસ પ્રેત રૂપ થાય તે
ઝોડઝપટથી=ભૂતના સપાટામાં આવવાથી
અરસામાં=દરમિઆનમાં
જીવ ભમી આવ્યો=ચકરી આવી
ચપટી ચપટી=જરા જરા
કડક=સખત
કરડી=સખત; આકરી
અંગારા=સળગતા કોયલા
ઉંધો=અવળો

ચોંટી=વળગી
મંદવાડ=રોગ; બિમારી
પ્રયોગ=અમુક સાધન વડે કંઇ કરી બતાવવું તે; અખતરો
ચીસ=બીકથી બુમ [પાડવી તે
સોડે=પીમળે
ફાટી જાય=દૂધ ને ચોખા જુદા પડી જાય

ઉતરી જાય=બેસ્વાદ લાગે કસર=ખામી; મણા	જુક્તિથી=તદબીરથી; યુક્તિથી	ભિનાશવાળી=ભેજવાળી; શરદીવાળી

સવાલ—વહેમી લોકોમાં કઇ કઇ જાતના વહેમ ચાલે છે? વહેમ ટાળવાને માટે કયા કયા પ્રયોગ કરશો? નજર લાગવાનો દાખલો આપો. કુલ્લીનો પ્રયોગ શી રીતે કરશો? નજર બાંધે છે ત્યારે થાળી સાથે વાડકો કયા કારણથી ચોંટી જાય છે? નજર બાંધવાથી રોગ સારો થાય છે કે નહિ? રોગ શાથી સારો થાય છે? પાપડ બગડવાનું, દૂધપાક ફાટી જવાનું, અને અથાણું બગડી જવાનું કારણ શું?

પાઠ ૧૩.	ભોપાળું=પોકળ; જુઠાણું	મંછા=ઇચ્છા
નજરે પડે છે=દેખાય છે	ડાકણ=ખરાબ નજરની સ્ત્રી; ભૂત થએલી સ્ત્રી; ચુડેલ	મંછાભૂત=મનની ઇચ્છા એજ ભૂત
એકાએક=ઓચિંતું; એકદમ	ચાળા=નિશાની	શંકા ડાકણ=વહેમ એજ ડાકણ
મૂઠ=ચોટ	મસાણ = મુડદાં દાટવા બાળવાની જગા	કહેવત=કહેતી
જીવ=જીવાત	ઠુંઠું=ડાળાં પાંદડાંવ ગરનાં ઉભેલા ઝાડનું થડ	વશીકરણ=વશ કરવાની વિદ્યા
સળો=જીવાત; જીવડાં	ધડકે છે=ધબકે છે	શુકન=ધાર્યું થવાના ચિહ્ન
અદાવત=દુશ્મનાઇ; વેર	શોરબકોર=ઘુમાટ	અપશુકન=નઠારા શુકન
ભુવો=ભૂત કાઢનાર	વીગત=વાત	ફોસફરસ=હવા લાગવાથી તરત સળગી ઉઠે એવો પદાર્થ
ઉતાર=ભૂત, પ્રેત વગેરે કાઢવા માથે ઉતારેલું જે ધાન્ય વગેરે ચકલે મૂકવામાં આવે છે તે	વિખ્યાત=પ્રખ્યાત	

સમજુતી—જોરથી પવન આવ્યો તેથી નળીઉ ખસી ગયું. ને સહેજ અવાજ થયો. તે સાંભળીને કુતરૂં ભસવા લાગ્યું, તેથી ત્યાં ઘણાં માણસો એકઠાં થયાં અને ઘણોજ અવાજ થયો. તેમાં કોઇ

માણસ કહે છે કે મેં ચોર નાસતો જોયો; એવી ખોટી વાતને લોકો લંબાવીને પ્રખ્યાત કરે છે. અખો કહે છે કે બાઇઓ વહેમની વાતો એવી હોય છે.

સવાલ—ઝાડને મૂઠ મારેલી ક્યારે કહેવાય? ઝાડ મૂળમાંથી એકાએક શા કારણથી પડી જાય છે? ભુવા લોક મૂઠ ઉતારવાને કયો પ્રયોગ કરે છે? બૈરાંઓ શા કારણથી ધૂણે છે? મસાણ કાંઠે ભડકા કયા કારણથી દેખાય છે? શહેરમાં કે ગામમાં ભડકા શા માટે નથી દેખાતા? તમે વહેમને ખરા માનો છો કે ખોટા? ખોટા માનો છો તો તેનાં કારણ સમજાવો. વશીકરણ એ શું છે? શુકન એ શું છે?

સાર—કોઇપણ જાતનો વહેમ રાખવો નહિ વહેમ રાખવાથી શરીરમાં બેચેની થાય છે, અને તેથી રોગ આવે છે.

પાઠ ૧૪.

તાગ=છેડો; અંત.
અપાર=પાર વગરનું
વાવાઝોડું=પવનનું તોફાન
તૂટી પડશે=નીચે પડશે
ઝાટકા=કડાકા; ગડગડાટ
ચિરાઇ=ફાટી
ભયંકર=બિહામણા
બનાવ=પ્રસંગ
અતિવૃષ્ટિ=ઘણો વરસાદ
કરાં=બોર જેવાં પાણીનાં બંધાયલાં ટીપાં
હિમ=ઘણી ટાઢ
ધરતીકંપ=જમીનનું હાલવું તે
જ્વાળામુખી = બળતો પહાડ
આનંદકારી=ખુશકારક
મંદ મંદ=ધીમો ધીમો
નિરંતર=હંમેશાં
માફક=અનુકૂળ
અદ્ભુત=નવાઇ જેવું
ચમત્કારી=નવાઇ જેવું
દિંગ=તાજુબ
દિંગ થઇ જઇએ છીએ=અક્કલ કશું કરતી નથી
છેવટ=આખર
અનંત=પાર વગરના
ધોડા=મોટી છોળો; મોજાં
મોજાં ઉતરી જાય=ઓટ થાય
છાયા=પડછાયો; ઓળો
સ્વપ્નવશ=સ્વપ્નાં આવે એવી સ્થિતિમાં પડેલા
આત્મા=જીવ
ખોળીઆમાં=શરીરમાં
ભયભીત=બીકથી બીધેલા

સવાલ—આકાશનો છેડો ક્યાં છે? તારા કેટલા છે? તારા આપણી પૃથ્વી કરતાં મોટા છે કે નાના? મોટા છે તો નાના શા કારણથી દેખાય છે? પૃથ્વી મોટી કે આકાશ? વીજળી શું છે? ધરતીકંપ શા કારણથી થાય છે? ભયંકર બનાવો ગણાવો. આપણા શરીરમાં કયા કયા ચમત્કારી બનાવો છે? સ્વપ્નું એ શું છે?

પાઠ ૧૫.

સત્તા=બળ; શક્તિ
વિસાતમાં=ગણતરીમાં
અમલ=હુકમ
ઇંદ્રિયો=જે વડે જ્ઞાન અને કર્મ થાય છે તે. (જ્ઞાનેંદ્રિય પાંચ છે. આંખ, કાન, નાક, જીભ, ચામડી. કર્મેંદ્રિય પાંચ છે. મો, હાથ, પગ, ઉપસ્થ, ગુદા.)
બ્રહ્માંડ=વિશ્વ; બધી દુનિયા જેમાં છે તે ગોળ
સમર્થ=જોરાવર
કાર્યો=કામ
વ્યાપી=ફેલાએલો
સર્વશક્તિમાન=જે બધું કરી શકે તે
સર્વવ્યાપી=બધે ઠેકાણે હોય તે
સર્વજ્ઞ=બધું જાણનાર
આપોઆપ=પોતાની મેળે
અમુક=હરેક; ચોકસ
આધારે=આસરે
હેતુ=મતલબ
નિયમસર=નિયમ પ્રમાણે
ન્યાયી=ઇન્સાફી
દયાળુ=દયાવાળો
આરોગ્ય=તંદુરસ્ત
સોસવું=ખમવું
પાપ=ઇશ્વરની આજ્ઞાથી ઉલટું કરવું તે

સવાલ—પૃથ્વી ઉપરના પદાર્થનો અનુભવ આપણને શાથી થાય છે? ઇંદ્રિયો કેટલી જાતની છે અને તે કઈ કઈ? આ જગતની રચના કોણે ઘડી છે? પરમેશ્વરને મોટો અને જોરાવર શાથી સમજવો. પરમેશ્વર સર્વશક્તિમાન, સર્વવ્યાપી અને સર્વજ્ઞ શાથી કહેવાય છે? જગત જે નિયમો વડે ચાલે છે એ નિયમો કોણે બાંધ્યા છે? જગત ક્યા બે મોટા નિયમોને આધારે ચાલે છે? એ નિયમોનાં નામ કહો. પરમેશ્વર ન્યાયી, માયાળુ, દયાળુ છે તે તમે શાથી કહો છો. પરમેશ્વર ક્યારે નારાજ થાય? પાપ એટલે શું? ઇશ્વરી નિયમો પાળવાથી ફળ શું?

સાર—પરમેશ્વર સર્વવ્યાપી, સર્વશક્તિમાન, સર્વજ્ઞ, સમર્થ, ન્યાયી, માયાળુ ને દયાળુ છે.

પાઠ ૧૬.

ધ્રુવ=ઉત્તાનપાદના પુત્ર
નિસાસો=આશા ભંગ થયેથી જીવને જે અકળામણ થાય છે તે
વિસામે=વિચારે
કેરો=નો
રાજીઓ=રાજા
રાજન=રાજા
નરપતિ=રાજા
સુણો=સાંભળો
પૃથ્વીપતિ=જગપતિ;રાજા
હૈડે=હૈયામાં
ન માય=સેવાય નહિ
ધરો=રાખો
પ્રજા=રૈયત
ઉદર=પેટ
મેહ=વરસાદ
માગ્યા મેહ=જોઇતો વરસાદ
તમદેશ=તમારા મુલકમાં
વેશ=દેખાવ
લીલા=આબાદ
લીલા રાજ=આબાદ રાજ
ભોગવો=ચલાવો
સોય=તે
વચન=બોલ
સધીર=ધીરજવાળાં
નયણે=આંખોએ
નયણે વહે અતિ નીર=આંખમાંથી ઘણાં આંસુ પડે
વદે=બોલે
રૂદે=મનમાં
ટાળો=મટાડો
દયાળ=દયાળુ
સચર્યો=ગયો
મૂઢમતિ=મુર્ખાઈ
પરવરી=ચાલી; નીકળી
અપરાધ=ગુનો
મંદમતિ=ઓછી અક્કલ
દુભવ્યો=નારાજ કીધો
સાધ=સાધુ; સજ્જન
પરહર્યા=તજ્યા
ગૂઢ=ખિચોખિચ; ઘાડું
વિકરાળ=ભયંકર; બીક લાગે એવું
કિરણ=સીધી લીટીમાં પડતો પ્રકાશ
સંચર્યું=ગયું
નીરખું=જોઉં
અજસુત=નારદ; બ્રહ્માનો પુત્ર
ભૂપત ભણી=રાજા પ્રત્યે
કુળ=વંશ
નગર=શહેર
અવાસ=રહેઠાણ
નિશદિન=રાત દહાડો
ચરણે ચાંપી=પગે દાબી
નીરખે=જુએ
તન=શરીર
સફળ હવો=સાર્થક થયો
તારણહાર=તારનાર

પાઠ ૧૬. ઉત્તાનપાદ રાજા ને નારદ ઋષિ.

ધ્રુવજીના પિતાને નિસાસા નાખતા જોઇને નારદ ઋષિ મનમાં વિચાર કરે છે, કે હે રાજા ! તું પોતે દુનિયાનો માલીક છે, તો પછી તમને શું દુઃખ છે ? નારદ ઋષિ કહે છે કે હે ! રાજા, તમે સાંભળો. તમે મોટા રાજા છતાં તમને આટલું બધું શું દુઃખ છે, કે હૈડામાં શ્વાસ પણ માતો નથી !

તમારો દેખાવ આસ્થાથી સેવા કરવા લાયક છે. તમે રૈયતનું પોષણ કરો છો. તમારા દેશમાં જેવો જોઇએ તેવો વરસાદ આવે છે, છતાં આટલું દુઃખ શા વાસ્તે રાખો છો ! (૧) તે આબાદ રાજ ભોગવો. તને તે કાંઇ દુઃખ હોય ! એવાં ધીરજ આપનારાં વચન નારદ ઋષિએ કહ્યાં તોપણ રાજાની આંખમાંથી ઘણાં આંસુ પડે છે. (૨) રાજા કહે છે, કે ઋષિ સાંભળો. મારો છોકરો જંગલમાં ગયો તેથી મારે મન ઘણું દુઃખ થાય છે, માટે તમે દયાળુ તે દુઃખ મટાડો. (૩) મેં બહુ મુર્ખાઇ કરી તેથી બાળક વનમાં જતો રહ્યો. મેં ઓછી બુદ્ધિવાળાએ એ પવિત્રનું મન નારાજ કર્યું, એવો મેં ગુનો કીધો છે. (૪) એ કારણથી મેં નિસાસા નાખ્યા અને મને ચિંતા થાય છે, કે બિચોબિચ બિહામણું જંગલ છે, ત્યાં મારો છોકરો એકલો કેમ રહેશે ? (૫) જેનું મોં ઘણું કોમળ છે, એટલે જે ઘણો નાજુક છે, તે સુરજનો સીધી લીટીનો પ્રકાશ કેમ વેઠશે ? (સુરજનો તાપ શી રીતે વેઠશે ?) મારૂં બધું સુખ ધ્રુવજી સાથે ગયું તેથી હું નિસાસા નાખું છું. (૬) તમે દયાળુ તે દુઃખ મટાડો કે જેથી એક વાર છોકરાને મારી નજરે જોઉં, રાજાનાં એવાં વચન સાંભળીને નારદ ઋષિ રાજા પ્રત્યે બોલ્યા. (૭) તારા વંશમાં ધ્રુવ જન્મ્યો તેથી તારી જિંદગીને ધન્ય છે. જે માતાને પેટે જન્મ્યો તે માતાને પણ ધન્ય છે, રાજા તને ધન્ય છે, કે તારે ત્યાં ધ્રુવ અવતર્યો. (૮) જ્યાં ધ્રુવ

જન્મ્યો છે, તે શહેરને અને તે મહેલને પણ ધન્ય છે. જે માણસને ધ્રુવની સોબત છે, તેને પણ ધન્ય છે. જે ધરતીપર પગ મૂકીને ધ્રુવજી ચાલે છે, ત્યાં તે ધરતીને પણ ધન્ય છે એમ કહીએ. (૯) રાત દહાડો ધ્રુવજીના દર્શન કરે છે, તે પક્ષીને અને જંગલને ધન્ય છે. હે રાજા તારૂં જીવ્યું સાર્થક થયું, કે તારે ત્યાં એકોતેર પેઢી તારનાર જન્મ્યો છે. (૧૦)

પાઠ ૧૭.

આગબોટ=વરાળથીચાલતું મોટું વહાણ; સ્ટીમર
વિલાયત=ઈંગ્લાંડ
ખાસ=જુદી
ખલાસી=વહાણ હાંકનાર
એકદરે=બધું મળીને
બરદરીએ=દરીઆની અધવચે; દરીઆની વચ્ચોવચ્ચ
મુસાફરી=સફર
હંકારવામાં=ચલાવવામાં
સપાટી=ઉપલો ભાગ
ખડક=પાણીમાં ઢંકાઇ રહેલો પત્થર
ગાબડું=મોટું કાણું
કપ્તાન=વહાણ કે આગબોટનો વડો અમલદાર
વીર=બહાદુર
અવકાશ=વખત
ગડગડાટ=ઘુમાટ; શોરબકોર
પડઘમ=એક વાજીંત્ર
તુતક=આગબોટનો આગલો ઉપલો ભાગ
દૃઢ મનથી=પાકા વિચારથી
ખડખડાટ=ખડખાટ
સાહસ=અવિચારી કામ
ડોલ=સઢ ચઢાવવાનો થાંભલો
જળચર=પાણીમાં રહેનાર
પ્રસંગે=વખતે
ફરજ=ધર્મ; કર્તવ્ય
અમર=કાયમ; અચળ
યાદગીરી=નામના
ફરમાન=હુકમ
કીર્તિસ્તંભ=યાદગીરી રહેવાને માટે ઉભો કરેલો સ્તુતરનો થાંભલો

સવાલ—આગબોટ નજીક આવી પહોંચી એટલામાં શું થયું? કપ્તાને અને લશ્કરના અમલદારે શું કર્યું? કેટલાં બચ્યાં? જળચર પ્રાણીનાં નામ દો. ખલાસી અને સિપાઇનું નામ શાથી અમર રહ્યું? એમનું નામ અમર રાખવા માટે કોણે શું કરાવ્યું?

સાર—દરેક માણસે પોતાની ફરજ ખરા અંતઃકરણથી બજાવવી.

પાઠ ૧૮.

ફરતો=ચોગરમ
કોટ=છોથી બાંધેલી ઉંચી જાડી મજબુત દિવાલ
કાબેલ=હોશિયાર
મિસ્તરી=મુખ્ય કડીઓ કે સલાટ
સુલતાન=મુસલમાન રાજા; પાદશાહ
અજાયબ તરેહનો=નવાઇ જેવો
દહાડાને અંતે=સાંજે
ચણતર=ચણવાનું કામ
ભેદ=છુપી વાત; ભરમ
હીકમત=જુગતી; તદબીર; ચતુરાઇ ભરેલો ખેલ
બેડકે=મુકામે
ઇલમ=જાદુ
બેશક=નક્કી; જરૂર
આજીજી=કાલાવાલા
ઝાળી=નાળચાવાળી લોટી
ઇલમી=જાદુગર; મંત્ર જંત્ર જાણનાર.
નિર્ભય=ભય વિનાનું
સ્થાનક=ઠેકાણું; જગા
કબુલત=વચન.

સવાલ—અહમદશાહ કોણ હતો? તેણે કયું શહેર વસાવ્યું? કોટ બંધાતો હતો તે પાછો શા કારણથી ઉખડી જતો હતો? ઉખડી જવાનું કારણ સુલતાનના જાણવામાં આવ્યું ત્યારે તેણે શું કર્યું? માણેકનાથ કોણ? અમદાવાદમાં તેની જગા હાલ કયાં છે?

પાઠ ૧૯.

પ્રમાણિક=વાજબી રીતે ચાલનાર
કંટાળો=તિરસ્કાર; ત્રાસ
નામુંઠામું=લેવડદેવડનો હિસાબ
આડુંઅવળું=ખરૂં ખોટું
વ્યાજવટાવ=વ્યાજ વગેરે
વટાવ=ખોટને બદલે કંઇ પણ રકમ લેવી કે
આપવી તે
દફતર=હિસાબના ચોપડા
ખિન્ન=દુ:ખી; દીલગીર
સદ્‌બુદ્ધિ=સારી બુદ્ધિ
તત્કાળ=તરતજ
ફુલાતો=ખૂશ થતો
ખોળ=શોધ; તપાસ
અબે=એ; અલ્યા
બનીઆ=વાણીઆ
ચલ બે=ચાલ
બતા=દેખાડ
કીધર=કયાં
આનાકાની=હા ના
મિજાજ ગયો=ગુસ્સે થયો
ફેરવી તોળ=વાત ફેરવ
જીસકુ=જેને
દો=મે
પાગળ=મૂર્ખ
કરતો હરતો=કારભારી
સાખ=આબરૂ; વટ

સવાલ—છગનને દુકાનનું કામ જોઇ કંટાળો આવવાનું કારણ શું? દુકાનમાં એક દિવસ શી બીના બની? પટેલનો હિસાબ કેવી રીતે ગણ્યો? થોડી વાર પછી બીજો શું બનાવ બન્યો ને તેનું પરિણામ શું આવ્યું? મીઓ વાણીઆને મૂકીને કેમ જતો રહ્યો? ગુમાસ્તાને શેઠે શા માટે કાઢી મૂક્યો? શેઠની સાખ શાથી વધી? ગુમાસ્તાને ઠગાઇનું શું ફળ મળ્યું?

સાર—(૧) ઠગીને લેવાની દાનત રાખવી નહિ. (૨) મશ્કરી કરવી નહિ. (૩) હમેશાં પ્રમાણિકપણે ચાલવું.

પાઠ ૨૦.

ખરું કામ=વાજબી કામ
છાતી ચલાવનાર=હિંમત કરનાર
કાને=સાંભળવામાં
આર=ભમરડાની નીચે લોઢાની પાતળી સળી હોય છે તે
નકશો=ગામ કે દેશનો ચીતરેલો નમુનો
મશ્કરી=મજાક
નિંદા=કોઈનું ભુંડું બોલવું તે
મોઢું ઉતરી ગએલું=ઝંખવાએલો
કસુર=ગુનો; ચૂક
વંકાવું=મેળ ન રાખવો
શરમ=માન; સહે
હાંસી=મજાક; મશ્કરી
છાપ=અસર
ચાહે=ઇચ્છે
ચાલ=રીતભાત; વર્તણુક
કજીઆ=ટંટો;
દુર્ગુણ=અનીતિ

સવાલ—જયાનંદને જીવણરામ, ચુનીલાલ અને મહેતાજીના છોકરા સાથે અણબનાવ થવાનું કારણ શું? એમાં વાંક કોનો હતો? જયાનંદના વખાણ મહેતાજીએ શા માટે કર્યાં? **સાર**—(૧) વાજબી રીતે ચાલવું. (૨) ખરીવાતમાં કોઇની પણ શરમ રાખવી નહિ.

પાઠ ૨૧.

વિક્રમાજીત=જીતાય નહિ એવો વિક્રમ
અજીત=જીતાય નહિ એવો
મેવાડ=ઉદેપુર;(રજપુતસ્તાનમાં છે.)
છંદ=નઠારી ટેવ
વ્યવસ્થા=ગોઠવણ
પટાવતો=રાજના મુખ્ય સરદારો
ઠાર મારવું=જીવ લેવો
ધાવ=ધવરાવનાર બાઇ
દાવો=હક
રણવાસ=રાણીઓને રહેવાની જગા; જનાનખાનું

યોજવા=કરવા
બાળહત્યા=બાળકને મારી નાખવું તે
નિર્દોષ=બીન ગુનેગાર; અપરાધ વિનાનો
દયાજનક=દયા ઉપજાવે એવા
હૃદય પીગળ્યું=દયા આવી
ઘાતકી=ક્રૂર; નિર્દય
વર્ણન=બ્યાન; હકીકત
કલ્પાંત=ઘણું રડવું કકળવું તે; રડારોળ
રાજભક્ત=વફાદાર પોતાના રાજ કે રાજાનું હંમેશાં રૂડું તાકે ને કરે એવી
કોસ=ગાઉ
હજામ=વાળંદ; રાત
આસરો=મદદ; સહાયતા
ભાળ=ખબર; પત્તો
રક્ષણ=સંભાળ
જીવ્યું=જિંદગી
સાર્થક=સફળ
સર્વસ્વ=સઘળી માલમતા
સપુરત=સોંપણ
ચર્ચાય=ફેલાય; પ્રસરે
પરિણામ=ફળ; છેવટ
હદવાળી=આખર કરી
પન્નુ=પાનું; એક જાતનું રત્ન

સવાલ—વિક્રમાજીતને શા માટે મારી નાખ્યો? ઉદેસીંગ કોનો છોકરો? ઉદેસીંગનો જીવ લેવાનું વનવીરે શા માટે ધાર્યું? ઉદેસીંગનો બચાવ કેવી રીતે થયો? પન્નાએ ઉદેસીંગને કોને સોંપ્યો? શેઠે ઉદેસીંગને રાખવાનું કારણ શું? **સાર**—આપણી ફરજ ખરા અંતઃકરણપૂર્વક બજાવવી અને તે બજાવવામાં પાછી પાની કરવી નહિ.

પાઠ ૨૨.

ઇલાકો=ઘણા જિલ્લા, એજન્સિ અને સંસ્થાન મળીને થએલો ગવર્નરના તાબાનો ભાગ
સૈકો=સો વરસનો કાળ
સુકાની=સુકાન ફેરવનાર
ગફલત=બેપરવા
ખડક=પાણીમાં ઢંકાએલો પત્થર
નિશ્ચે=નક્કી; નિરધાર
બચવાના=ઉગારવાના
ઇરાદો=મનસુબો
નીમ્યો=નીમણુંક
યુક્તિ=તદબીર; કળા; હિકમત
સંખ્યા=ગણતરી
માન્ય રાખી=કબુલ કરી
મોતને શરણે ગયા=મરી ગયા
આજીજી=કાલાવાલા
રાહ=વાટ; વાર
શિર=માથું
એકલદોકલ=એકલો
ચિંતા=ફીકર; ધાસ્તી
છાતી ભરાઇ આવી=રડવું આવ્યું

ઉત્તર=જવાબ
કબુલ કર્યું=માન્યું
સંસાર માંડયો નથી=બૈરી પરણ્યો નથી
કોડ=હોંસ; ઉમંગ
નિયમ=ઠરાવ
બાઝી=વળગી
આગ્રહ=હઠ; કાલાવાલા
છક=દિંગ; ચકિત
હડસેલી મૂકયો=ધકકો મારી ફેંકી દીધો
બંધુ=ભાઇ
ધર્મ=ફરજ
બંધુધર્મ=ભાઇ તરીકેની ફરજ
સહીસલામત=સુખરૂપ
યોજના=ગોઠવણ

સવાલ—ગોવા કયાં છે ? ગોવામાં હાલ કોનું રાજ્ય છે ? પોર્ટુગીઝ લોકો કયાંના રહેવાસી ? વહાણ શાથી ખડક સાથે અથડાયું ? ખોરાક વધારે દિવસ ચલાવવા માટે નવા કપ્તાને શું યોજના કરી ? ચોથી ચિઠ્ઠીમાં કોનું નામ નીકળ્યું ? તે પાણીમાં પડયો કે નહિ ? નહિ પડવાનું કારણ શું ? એના ભાઇને પડવાની રજા શા માટે આપી ? તે મરી ગયો કે નહિ ?

સાર—ભાઇઓએ એક બીજા પર હેત રાખવું જોઇએ.

પાઠ ૨૩.

ચિત્રશાળા=ચિત્રકામ શીખવાની નિશાળ
ચિત્ર=છબી
ઉપરના=ઉપલા
ચિત્રકળા=ચિત્રકામ
શ્રેષ્ઠ=ઉત્તમ; સૌથી સરસ
તોલે=બરોબરીમાં
અદેખો=બીજાનું સારું જોઇ બળે એવો
સમાન=બરોબર; જેવો
કીર્તિ=આબરૂ; માન
કલંક=એબ; બટ્ટો; ડાઘ
અનેક=એકથી વધારે; ઘણા
ગપો=જુઠી વાતો
દિન પર દિન=દરરોજ
હરિફાઇ=બરોબરી
નકલ=ઉતારો; કોપી
અભિએલ=મનમાં બળ્યા કરે એવો
વખોડવું=ખોડ કાઢવી
વડાઇ=મોટાઇ; માન
જન્માષ્ટમી=શ્રાવણ વદ આઠમ; ગોકળ આઠમ; કૃષ્ણનો જન્મ દિવસ
અદેખાઇ=ઇર્ષા; વેર
પંચ=કોઇપણ વાતનો નિવેડો કરવાને પાંચ અથવા વધારે શખ્સની મંડળી; લવાદ
કળા=હુન્નર; કસબ
કલ્પ્યો=કલ્પના કીધી; ધાર્યો
ટાપુ=બેટ
બાળા=છોકરી

સાંખી=ખમી; સહન કરી
શોભા=ખુબસુરતી
શાંત થયું=નિરાંત વળી
દશા=હાલ; વલે
રૂબરૂ=હજુર
પીછી=ચીતરવાની કલમ
છુપી=છાની; ગુપ્ત
પીછી છુપી ન રહે= કામ જણાઇ આવે
ઠરાવ=નિશ્ચય
ચિત્રકાર=ચિતારો
બેદરકારી=બેપરવા
ઉત્તેજન=પુષ્ટિ; મદદ
ઉત્તેજન દાખલ=ઉત્તેજન માટે
અભિપ્રાય=વિચાર; મત
નિરાશા=નાઉમેદ
વીલે મોઢે=ફિક્કે ચહેરે; ઝંખવાણો પડીને
અદેખાઇનું મોં બાળો= અદેખાઇ ન કરો.

સવાલ—ચિત્રશાળામાં શું શીખવાય છે? ઉપલા વર્ગમાં કેટલા વિદ્યાર્થી હતા? ચિત્રકળામાં કોણ હોશિયાર હતું? એની હોશિયારી જોઇ કોણ અદેખાઇ કરતું અને કોણ તેની બરોબરી કરવા પ્રયત્ન કરતું? ત્રિભુવનની આબરૂને કલંક લગાડવાને માટે કોણે શું યોજના કીધી? પ્રાણજીવનનો સ્વભાવ કેવો હતો? ચિત્રશાળામાં શી જાહેર ખબર ચોઢેલી હતી? દરેકે ઇનામ મેળવવા માટે કેવી તરેહનાં ચિત્ર કાઢયાં? કોનું ચિત્ર સૌથી સારૂં હતું? ઇનામ કોને મળ્યું? એ ઇનામના રૂપીઆ કોને આપવામાં આવ્યા અને શા માટે? પ્રાણજીવનને નિશાળમાંથી શા માટે કાઢી મૂકયો?

સાર—જે પોતાનું ભલું ચાહતા હોય તેમણે હંમેશાં હરિફાઈ કરવી પણ અદેખાઇ કરવી નહિ.

પાઠ ૨૪.

સુવાકય=સારૂં વચન; સારી વાણી
સ્નેહ=હેત; પ્રીતિ
સદૈવ=હંમેશાં; નિત્ય
વાધે=વધે; થાય
કુવાકય=નઠારૂં વચન; નઠારી વાણી
લાધે=મળે; થાય
વિવેક=સલુકાઇ; ડહાપણ; સારા નરસાનો વિચાર
આણી=લાવી
યાર=મિત્ર; ભાઇ
ઉચાર=બોલ
વિશ્વ=દુનિયા; જગત
વખાણે=તારીફ કરે; સ્તુતિ કરે, માન આપે.

કીર્તિ=આબરૂ
જનો=માણુસો
પડે=હલકે દરજ્જે ઉતરે; ગરિબાઈમાં આવે; પડતી થાય
ચડે=મોટે દરજ્જે આવે; સુખી થાય; ચડતી થાય
વડે=થી; થકી
પ્રજા=લોક; રૈયત
પાળે=પોષે
ઘૂડ=ઘુવડ
ઉચ્ચારનું=બોલનું
ભલી=સારી
ભલાઈ=ભલમનસાઈ
બુરાઈ=નઠારાપણું; વેર; દુશ્મનાવટ

અમૂલ્ય=કીમતી; જેની કિંમત ન થઇ શકે તે
મૂલ=કિંમત
લગાર=થોડી
પળી=ચાંગળું
રે=અરે
માનવી=માણસ
વેણુ=શબ્દ; બોલ
વેણુ મૂક્યું=શબ્દ બોલ્યો
ગળાય=ગળી જવાય
થૂક્યું=થૂકેલું
વિમાસશો=પસ્તાશો; દીલગીર થશો
હાણી=નુકસાન; ખરાબી; પાયમાલી; હાનિ
છરા=બંદુકમાં ભરવાની ગોળી

છેદ=ઘા; જખમ
સૂઝે=માલમ પડે
રૂઝે=મટે; સારો થાય; નવી ચામડી આવે
કોઠી=મોટી બરણી
મટે=સારી થાય
તોપ તણો=તોપનો
ભડાકો=અવાજો
હવા વિષે=હવામાં
હડાકો=સપાટાબંધ
તાણી=ખેંચી
વદો=બોલો
વણસે=બગડે
ભાર તોલ=માન; આબરૂ; વકકર

પાઠ ૨૪ વિચારીને બોલવા વિષે

સમજુતી–સારૂં વાકય બોલવાથી હંમેશાં પ્રીતિ વધે છે: નઠારૂં વાકય બોલવાથી હંમેશાં કજીઓ થાય છે; માટે હે ! ભાઇ મનમાં જરા સબુકાઇ લાવીને જે બોલ બોલો તે વિચારીને બોલો. (૧) સારૂં વાકય બોલવાથી આખી દુનિયા તારીફ કરે, પણ નઠારૂં વાકય બોલવાથી માણુસો આપણી આબરૂ જાણે નહિ. પ્રાણીની પડતી અને ચઢતી જીભથીજ (બોલવાથીજ) થાય છે. માટે હે ! ભાઇ જે બોલ બોલો તે વિચારી બોલો. (૨) જુઓ, લોકો પોતાને ઘેર પોપટ પાળે છે, પણ ઘુવડ

પક્ષી પોતાના માળામાં પણ નચિંતે સુઇ શકતું નથી; એજ બોલનું કારણ જાણ. માટે૦ (૩) સારી જીભથી (સારૂં બોલીને) બાઇ ભલમનસાઈ મેળવ. નઠારી જીભથી (નઠારૂં બોલવાથી) લોકો નઠારૂં બોલે છે. પછી તે ગરીબ હોય કે રાજાનો છોકરો હોય, કે રાણી હોય તોપણ લોકો નઠારૂં બોલે છે. માટે૦ (૪) સારૂં વાક્ય બોલવાથી દૂધ, દહીં અને ઘી આપશે, અને જેની કિંમત ઘણી હશે તેની થોડી કિંમત લેશે, પણ નઠારૂં વાક્ય બોલવાથી કોઈ ચાંગળું પાણી પણ નહિ પાય; માટે૦ (૫) અરે માણસ તું મોઢેથી જે શબ્દ બોલ્યો તે જેમ તેં થુંકેલું થુંક ફરીથી ગળાતું નથી, તેમ તે બોલેલો બોલ પાછો ખેંચી લેવાતો નથી, જો એવી વાણી હશે તો પસ્તાશો અને નુકસાન થશે. માટે૦ (૬) છરાના ઘાનો ઉપાય માલમ પડે, પણ નઠારા વાક્યનો ઘા કદી રૂઝાતો નથી. (તે બોલ મનમાંથી જતો નથી) જેમ કાચની કોઠી ફાણી હોય તે જેમ આખી થતી નથી તેમ. માટે૦ (૭) સારો કે નઠારો તોપનો અવાજ હવામાં સપાટાબંધ ચાલ્યો જતો હોય. તો તમે કહો કે તેને કેમ ખેંચી શકાય! મતલબ કે ખેંચી શકાય નહિ. તેમ બોલેલો બોલ પાછો ખેંચી શકાતો નથી. માટે૦ (૮) વિચારીને શબ્દ બોલો તો કામ કદી પણ બગડે નહિ. દલપતરામ કવિ કહે છે, કે જે સારા માણસો છે, તેજ ભાર વકકર રાખે છે. મતલબ કે વિચારીને બોલે છે,

પાઠ ૨૫.	પ્રમાણ=માપ	મુશ્કેલ=અઘરૂં.
પરિણામ=છેવટ; ફળ	તદ્દન=બીલકુલ	સુસ્તી=બેચેની; આળસ
કેફી=ઘેન ચઢે એવો; માદક	અશક્ત=શક્તિ વગરનું; કમજોર	રસ્તો=ઉપાય; ઈલાજ
		વપરાશ=વાપર; ઉપયોગ
અસર=ફળ; પરિણામ	વ્યસની=ટેવવાળો	કસુંબો=અફીણનું પાણી

રિવાજ=ધારો
જ્ઞાતિ=જાત
પ્રસંગોએ=વખતે
જુસ્સો=જોમ; જોર
હૃદય=છાતીની ટાંકી
જ્ઞાનતંતુ=મગજને ખબર પહોંચાડનારા તાંતણા
આંતરડું=પેટના ડાબા છેડાથી તે ગાંડની કુલ્લી લગીની નળી
ઉત્તમ=સૌથી સરસ; શ્રેષ્ઠ
અંશ=ભાગ
પાસ=અગર
અકાળ=કવખતે
સેવન=કામમાં લેવું તે
સંભાળ=બરદાસ
છૂટથી=મરજી મુજબ
ખલેલ=હરકત; અડચણ
તંદુરસ્તી=સુખાકારી
બંધી=મના; મનાઈ
ચોકી=પહેરો; તપાસ
ઇજારો=પરવાનો; પરવાનગી; કંટ્રાક્ટ
ઇજારદાર=ઇજારો રાખનાર; કંટ્રાકટર
બદી=દુરાચરણ; ખરાબ ટેવ

સવાલ—અફીણ એ કેવો પદાર્થ છે? અફીણ ખાવાથી શું શું નુકસાન થાય છે? અસલના વખતમાં અફીણ ખાવાની ટેવ કેવી રીતે પડતી હતી? ઘરડા માણસો શું સમજીને અફીણ ખાય છે? બાળાગોળી આપવાથી શું નુકસાન? કયા વર્ગની સ્ત્રીઓ અફીણનો ઉપયોગ કરે છે? સ્ત્રીઓ બાળકને શા માટે અફીણ ખવડાવે છે? અફીણથી થતું નુકસાન અટકાવવા માટે સરકારે કયા કયા ઉપાયો લીધા છે? **સાર**—અફીણ ખાવાની ટેવ પાડવી નહિ.

પાઠ ૨૬.

સંન્યાસી=બ્રાહ્મણ સાધુ થએલો હોય તે
પ્રવાસે=મુસાફરીએ
સંધ્યાકાળ=સાંજ
નગર=શહેર
સરકારવાડો=રાજ કુટુંબને રહેવાની જગા
વ્યાઘ્ર=વાઘ
ચર્મ=ચામડું
વ્યાઘ્રચર્મ=વાઘનું ચામડું
આરામ=વિસામો
રાજવાડો=રાજ કુટુંબને રહેવાની જગા
જ્ઞાન=સમજ; અક્કલ
માર્ગે=રસ્તે
બોચી=ગરદન
એકાએક=ઓચિંતો; એકદમ
ગરબડાટ=શોરબકોર
સ્વામીજી=મુરબ્બીજી
મુકામ=વાસ
પરંતુ=તોપણ
ઇશ્વરકૃપાથી=પરમેશ્વરની

મહેરબાનીથી
સવાલ જવાબ=વાદવિવાદ
સંબંધ=બાબત; વિષે
અત્રે=અહીંઆ
સ્થિર=કાયમ; અચળ
ભેદ=તફાવત; ફેર; ફરક
આસન=પાથરણું
રાતવાસો=રાત ગાળવી તે

સવાલ—સંન્યાસીએ ક્યાં મુકામ કર્યો? સરકારવાડાને શું સમજી મુકામ કીધો? સંન્યાસી રાજવાડાને ધર્મશાળા શા કારણથી કહેતો હતો?

સાર—આ દુનિયામાં આપણે મુસાફર જેવા છીએ.

પાઠ ૨૭.

નગરચર્ચા=નગરના લોકોમાં ચાલતી વાત
વેશ=પોશાક
અચ્છે હો=સારા છો
અબે=એ
તેરા ચલે=તારું ચાલે
માર ડાલીઓ=મારી નાખજે
પાદરી=ખ્રિસ્તી ધર્મનો બોધ કરનાર
ઉપદેશ=બોધ; શિખામણ
ભાષણ=વ્યાખ્યાન
પુરાણી=ઇશ્વર સંબંધી વાત વાંચનાર
કથા=ઇશ્વર સંબંધી વારતા
ફુલાયો=મગરૂર થયો
વાણી=બોલવું
રસ=લહેજત; સ્વાદ
શ્રોતા=કથા સાંભળનારા લોકો
આંસુ ધારા વહે છે=રડે છે
ભાવિક=શ્રદ્ધાળુ; આસ્થાવાળાં
કોમળ=નાજુક
ફીકા પડી ગયા=ઝાંખા પડયા; મોં ઉતરી ગયું; ઉદાસ થયા
વતન=જાગીર
હક=માલકી; દાવો
દસ્તાવેજ=ખત; લખત
જાગીર=ઇનામમાં મળેલી જમીન
જપત=કબજ
બંદેનવાજ=ગુલામ પર મહેરબાની કરનાર
તાંબાપતરા=તામ્રપત્ર
પ્રસન્ન=ખુશ
કાયમ કરી આપ્યું=બહાલ રાખ્યું; મંજુર કીધું; કબુલ રાખ્યું.

સવાલ—અકબર બાદશાહે નગરચર્ચામાં શું શું જોયું? રાજાએ નગરચર્ચા શા માટે જોવી જોઇએ? પુરાણી શાથી ફુલાયો? પાછળથી પુરાણી ફીકો કેમ પડયો? રાજાએ દેશાઇની જાગીર શા માટે કબુલ રાખી?

સાર—રાજાઓએ-અમલદારોએ વેશ બદલી નગરચર્ચા જોવી જોઇએ.

પાઠ ૨૮.

દુઃખ=આપદા; સંકટ
આણીએ=લાવીએ
ઘટ=શરીરરૂપી ઘડો
ઘડીઆ=બનાવ્યાં
ટાળ્યાં=મટાડયાં
નવ ટળે=મટે નહિ
રઘુનાથજી=પરમેશ્વર
જડીયાં=વળગાડયાં
ભમ્યાં=ભટકયાં; રખડયાં
ભોગવ્યાં=ખુમાવ્યાં; ગાળ્યાં
નિદ્રા=ઊંઘ
સતી=સદ્‌ગુણી સ્ત્રી
સ્વામી=ધણી
હરી ગયો=છાની રીતે લઇ ગયો.
મસ્તક=માથાં
છેદાઇ=કપાઇ
લુટાણી=લુટાઇ
સતવાદીઓ=સાચું બોલનારા
નીચ=હલકા
હરિને=પરમેશ્વરને
ભજો=ભજન કરો
સાંય=મદદ
અર્થ=કામ
સરશે=થશે
ભીડ=સંકટ; આપદા
સમર્યા=સંભાર્યા
અંતરજામી=મનની વાત જાણનાર; પરમેશ્વર
ભાવટ=દુઃખ; જંજાળ; આપદા
ભૂધરે=પૃથ્વી ધારણ કરનારે; પરમેશ્વરે

પાઠ ૨૭. સુખદુઃખ મનમાં નહિ લાવવા વિષે.

સમજુતી—સુખ અને દુઃખ મનમાં લાવવાં નહિ, કારણકે તે શરીરની સાથે વળગેલાં છે, એ કોઇનું મટાડેલું મટતું નથી, કારણ કે ઇશ્વરે વળગાડેલું છે. માટે સુખ અને દુઃખને મનમાં લાવવાં નહિ. (૧) નળરાજા જેવો મરદ નથી, ને દમયંતી જેવી સતી સ્ત્રી નથી, કે જેઓ અર્ધે વસ્ત્રે જયાં અનાજ ને પાણી મળે નહિ એવા જંગલમાં રખડયાં, માટે૦ (૨) પાંચ પાંડવ જેવા ભાઇઓ કે જેને દ્રૌપદી સ્ત્રી હતી તેમણે પણ બાર વરસ વનવાસ વેઠયો, અને કોઇ દિવસ સુખે ઊંઘ્યા નહિ, માટે૦ (૩) સીતા જેવી સતી સ્ત્રી નહિ કે જેના રામજી ધણી હતા તે સતીને રાવણ લઇ ગયો, તેથી સતી ઘણું દુઃખ પામી, માટે૦ (૪) રાવણ જેવો રાજા જેને મંદોદરી સ્ત્રી હતી; તે રાવણના દશ માથાં કપાઇ ગયાં ને બધી લંકા લુટાઇ ગઇ, માટે૦ (૫) હરિશ્ચંદ્ર

રાજા સત્યવાદી હતો અને તેને તારાલોચની રાણી હતી. તેણે હલકા માણસને ત્યાં પાણી ભર્યું (મતલબ કે મજુરી કરી) એવાં તેને ઘણાં દુઃખ પડયાં, માટે૦ (૬) જુઓ ઇશ્વરે આગળ ઘણી મદદ કરી હતી, તેથી જણાય છે કે આપણું કામ પણ થશે, એવું સમજીને ઇશ્વરનું ભજન કરો, તે મદદ કરશેજ; માટે૦ (૭) દરેકને જ્યારે આપદા પડી ત્યારે તેમણે ઇશ્વરને યાદ કીધા ત્યારે નરસિંહ મહેતાના ધણીએ ઇશ્વરે (શ્રીકૃષ્ણે) તેઓની આપદા ટાળી હતી. માટે૦ (૮)

પાઠ ૨૯.

જિંદગી સુધી=મરતાંસુધી
સોદો=માલ
ભટકતો=રખડતો
ભાવ=કિંમત; મૂલ
રકઝક=તકરાર
મજલ=મુસાફરી
હેરાન=દુઃખી
ઘણે રસ્તે=ઘણે ઠેકાણે
બંદર=નદી કે દરીઆ કિનારે આવેલું શહેર કે જ્યાંથી ઘણો માલ વહાણ વાટે આવજા થતો હોય તે
રાન=જંગલ
પડપુછ=તપાસ
મફત=વગર પૈસે
ટંગાઇ=લટકાઇ

પાઠ ૩૦.

સોદાગર=વેપારી
લાગલુંજ=તરતજ
તાલ=દાવ; લાગ
ઝિલાતો=ખમાતો;વેઠાતો
ગરાસીઓ=ઇનામી જમીનવાળો રજપુત
કરગરીને=કાલાવાલા કરીને; આજીજી કરીને
પછડાયા=અફળાયા
અતિશય=ઘણોજ
લોભે લક્ષણ જાય=લોભ કરવાથી સારા ગુણ નાશ પામે
સરિતા=નદી
નીર=પાણી
સિંધુ=દરીઓ
સમાય=સમાવેશ થાય
પૂર્ણ=પુરૂં
નવ=નહિ
તૃપ્તિ=સંતોષ
તણી=ની; છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય
આશ=આશા
અંતરમાં=મનમાં
જામે=ફેલાય; થાય
જગદીશે=જગતના ધણીએ; પરમેશ્વરે
કરુણા=મહેરબાની; મહેર
ઘટતું=લાયક
છતું=સીલકમાંનું
પાસનું=પાસેનું
ખોય છે=ગુમાવે છે

સમજુતી—ઘણી નદીઓનું પાણી દરીઆમાં સમાઇ જાય છે; તોપણ સમુદ્રનું પેટ ભરાતું નથી. તેમ લોભી માણસને પૈસા મળે છે તોપણ તે સંતોષ પામતો નથી; તેને પાંચ રૂપીઆ મળે છે, તો તે દસ મળવાની આશા રાખે છે. જેને જે લાયક હોય તેને તે પરમેશ્વરે મહેરબાની કરીને આપેલું હોય છે, તે છતાં પણ લોભી માણસ લોભમાં ને લોભમાં પોતાની પાસે સીલકમાં હોય છે તે પણ ગુમાવે છે.

સવાલ—લોભીઆને કોણ ઓળખતુ હતું? લોભીઆએ બીજે ગામથી માલ લાવવાનો ઠરાવ શા માટે કર્યો? નાળિએર માટે ક્યાં ક્યાં ગયો અને શું શું જવાબ મળ્યા? લોભીઓ શાથી મરી ગયો?

સાર—અતિ લોભ એ પાપનું મૂળ છે.

પાઠ ૩૧.

પ્રતાપરાણો=મેવાડનો રાજા

અસલ=જુની

રાજધાની=પાટનગર

તળેટી=પહાડના મૂળ આગળની જગા

શૂરો=શૂરવીર; બહાદુર

શરણે=તાબે

ખેદ=દીલગીરી; અફસોસ

કુળ=વંશ; ઓલાદ

કન્યા=કુંવારી છોકરી

પણ=બાધા; નિયમ

પુરતાં=જોઇએ તેટલાં

સાધન=સાહિત્ય

આરંભી=શરૂ કરી

પરાક્રમ=બહાદુરી

સેના=લશ્કર; ફોજ

તજવીજ=તપાસ

છુપે છુપે=છાને છાને

તૂટી પડતો=એકદમ હલ્લો કરતો

ખૂટતાં=ઓછાં થતાં

ગુફા=બખોલ

ધાસ્તી=ફીકર; બીક

ટળવળતા=ટળવળાટ કરતા

ભાણું=જમવા માટે પીરસેલી થાળી

ધીરજ=સબુરી; શાંતિ

દુઃખની અંદર=દુઃખને વખતે; દુઃખમાં

જાસુસ=છુપી તપાસ રાખનાર; બાતમીદાર

ઠાઠ=ભપકો

જાળવી=બાચવી

દરજ્જા=ઓદ્ધા

લહાણું=કંઇ વહેંચવું તે

ધન્ય=શાબાશ

ગ્રંથકાર=પુસ્તક બનાવનાર

દોલત=પુંજી

ખાનદાન=ઉંચું કુળ	ખાતરી=ભરોસો	દેહ મૂકયો=મરી ગયો
તંગી=તંગાસ; ખોટ	સોગન=કસમ [ત્યાર.	દેશદાઝ=દેશ લાગણી;
નિભાવ=ટકાવ	સ્વતંત્ર=છુટો;આપ અખ-	સ્વદેશાભિમાન

સવાલ—ઈ. સ. ૧૫૬૮ અને ૧૫૭૬માં શી બીના બની? ઉદેસીંગ ક્યાં રહેતો હતો? પ્રતાપે શું પણ લીધુ? ઉદેપુર કોણે વસાવ્યું? પ્રતાપ બીજે દેશ જવાનો શા માટે વિચાર કરતો હતો? પ્રતાપને કોણે મદદ કરી અને શા માટે? પ્રતાપને મદદ મળ્યા પછી તેણે શું કર્યું? મરતી વખતે પ્રતાપનો જીવ કેમ અકળાતો હતો? પ્રતાપને ક્યારે સંતોષ થયો? ભામશાને શા માટે શાબાશી ઘટે છે?

સાર—(૧) પોતાના કુળની આબરૂ સાચવવા માટે ગમે તેટલું દુઃખ પડે તોપણ તે સહન કરવું (૨) સ્વદેશાભિમાન રાખવું.

પાઠ ૩૨.	મુદત=વખત	કોશીશ=યત્ન; મહેનત
નિયમસર=નિયમ પ્રમાણે	કાળજી=ખંત; ચેટક	વહેવાર=કામકાજ
વખતસર=વખત પ્રમાણે	ભંગ થાય=તૂટે	કતરાજી=ગુસ્સો; કરડી
ચઢતી=આબાદી	ગેરહાજર=હાજર નહિ તે	નજર
આધાર=આશરો	બહાના=ઓઠા	અમૂલ્ય=ઘણોજ કીમતી
ગોટાળો=ગરબડ	મુશ્કેલી=અડચણ	વર્તવાની=ચાલવાની
પ્રયત્ન=ઘણી મહેનત	અણગમતી=નાપસંદ	અગત્ય=જરૂર
આરંભવું=શરૂ કરવું	બાબતો=વિષયો	કેળવણી લીધાથી=વિદ્યા
ખલેલ=હરકત; અડચણ	કીમતી=અમૂલ્ય	ભણવાથી
ઠરાવેલા=નક્કી કરેલા	નિયમિતપણે=મુકરર	સસ્તાં=સોંઘાં
અમુક=ચોક્કસ	કરેલા નિયમ પ્રમાણે	અસુર=મોડા
નડતર=અડચણ	આરામ=વિસામો	રાહ=વાટ

સવાલ—પોષણનો તથા ચઢતીનો આધાર શાના ઉપર છે? કામ કરવાની કેટલી રીત છે અને તે કઇ કઇ? પહેલી રીતથી શું નુકસાન થાય? બીજું કામ કયારે શરૂ કરવું? વાયદા પ્રમાણે કામ પુરૂં કરવા માટે આપણે શું કરવું? નિયમ પ્રમાણે કામ કરવાથી શો ફાયદો? નિયમ પ્રમાણે કામ કરવામાં શું કીમતી ગણવું જોઇએ? આપણે નિશાળે મોડા જઇએ તેથી આપણા સિવાય બીજાને નુકસાન થાય ખરૂં? અને થાય તો તે શી રીતે? નાનપણમાં મોડું કરવાની ટેવ પડે તો મોટપણમાં શો ગેરલાભ થાય? નિયમ પ્રમાણે વર્તવાની જરૂર શાથી જાણવામાં આવી? શરમ ભરેલું કયારે કહેવાય?

સાર—નિયમસર અને વખતસર કામ કરવાની ટેવ પાડવી.

પાઠ ૩૩.

માજી=જુનાં; પહેલાંના
સ્વર્ગવાસ થયો=ગુજરી ગયા
સંતાન=છોકરાં
હયાત=જીવતાં
મમતી=પોતાની મરજી પ્રમાણે ચાલનાર
પાઠશાળા=ઉંચું જ્ઞાન આપનારી શાળા
પંડે=પોતે
તરુણ=જુવાન
દાઝ=લાગણી; દયા
પરીક્ષા=તોલ, કસોટી
નૌકાશાસ્ત્ર=વહાણ ચલાવવાની કળા
સફર=મુસાફરી
રક્ષણ=રક્ષણ કરનાર
મરાદની=પુરુષને શોભે તેવી
અટકાવ=બાધ; હરકત
છુટ=રજા; પરવાનગી
પંથ=ધર્મનો માર્ગ
દેવલોક પામ્યા=ગુજરી ગયા
પ્રાર્થના=માગણી [પંથ
સંપ્રદાય=ધર્મનો માર્ગ;
પ્રસિદ્ધ=જાણીતા
સલાહકારક=સલાહ આપનાર

સવાલ—હિંદના માજી શહેનશાહનું નામ શું? એમનો જન્મ તથા સ્વર્ગવાસ કયારે થયો? રાજમાતા અલેકઝાંડ્રાને ઓળખાવો. શહેનશાહ એડવર્ડના હાલમાં કેટલા કુંવર તથા કુંવરીઓ હયાત છે? માજી શહેનશાહમાં કઈ કઈ ઉંચી શકિતઓ હતી? લશ્કરી સિપાઇના

શા ધર્મ છે એ બાજી શહેનશાહ શાથી જાણતા હતા ? મહારાજા એડવર્ડ શા તરીકે જગજાહેર છે ? મહારાણી વિક્ટોરિઆ શા તરીકે પ્રસિદ્ધ છે ?

સાર—આપણી પાસે ઘણી દોલત તથા જાગીરો હોય તોપણ મોજમઝા ને આળસમાં વખત ગુમાવો નહિ.

પાઠ ૩૪.

ઠોંગણો=ચટકો
વરવો=બેડોળ; કદરૂપો
દોષ=ગુનો; વાંક; ખામી
શેખી=પતરાજી
ખોડ=ખાંપણ; ખામી
આતુર=હોંસીલો
શિષ્યો=વિદ્યાર્થીઓ
પ્રશ્ન=સવાલ
કાયર=હેરાન
મુર્ખાઈ=બેવકુફાઈ
હાંસી=મજાક
અન્યાય=ગેરઈન્સાફ
લંગડો=પગે ખોડવાળો
બાડો=જેની આંખની કીકી ત્રાંસી હોય તે
મુગો=જેનાથી મોઢે બોલાય નહિ તે
અવયવો=ભાગો
ચલણ=સત્તા
ખોડ ખાંપણ=એબ
કૃતિ=કરેલું તે; કામ
રચના=બનાવટ
સંપૂર્ણ=પુરેપુરૂં
રૂપ=દેખાવ
કોશીશ=મહેનત

સવાલ—કેશવલાલને હસવું કેમ આવ્યું ? મોતીલાલે હસવા માટે ના કેમ કહી ? કેશવલાલને શું દાખલો બતાવ્યો ? મોતીલાલે શું કહ્યું ? કેશવલાલે પોતાની ખાતરી કરવા માટે કોને પૂછ્યું ? નિશાળમાં મહેતાજી પધારે ત્યારે કેવો વિવેક કરવો જોઈએ ? મહેતાજીના મનમાં એજ પ્રશ્ન વિષે આજે વિચાર શા કારણથી આવ્યો ? ખોડખાંપણ કે બુદ્ધિની ખામી હોય તેની મશ્કરી શા માટે ન કરવી તે સમજાવો. કઈ વાતમાં શરમાવું અને કઈ વાતમાં ન શરમાવું ?

સાર—શરીરની ખોડ અથવા બુદ્ધિની ખામી જોઈ કોની મશ્કરી કરવી નહિ કારણ કે એ પરમેશ્વરની મજાક કર્યા જેવું છે.

પાઠ ૩૫.

વિનોદી=આનંદી.
મૂળ=અસલ
હાજર જવાબી=તરતજ જવાબ આપે એવો; હોશિયાર

વિનોદ=આનંદ
શુળી=ફાંસી
વિનંતી=અરજ
વિદાય કર્યા=પાછા કાઢ્યા
જહાંપનાહ=દુનિયાનું રક્ષણ કરનાર; પાદશાહ
નામદાર=પ્રખ્યાત;નામીચા
ખડકી=ગોઠવી
બંદેનવાન=ગરીબ પર મહેરબાની રાખનાર
બેઅદબી=અવિવેક
સડ=હિંગ; છક

સવાલ—અકબર પાદશાહ ક્યારે ગેરવાજબી હુકમ કરતો ? બીરબલ તે હુકમ કેવી યુક્તિથી ફેરવાવતો ? પાદશાહે એક દિવસ શું હુકમ કીધો ? શા કારણ ? બીરબલ પાસે કોણ આવ્યા ? શુળી જોવા માટે પાદશાહને શા માટે તેડી ગયો ? પાદશાહે કઇ કઇ ધાતુની શુળી જોઇ ? તે જોઇને પાદશાહે શું પૂછ્યું ? બીરબલે શું જવાબ દીધો ? અકબરે પોતાનો હુકમ શા માટે ફેરવ્યો ? **સાર**—દરેક માણસે વખત વિચારી કામ કરવું.

પાઠ ૩૬.

કાનડી=કાનડાના રહેવાસી
દક્ષિણી=દક્ખણના રહેવાસી
ગુજરાતી=ગુજરાતના રહેવાસી
કાઠિઆવાડી=કાઠિઆવાડના રહેવાસી
કચ્છી=કચ્છ પ્રાંતના રહેવાસી
શીઆ સુન્ની=મુસલમાની ધર્મના પંથ
ચહેરો=મોંનો સફકો;
શીકલ
પહેરવેશ=પોશાક
રિવાજ=ધારો
અનુસરતા=મળતા
વર્ણ=જાત
ચોટલી=શીખા
જુલફા=લટીઆ
સાફ=આખું; બધું
ચોરણો=પગે બેસતો ને જાંઘે પહોળો લેંઘો
કંમરે=કેડપર
બેટ=કેડથી પગ સુધી લટકતું લુગડું વીંટાળવું તે
ઇજાર=સાંકડા પાયચાનો લેંઘો
ઘાઘરો=ફરતો ઘેરવાળો ચણીઓ
ઓઢણું=છોકરીને ઓઢવાનું લુગડું
લાજ કાઢે છે=માથાપર ઓઢેલા છેડો મોઢાપર લાવે છે
સુરવાલ=પાટલુન
સદરો=ટુંક બાંહેનું મોટું પહેરણ
કસ્તી=પારસી લોક ઊનની વણેલી પાટી કંમર પર

બાંધે છે તે; જનોઇ
નાતબહાર=બીજી નાતમાં
હાથેવાળે=વરકન્યાના હાથે હાથ મેળવીને
ખાંડું=કન્યાને માંડવે વરરાજા ન જતાં બે ધારવાળી તરવાર
મોકલવામાં આવે છે તે
વિધવા=જેનો ધણી મરી ગયો તે સ્ત્રી; રાંડેલી
હલકી વર્ણો=નીચ જાતિ (કોળી, દુબળા વગેરે)
છૂટ=રજા
માટી=માંસ
બાધ=હરકત; અડચણ
શબ=મુડદું; લાસ
દખમું=ભસ્તુ; પારસીના મુડદા મૂકવાનો કુવો
બોલી=ભાષા
રોટી=રોટલી
બજે હોળિગે=રોટલી

સવાલ—મુંબઇ ઇલાકામાં મુખ્ય વસ્તી કયા કયા લોકોની છે? હિંદુઓના કેટલા વર્ગ પાડી શકાય? મુસલમાનના કેટલા ભાગ પાડી શકાય? એ ભાગ શા ઉપરથી પડયા છે? એ ત્રણ જાત ઓળખવાની નિશાની આપો. એ ત્રણે જાતોના રિવાજ સમજાવો. ગુજરાતમાં કયા લોકો દારૂ પીએ છે તથા માંસ ખાય છે? એ ત્રણે જાતનાં બૈરાં ઓળખવાની નિશાની આપો. બોલી વિષે કહેવત બોલો અને તેનો દાખલો આપો.

સાર—દેશ દેશના રીતરિવાજ તથા બોલી જુદી હોય છે.

પાઠ ૩૭.

વિશ્વામિત્ર=ગાંધીરાજાના પુત્ર; સપ્ત ઋષિમાંના એક
વસિષ્ઠ=રામચંદ્રના ગુરુ
જાણીતા=જાહેર; નામીચા
કુળગુરુ=રાજગોર; પુરોહિત
મૃગયા=શિકાર
આશ્રમ=મઠ
આવકાર=આદરમાન
વાનીનું=વસ્તુનું
કામધેનુ=ઇચ્છેલી વસ્તુ આપનાર ગાય
માગણી=માગું
બળાત્કારે=જોર જુલમથી
અગણિત=ઘણાજ
વીર=યોદ્ધા
તપોબળ=તપ વડે જે શકિત મળે છે તે
રાજબળ=રાજ વડે જે શકિત મળે છે તે
વિસાત=ગણતરી
પદવી=હોદ્દો
રાજપાટ=રાજગાદી
ભારે તપ=મોટું તપ
ભુલથાપ=ભુલાવો
ભંગ=નાશ

બ્રહ્મર્ષિ=બ્રાહ્મણ ઋષિ થયો હોય તે
રાજર્ષિ=રાજાએ માન્ય કરેલા ઋષિ
નિર્મળ=ચોકખું
સિદ્ધિ=મેળવવી મુશ્કેલ એવી વસ્તુ કે શકિત (એ આઠ પ્રકારની ગણાય છે. અણિમા, મહિમા, ગરિમા, લઘિમા પ્રાપ્તિ પ્રાકામ્ય, ઇશિત્વ, વશિત્વ.)

સવાલ—વિશ્વામિત્ર કોણ હતા? એ ઋષિ શી રીતે થયા? વિશ્વામિત્રને કઇ પદવી મેળવવાની ઇચ્છા થઇ અને શા ઉપરથી? વિશ્વામિત્રની વાત કહો.

સાર—(૧) ઘણી મહેનત કરવાથી ધારેલી વસ્તુ પ્રાપ્ત થાય છે. (૨) જેનામાં ક્રોધ અને માનની ઇચ્છા હોય છે તેનામાં સારા ગુણ આવતા નથી.

પાઠ ૩૮.

ખસેડવા=દૂર કરવા
વિઘ્ન=હરકત; અડચણ
કામ હાથ પર લે=કામની શરૂઆત કરે
કાયર=નાહિંમતવાન
અમર=મરે નહિ એવું;
પરવા=દરકાર; [કાયમ
આગ્રહ=મંડયા રહેવું તે; ફરી ફરીને ફરવું તે
હાર મારીશ=જીવતો મારીશ
ફ્રાન્સ=યુરોપખંડની પશ્ચિમમાં એક દેશ છે
ઈજનેર=બાંધકામ જાણનાર
સંયોગિભૂમિ=બે મોટા જમીનના ભાગને સાંધનારો જમીનનો સાંકડો ભાગ
પાધરાં=સીધાં
નહેર=નદીમાંથી પાણી લઇ જવા ખોદેલી ખાડી
છાતી=હિંમત
મહાભારત=ઘણું કઠણ
ખ્યાલ=વિચાર
બેશક=નક્કી
સીદી=હબસી નામે એક જાતના લોક
તોડ=નિકાલ; ફેંસલો
ફેડયાં=દૂર કીધાં
તરીકે=ગણીને; માનીને
અગર=અથવા; કે
ગુલામગીરી=ગુલામ કરવાનો રિવાજ
સફળ થયો=પાર પડયો
એક સામટા=એકદમ
ગુલામ=વેચાતો લીધેલો ચાકર

સવાલ—બાયલો તથા હિંમતવાન કોને કહેવો? કયા કયા

માણુસો હિંમતવાન થઇ ગયા અને તેમણે શું શું કામો કર્યાં? તેમને શું શું હરકતો નડી? ગુલામ વેચવાનો ધંધો કોણે બંધ કરાવ્યો? ગુલામગીરી કયા સનમાં બંધ થઇ?

સાર—જે કામ આરંભવું તે પુરૂં થતાં સુધી છોડવું નહિ, ને હિંમત હારવી નહિ.

પાઠ ૩૯.

પટરાણી=રાજાની મુખ્ય રાણી
કાં=કેમ
પરોવાયું=લાગ્યું
ચાતક ચતવા=એક જાતનાં પક્ષી
પ્રતિદિન=હંમેશાં; નિત્ય
ખર=ગધેડા
ઘુવડ=એક જાતનું પક્ષી; ઘૂડ (એનાથી દિવસે દેખાતું નથી.)
નિજ=પોતાનો
વાસ=રહેઠાણુ; મુકામ
નિજવાસ=પોતાનો મુકામ
હરાયો=હરામનો; પારકો
વતન=જાગીર
જતન=રક્ષણુ
વિસ્તારી=લંબાવી
ગુંજામાં=ગજવામાં
દી=દિવસ
ભે=બીક; ભય
આકુળા=ગાભરા
શેતરંજ=બુદ્ધિબળની રમત
દીનોનાથ=ગરીબનો ધણી; પરમેશ્વર
પટ=કકડો; દાવ; ખેલ
લહાવો=ઓરીસો
શૂર=શૂરાતન; બહાદુરી
પડશે તેવા દેવાશે=જેવું દુઃખ પડશે તેવો તેનો ઇલાજ થશે
જુદ્ધ=યુદ્ધ; લડાઇ
હઠ=જીદ; અડાઇ
દાવો=હક; માલકી
રણુવાસ=જનાનખાનું
રણુસંગ્રામ=લડાઇનું મેદાન
સિંહણુ=સિંહની માદા
પાણી=બળ; જોર
બાણુ=તીર
ચોટ=દાવ; નિશાન
ભાગ્યે=જવલ્લે; કવચિત
કાચી=ઓછી; થોડી
ખીલાને જોરેજ=ધણીની હુંફથી
પલોટાવું=મહાવરો થવો
વિદ્યા=હુન્નર; કળા
ખાળો=અટકાવ
હારે=સાથે
જશ=કીર્તિ; આબરૂ
કાળજા ફાડશે=પેટમાં ધારકો પાડશે
શમી=મટી; દૂર થઇ

સવાલ—પ્રતાપસિંહ શા કારણથી ઉદાસ હતા? કોને ચિંતા હોય અને કોને ન હોય એ વિષે ડાહ્યા કવિઓ શું કહે છે? રાણી અને પ્રતાપસિંહ વચ્ચે શું શું વાદવિવાદ થયા?

સાર—(૧) ધણીઆણીએ ધણીના હુકમને તાબે થવું. (૨) સ્વદેશ પર પ્રેમ રાખવો.

પાઠ ૪૦.

સ્વદેશ=પોતાનો દેશ
સ્વદેશ પ્રતિ=પોતાના દેશપર પ્રેમ
ભલી=રસાળ; ફળદ્રુપ
ભાર્તભૂમિ=ભરત રાજાનો મુલક; ભરતખંડ; આર્યાવ્રત; હિંદુસ્તાન
વિષે=માં
જેહ=જે
કે'તો=કહેતો
ભલો=સારો
ભોમ=ભૂમિ; જમીન
પ્રાણ=જીવ
મુજી=ભાન વગરનો
ભૂમિ=પૃથ્વી
ભારે=બોજારૂપ
દાઝ=લાગણી; દયા
શુષ્ક=સુકું; સ્નેહ વગરનું
હૈયું=મન
વજ્ર=કઠણ પત્થર
લેવુંદેવું=લેણુદેણુ
કદાપિ=કદાચ
લક્ષ્મીવાળો=ધનવાન; તવંગર; પૈસાદાર
વડો=મોટો
વૈભવી=વૈભવવાળો
રાજવી=રાજા
રૂપાળો=ખૂબસુરત; દેખાવડો
તથાપિ=તોપણ
વિવેકી=ખરૂં ખોટું સમજનાર
વખાણે=તારીફ કરે
કાગ=કાગડા
પ્રમાણે=પેઠે
સ્વદેશી=પોતાના દેશનો
વડો=ખરો; સાચો
ટાળે=મટાડે; દૂર કરે
પાળે=પોષે
કલ્યાણમાં=ભલામાં; સારામાં
લેખે=ગણે; માને
પુરાપ્રેમથી=ખરા હેતથી
પેખે=જુએ; ઓળખે
વિદ્વતા=પંડિતાઈ; વિદ્વાનપણું
વાપરી=ખરચી
દેશ દાઝે=દેશની લાગણીને માટે
લોક લાજે=લોકની શરમથી
સ્વદેશાભિમાન=પોતાના દેશનું અભિમાન ધરીને કરેલાં
વૃથા=ફોકટ

જન્મ=જિંદગી; જીવતર	કાળ=વખત	હર્ષનાં=હરખનાં; આનંદનાં
ખોયો=ગુમાવ્યો	ગાળી=ગુમાવી	
કમાણી=સાર્થક; પેદાશ	સ્વદેશે=પોતાને વતને	આંસુ=આંખમાંથી પડતાં પાણી
વિદેશે=પરદેશે	વિયોગી=છુટા પડેલાં	
વસીને=રહીને	ભેટી=મળી	ના'વે=આવે નહિ

➵ પાઠ ૪૦ પોતાના દેશ પર પ્રેમ. ➵

સારા ભરતખંડમાં હંમેશાં રહેતો હોય તેમાં કોણ બિચારો હશે કે જે "મારો દેશ સારો છે, મારી ભૂમિ સારી છે, એ મને જીવથી હંમેશાં વહાલી છે" એમ નહિ કહેતો હોય ? (મતલબ કે બધાજ કહે છે) (૧) કયો અકકલ વગરનો પૃથ્વીને ભારે મારતો હશે ? તો કે જેને દેશની લાગણી જરા પણ નથી, જેનું મન હંમેશાં સુકું ને કઠણ પત્થર જેવું હોય છે, અને જે એમ જાણે છે કે મારે કંઇ લેવું દેવું નથી, એવો માણસ. (૨) કદાપિ તે ઘણો પૈસાવાળો હશે, મોટા વૈભવવાળો, રાજા કે રૂપાળો હશે તોપણ તેને વિવેકી માણસ વખાણે નહિ. તે કાગડા અને કીડાની પેઠે ગુજરાન ચલાવે છે. (૪) જે દેશીના દુઃખ મટાડે, હજારો માણસોનું હંમેશાં પોષણ કરે, વળી લોકોના લાભમાં પોતાનો લાભ ગણે, તેને ખરો સ્વદેશી જાણવો. કહો કે તેને ખરા હેતથી કોણ નહિ જુએ ! (મતલબ કે બધાજ જુએ) (૪) જે વિદ્વાન માણસે દેશની લાગણીને માટે વિદ્યાનો ઉપયોગ કીધો નથી. જે પૈસાદારે લોકોની શરમથી એક પાઈ પણ ખરચી નથી. જેણે સ્વદેશાભિમાનનાં કીધાં નથી, તેણે પોતાની જિંદગી નકામી ગુમાવી અને શું કમાયો ? (મતલબ કે કંઇજ નહિ) (૫) પરદેશમાં રહીને ઘણે વખત ગુમાવીને જે સારો ભાગ્યશાળી હોય તેજ પોતાને

દેશ જાય અને છુટાં પડેલાં સગાં અને ભૂમિને હેતથી મળે તે વખતે કહો કે કોને હરખનાં આંસુ નહિ આવે? (મતલબ કે બધાનેજ આવે)

પાઠ ૪૧.

છાંટાઓ=જરાપણ
ઉદ્ધત=ગમે તેમ ચાલનાર
હજુરી=પાસે રહેનાર નોકર
ઉંચે ઊડવાના સાંચા=બલુન
વીત્યા=ગયા
આતુરતા=ઈંતેજારી
હોજ=પાણીની મોટી ટાંકી
પ્રતિબિંબ=કાચ કે પાણીમાં દેખાતી સામી છબી
જાગીર=કામના બદલામાં મળેલી જમીન

સવાલ—અક્કલબાજખાંમાં અક્કલ કેટલી હતી? એની અક્કલની વાત કહો.

સાર—ઉપરીઓ અવિચારી હોય ત્યારે તાબાના માણસોએ સમયસૂચકતા વાપરી કામ કરવું.

પાઠ ૪૨.

મધરાત=વચલી રાત; રાતના બાર વાગતાનો વખત
ફેરણી=ચોકી; ફેરી; રોન
ધાંટા=બૂમ
ફડાફડ=ફડફડ
બંબાવાળા=બંબો રાખનાર
નીસરણી=સીડી
માંડીને=ગોઠવીને
પથારી=બિછાનું
રૂંધાઇ=ગુંગળાઇ
તાજો વા=ચોકખી હવા
જાગૃતિ=ભાન; શુદ્ધિ
લાગ=દાવ; વગ
વાડાની ભીંત=વંડો
પાધરોજ=તરતજ
હડસેલો=ધક્કો
ધ્રૂજતાં=થરથરતાં
ફેરા=આંટા
છાતીવાળા=હિંમતવાન
અણીશુદ્ધ=વગર ઇજાએ; સહીસલામત
જોખમ=સંકટ
સૂંઢ=કપડાની નળી
આંકડા=ખેંચીને પાડવાનું ઓજાર
ગોટાળો=ગરબડ
ઓલવાઇ=બુઝાઇ

સવાલ—રાત્રે સિપાઇઓ કેમ ફરતા હતા? તેઓના જોવામાં શું આવ્યું અને તેઓએ શું કર્યું? સુથારના ભાઇબંધે કેટલા માણસના જીવ બચાવ્યા અને શી રીતે? કયા કયા માણસના જીવ બચાવ્યા?

સાર—મિત્રને આફતની વખતે મદદ કરવી, એ આપણી ફરજ છે.

પાઠ ૪૩.

મૃગજળ=ઝાંઝવાનું પાણી; ખરૂં પાણી નહિ પણ હવાના તપવાથી દેખાતું પાણી
કરડા=સખત
પાધર=સપાટ
પ્રદેશ=મોટો દેશ
વિચિત્ર=તરેહવાર
દેખાવ=ભાસ
આબેહુબ=મૂળને પુરેપુરો મળતો
ભર ઉનાળામાં=ફાગણ ચૈત્રમાં
ભાસ=દેખાવ
ખારાઘોડા=એ વીરમગામ પાસે ગામ છે. (અહીં વરાગડું મીઠું પાકે છે)
માહીતગાર=જાણીતા
મિનારા=બુરજ
ઘુમટ=અર્ધગોળ શિખર વાળું ઢાંકણ. (એનો દેખાવ ઉઘાડેલી છત્રીના ઉપલા ભાગ જેવો હોય છે)
ભોમીઓ=રસ્તો બતાવનાર; જાણીતો
ચકિત=સ્તબ્ધ; દિંગ
પ્રવાસી=મુસાફર

સવાલ—મૃગજળ તે શું? તેથી લોકો કેમ ભુલાય છે? કયા લોકો મૃગજળને ઓળખી શકે છે? મૃગજળને લીધે કેવા કેવા દેખાવ માલમ પડે છે? મૃગજળ તથા એને લીધે જે દેખાવ દેખાય છે તેનું કારણ સમજાવો. મૃગજળ ક્યાં ક્યાં દેખાય છે, ને ક્યારે દેખાય છે?

સાર—મૃગજળ એ ખરેખરૂં પાણી નથી, પણ હવાના તપવાથી મેદાનમાં અથવા રેતીના રણમાં દેખાતું પાણી છે. આ દુનિયા મૃગજળ જેવી છે, કારણ મૃગજળને લીધે ખરા દેખાવો ન હોવા છતાં દેખાય છે, તેમજ દુનિયા આપણને દેખાય છે.

પાઠ ૪૪.

મહિમા=મોટાઇ
ગુફા=બખોલ
કોહલું=ફાડી ખાનારૂં જાનવર
સુઝી આવ્યો=માલમ પડ્યો
આંતર્યો=ઘેર્યો.
માથાથી પગ સુધી=ઘણીજ
ઝાળ=ગુસ્સો; ક્રોધ; રીસ
લાલચોળ=રાતા
નાલાયક=બદમાસ
અબઘડી=હમણાં ને હમણાં

કુઇ=નાનો કુવો	ઘોસ=સામો અવાજ	નથી; નબળું પડે છે;
ડોકીઉં=ડોકું	બાથ ભીડવી=સામા થવું	ઉતરતું છે.
ગર્જના=ગડગડાટ	પાણી ભરે છે=હિસાબમાં	

સવાલ—દુર્દાંતસિંહ પોતાનું ગુજરાન શાથી ચલાવતો? રોજ કેટલા પશુ મારતો હતો? બધા પશુઓએ મળી શું વિચાર કીધો? કોહલાએ શું યુક્તિ વાપરી? **સાર**—(૧) બુદ્ધિ આગળ જોર કંઇ વિસાતમાં નથી. (૨) શેરને માથે સવાશેર હોય છે માટે અહંકાર કરવો નહિ.

પાઠ ૪૫.	ધાર કોદાળી જેવી	સુધરાઇ ખાતું=
નળ=લોઢા કે ચિનાઇ	ને બીજી શંકવાકારની	મ્યુનિસિપાલિટિ
માટીનાં ભુંગળા	હોય છે)	જંગી=ઘણી મોટી
જન્મારામાં=જિંદગીમાં	છીણી=ધાતુ કાપવાનું	સગવડ=જોગવાઇ
ઠેર ઠેર=ઠેકાણે ઠેકાણે	ઓજાર	વરાળયંત્ર=વરાળથી
ટાંકી=હોજ	પેચ=આંટો	ચાલતો સંચો
જવલ્લેજ=ભાગ્યેજ	સકાવો=કોક; ચકલી	જોડાણ=સંધાણ
તીકમ=જમીન ખોદવાનું	ટોટી=ખેલી	આગ=લાહે
ઓજાર; (એની એક	દડદડ=ધડધડ	બોધ=ભાન; સમજ

સવાલ—શહેરમાં મીઠું પાણી નળ વાટે ક્યાંથી આવે છે? ટાંકી ઉંચી બાંધવાનું કારણ શું? નળનું જોડાણ શી રીતે કરે છે તે સમજાવો. મીઠા પાણીના નળથી શો લાભ? નદીના મુખ આગળ કુવા નહિ ગાળવાનું કારણ શું? **સાર**—પાણી વગેરે પ્રવાહી પદાર્થ જેટલી ઉંચાઇએથી આવે તેટલી ઉંચાઇએ ચઢી શકે છે. પ્રવાહી પદાર્થોમાં સરખી સપાટીએ રહેવાનો ગુણ છે.

પાઠ ૪૬.	આરોગ્યતા	બિમારી=રોગ; વ્યાધિ
તંદુરસ્તી=સુખાકારી;	સબળ=મજબુત	મરડો=પેટમાં દુઃખીને

ઝાડો થવાનો રોગ
સંઘરણી=વારેવારે ઝાડા થવાનો રોગ
અભાવ=અરૂચી; અપ્રીતિ
મધુરૂ મધુરૂં=જરા જરા
શોખ=ઈચ્છા
ખુલાસો=સમાધાન
ખાટલે પડેલા=માંદા; બિમાર
લાગણી=દાઝ; દયા
ચાંપતા=તરત; લાગલા
કાસળ=મૂળ; જડ
ભર=ગીચ; ઘણી
ઉકરડા=છાણ મૂત્ર વગેરે કોહવડાવવાની જગા
જાજરૂ=સંડાસ
થાળું=મથાળું; કુવાના ઉપર છોબંધ ઢાળ
પડતું બાંધેલું હોય તે
ગંદકી=ગોજવાડ
મરી=ઉતરી
જંતુ=ઝીણાં જીવડાં
રોગી=રોગવાળાં
કોઢ=ઢોર બાંધવાની જગા
વિદાય થયા=ગયા

સવાલ—ગામમાં મરણનું પ્રમાણ વધ્યું ત્યારે કોણે કોની મારફત તપાસ કરાવી ? ગામમાં લોકો કયા કયા રોગથી પિડાતા હતા ? સાહેબે એ શાથી જાણ્યું ? રોગના મૂળનું કારણ શું હતું ? સાહેબે રોગનું મૂળ કારણ પાણી તે બાબત શું શું હકીકત કહી ? પાણી સ્વચ્છ કરવાની કેટલી ને કઇ કઇ રીત છે ? દૂધ સ્વચ્છ રાખવા માટે શું શું ભલામણ કરી ? પાણી તથા દૂધમાં હવા ચૂસવાનો ગુણ છે કે નહિ, હોય તો તે દાખલો આપી સમજાવો.

સાર—સ્વચ્છ હવા, સ્વચ્છ પાણી તથા સ્વચ્છ ખોરાકનો ઉપયોગ કરવાથી રોગ થવાની ધાસ્તી રહેતી નથી. માટે ઉપરની ત્રણ બાબતો પર ખાસ કાળજી રાખવી.

પાઠ ૪૭.

બાઈ=દાડી
ભાવે=હેતથી
ભાત=ભાઈ
સાથ=સંઘાત; ટોળું
કપટે=દગાથી
ખસે=દૂર જાય
સામગ્રી=સામાન
હસે=મશ્કરી કરે
ઉતરવા=રહેવા
વશેક=ઘણાજ; વધારે
વસમો=કપરો; કઠણ
ઠામ=જગો
છાજ=છત
વળી=સાકટી

ભીંત્યો=ભીંત
દેહશ=બંને બાજુ
જુઆ=ડાંસ
હુઆ=થયા
હસણી=મજાક ખોરી
નાત્ય=નાત [માનનારો
વૈષ્ણવ=વિષ્ણુ ધર્મ
દર્શન=ભાવથી જોવું તે
ખોઇએ=દૂર કરીએ
સુંદરી=જુવાન સ્ત્રી
મન વિના=કમનથી
નમે=નમસ્કાર કરે
દીઠાં=જોયાં
હરિ=પરમેશ્વર
ફુટડો=દેખાવડો
તુઠડો=પ્રસન્ન; ખૂશ
ભાંગ્યું=દૂર થયું

મરડે=મચડે
મંડપમાં=માંડવામાં
ચંગ=મંજીરા; કાંસા જોડ
લટકે=ટિંગાય
પટકે=પિછોડીએ
કાષ્ટ=લાકડું
ભારો=જુડો
મામેરાનો=મોસાળાનો
ઉધારો=બાકી; મણા
તુળસીદળ=તુળસીનાં પાં [દડાં
ફુંકશે=વગાડશે
પુરં=બરોબર
કૌતક=મશ્કરી; ગમત
ટોળ=મજાક
ઉતાવળી=ઝડપથી
મરમે=ભેદમાં
લજાવ્યું=એબ લગાડી

પેઢીનું=વંશનું
ન બાપા=બાપ વગરના
ભલાં=સારાં
કઠણ=સખત
કઠણબોલ=મેણાંના બોલ
મચ્છર=અહંકાર; તોર;
ઝેર
પુંઠળથી=પાછળથી
બડબડો=બબડો
લખેશરી=લાખ
રૂપીઆનો ધણી
શે=શું
રાંક=ગરીબ
પિતા=બાપ
મુજ=મારે
મેર=મેરૂ પર્વત
જીવતો રહે=કાયમ રહે

પાઠ ૪૭ નરસિંહ મહેતાની ઉના ગામમાં પધરામણી.

સમજુતી–નરસિંહ મહેતો આવ્યા સાંભળી, શ્રીરંગ મહેતા દોડતા આવ્યા ને બંને વેવાઇ હોંસથી ભેટયા. જમાઇ અને જમાઇનો ભાઇ પણ મળ્યા. બધા નાગરનું ટોળું પણ આવીને મળ્યું. (૧) તે બધા છળભેદથી ભેટીને પાછા દૂર જતા રહે અને એનો સામાન જોઇ જોઇને મશ્કરી કરે, ઉતારાને માટે એક ઘર આપ્યું. તેમાં ચાંચડ, મચ્છર ઘણાંજ હતા. (૨) તે ઘરની જમીન ઉંચી ને કઠણ હતી, ને

છાપરાપર નળીઆં નહોતાં; તે ઘરની છાજ કોહેલી ને સાકટીઓ જુની હતી, અને ભીંતો બંને બાજુએ એવડી વળી ગએલી હતી. (૩) જ્યાં નરસિંહ મહેતાનો ઉતારો થયો, ત્યાં ઘણા માંકડ ને જુઆ હતા. વેવાઈ ઉતારો આપી ગયા પછી મજાકખોરી નાગરી નાત બોલવા લાગી. (૪) કુંવર વહુનો બાપ વૈષ્ણવ છે, તેથી એના દર્શન કરીએ તો પાપ જતા રહે અને પાવન થઈએ, મહેતાને જોવા માટે ઘેરઘેરથી સુંદરીઓ ખુશીથી આવી. (૫) કમનથી મહેતાને નમસ્કાર કરે અને કહે કે તમે આવ્યા તે સારૂં થયું. સ્ત્રીઓ એક બીજાને કહે છે કે મહેતાને જોયા તે પરમેશ્વરને જોયા બરાબર છે. (મતલબ કે એમ મસ્કરી કરે) (૬) જુઓ એનો રસાલો કેવો દેખાવડો છે ! એને પરમેશ્વર પ્રસન્ન છે. મસ્કરીમાં એવું કહે છે કે, હવે કુંવર વહુનું દુઃખ જતું રહ્યું, એમ કહીને મોઢું મચકે છે. (૭) મહેતાના બળદ જુઓ તેના પર ઘણી બગાઇઓ છે મહેતાજી માંડવામાં કીર્તન કરશે તેથી નાગરની નાતમાં શોભા વધશે. (૮) આ ગાંસડી વળગાડેલી લટકે છે, તેમાં પીછોડીએ તાલની જોડ બાંધી છે. આ તુળસીના લાકડાનો ભારો (તુળસીની માળા) છે. કહો હવે મોસાળામાં શું ખામી છે ! (૯) છાબડીમાં તુળસીનાં પાંદડાં મૂકશે, ને ઉભો રહીને શંખ વગાડશે, સાધુ ઇશ્વરનું ભજન કરશે એટલે મોસાળું પુરૂં થશે. (૧૦) એમ નાગરની સ્ત્રીઓ ગમત કરે છે અને મસ્કરી કરીને ઘર તરફ પાછી જાય. બાપા મોસાળું લઇને આવ્યા તે વાત કુંવર બાઇએ જાણી (૧૧) તેથી ઝડપથી મળવાને માટે દોડી, કે નણંદ ભરમમાં બોલી કે બાપ દીકરીને આ શું પ્રીત કે હાંસી કરવા આવ્યો ! (૧૨) બાપદાદાની સાત પેઢીને એબ લગાડી, સાથે સાધુઓનું શું કામ હતું ? શું એકલા મળવા જાઓ છો ! એવા બાપ કરતાં બાપ ન હોય તો સારૂં ! (૧૩) આવો મહેણાંનો

બોલ સાંભળીને કુંવરબાઇ પાછી વળી, ને કહેવા લાગી કે, હે નણંદ એટલો અહંકાર શા માટે રાખો છો ? હે બેન ! પાછળથી શું બબડો છો ! (૧૪) જેનો બાપ પૈસાવાળો હશે તેની દીકરીને ઘણો લાભ થશે, કોઇનો બાપ લખેશ્રી કહેવાય તો તે મારે શું કામનો ? (૧૫) ગરીબ બાપ મારે ઘેર આવ્યો તો તેનું એક કાપડું સોનાના મેરૂ પર્વત બરાબર છે. તમારી મરજી આવે તેમ બોલો, પણ મારે તો એ બાપ જીવતો રહો, મતલબ કે એ બાપ ઘણું જીવજો. (૧૬)

પાઠ ૪૮.

વર્તણુક=ચાલચલગત
પ્રમુખપદ=સભાના ઉપરીની જગા; અધ્યક્ષપણું
હજુર=આગળ
રજુ=મોજુદ; હાજર
પરવડતી=ફાવતી
તસ્દી=મહેનત
વૈતરું=સખત મજુરી
મીઠું મરચું ભભરાવીને=વાત વધારીને
સુગંધ=સારીવાસ; ખુશબો
દુર્ગંધ=નઠારી વાસ
ઘોર=બિહામણી
ગાંડપણ=ગાંડાપણું
પોષણ=ગુજરાન
નભીએ=ટકીએ
આવેશ=ક્રોધ; ગુસ્સો
અસર=લાગણી
ટટાર થયા=અસલ સ્થિતિમાં આવ્યા
નિરોગી=રોગ વગરનું; તંદુરસ્ત
જાતમહેનત=શરીરની મહેનત
નિભાવ=ગુજારો

સવાલ—હાથ, પગ, જીભ, દાંત, નાક, કાન એ દરેક શું શું કામ કરે છે તે કહો. પેટ શું કામ કરે છે તે કહો. મગજ શું કામ કરે છે ? બધા અવયવોએ કામ કરવું બંધ કીધું તેથી શું પરિણામ આવ્યું ? આપણને એક બીજાની મદદની જરૂર છે તે દાખલો આપી સમજાવો **(જુઓ પાઠ ૬.)**

સાર—આ દુનિયાનો આધાર એક બીજાની મદદ પર રહેલો છે.

પાઠ ૪૯.

દેલવાડા=દેવળવાડા; આબુ પર્વત ઉપરનાં દહેરાંનો ભાગ
શ્રાવક=જૈન ધર્મ માનનાર
પ્રેમ=આસ્થા; શ્રદ્ધા

કુંભારીઆ=એ આરાસુર પર્વત ઉપર છે.

પાલિતાણા=કાઠિઆવાડમાં શેત્રુંજા ડુંગર પાસે શહેર છે.

ગીરનાર=કાઠિઆવાડમાં મોટો પર્વત છે.

રાણકપુર=એ રજપુતસ્તાનમાં છે.

રળિઆમણાં=શોભિતાં

પરધર્મ=બીજો ધર્મ

બાંધણી=બાંધકામ

નકશી=કોતરકામ; કોતરણી

સુગમ=સહેલું; સુતરું

માઇલ=પોણો ગાઉ

વાહનો=ગાડી, ઘોડા વગેરે બેસવાનાં સાધનો

છાવણી=લશ્કરને રહેવાની જગા

રમણીય=સુંદર

દેવળવાડા=દેવળનો જથો

આરસપહાણ=સંગેમરમર; એક જાતનો ચળકતો પત્થર

અણહીલવાડ=પાટણ; (સરસ્વતી નદીને કાંઠે રાજધાનીનું શહેર હતું; એ વનરાજ ચાવડાએ ઇ. સ. ૭૪૬ માં અણહીલ ભરવાડના નામથી વસાવ્યું હતું.)

શિખર=ટોચ

આદિનાથ=જૈન ધર્મ સ્થાપનાર પહેલા તીર્થંકર

કાબેલ=હોશિયાર

દહાડાને અંતે=સાંજે

કોતરણી=કોતરકામ; નકશી

રોજ=એક દિવસનો પગાર

નેમિનાથ=જૈન ધર્મના ૨૨ મા તીર્થંકર

શોભા=ખુબસુરતી

પાર વિનાની=અપરંપાર; ઘણીજ.

દેરાણી=દીયરની વહુ

જેઠાણી=જેઠની વહુ; વરના મોટાભાઇની વહુ

ધ્યાન ખેંચે=મોહ પમાડે; અજાયબ કરે

દેરાસર=દહેરું

ગભારો=દેવળના જે ઘુમટવાળા ભાગમાં મૂર્તિ હોય છે તે

સભા મંડપ=દહેરા માંહેલો આગલો વિશાળ ભાગ

બારીક=ઝીણું

બીબું=છાપ

નજર ઠરી જાય=જોયા કરે

વિસ્મય=અજાયબ; નવાઇ

નિર્જીવ=જીવ વગરની

પ્રવીણ=હોશિયાર

ગુજરાતના ઇતિહાસની વાર્તારૂપી રસિક પ્રશ્નોત્તરમાળા.

સવાલ—કયા લોકોની પોતાના ધર્મ પર આસ્થા ઘણી હોય છે? કયા લોકો ધર્મના કામમાં પુષ્કળ પૈસા ખરચે છે? જૈન લોકોના જોવા લાયક દહેરાં કયાં છે? આબુ જવું હોય તો શી રીતે જવાય? રાણકપુર કયાં છે? વિમળશા, તેજપાળ, વસ્તુપાળને ઓળખાવો. એમણે કયાં દહેરાં બાંધ્યાં? સરસ દહેરાં કયાં છે? આદિનાથ અને નેમિનાથ કોણ? કયું કોતરકામ બહુ વખાણવા લાયક છે? જેઓએ એ દહેરાં જોયાં છે તેઓ આ દેશ માટે શું અભિપ્રાય છે?

સાર—ધર્મનાં કાર્યો કરવાં જેથી નામ અમર રહે.

પાઠ ૫૦.	દિનરાત=દહાડો રાત	અનેક=ઘણાંજ
નિદ્રામહીં=ઊંઘમાં	આરામ=વિશ્રાંતિ;વિસામો	કાપે=દૂર કરે; મટાડે
તન=શરીર	શ્રમથી=મહેનતથી	સૃજ્યાં=બનાવ્યાં
ભાન=શુદ્ધ; સમજ	સુખ દીએ=સુખ આપે	પાવક=ગરમી; અગ્નિ
પુરણ=પુરેપુરૂં	ભર=ખૂબ	ઇશે=ઇશ્વરે
સમયે=વખતે	નિંદ=ઊંઘ	સત્તા=હકુમત
પ્રથમે=પહેલાં	આણી=લાવી	સદિવ=હંમેશાં; સદા
સ્મરૂં=યાદ કરૂં	મેઘમંડળ=વાદળાં	થાપી=બેસાડી
કાર્યો=કામો	નિયમિત=નિયમ પ્રમાણે	સુબુદ્ધિ=સારી અકલ
પાલન=પોષણ	વૃષ્ટિ=વરસાદ	નીતિપંથ=નીતિનો રસ્તો
કાજ=માટે; વાસ્તે	સંતોષ=તૃપ્તિ	ભુલાવતા=વીસરાવતા
રચના=બનાવટ; ગોઠવણ	સૃષ્ટિ=દુનિયા	સંશય=શક
તેજસ્વી=પ્રકાશીત	પૃથ્વી=જમીન	મુજ=મારા
શશી=ચંદ્ર	ધન=પૈસો	સદ્ભકિત=ખરી ભકિત
તિમિર=અંધારૂં; અંધકાર	કઠિન=કપરાં; અઘરા	ચરણે=પગમાં
ગગને=આકાશમાં	કષ્ટ=દુઃખ	ઠરૂં=સંતોષ પામી રહું

પાઠ ૫૦ ઇશ્વર પ્રાર્થના.

સમજુતી—જ્યારે ઊંઘમાં શરીરનું ભાન નહોતું, ત્યારે જુઓ કે જેણે પુરેપુરી સંભાળ લીધી, તેને સવારનાં પહોરમાં પહેલો યાદ કરૂં, પછી દહાડાનાં બધાં કામો કરૂં. (૧) એ હંમેશાં હેતથી પ્રાણીઓનું પોષણ કરે છે. જીવને માટે જગતની બનાવટ જણાય છે, પ્રકાશવાળા સુરજ અને ચંદ્રમા હંમેશાં પ્રકાશતા રહે છે; તે જીવને જીવન શક્તિ વધારે આપે છે. (૨) એ આકાશમાં રાત દિવસ ફરીને અંધારૂં મટાડે છે, ત્યાં તેને આરામ બીલકુલ નથી, દહાડાની ઘણી મહેનતથી પ્રાણી થાકયો ત્યારે આખી રાત સુખ આપે એવી સારી ઊંઘ આણી. (૩) જે વાદળાં વખતસર વરસે છે, તેથી દુનિયા સંતોષથી આનંદમાં ફુલાય છે. જમીનવડે ધન અને વનસ્પતિવડે અનાજ આપે છે. તે જીવોના ઘણાં દુઃખ મટાડે છે. (૪) પરમેશ્વરે પવન, પાણી અને અગ્નિ એ કેવાં બનાવ્યાં છે ! એ ત્રણે જીવોનું હંમેશનું જીવન (જીવવાનો આધાર) છે. વળી એ ત્રણને માણસની ચાકરી આપી છે. અહા ! પ્રાણીના સુખનાં સાધનની શી ગોઠવણ કરી છે ! (૫) અહો પરમેશ્વર તેં માણસને મન ને અક્કલ આપીને બધા જીવોપર માણસની ઘણી સત્તા રાખી છે, જે હંમેશાં એવું સારૂં પોષણ કરે છે, તેને વીસરીને ભજે નહિ તે પાપી માણસ છે. (૬) પરમેશ્વર હું માગું છું કે સારી બુદ્ધિ આપો અને નીતિને રસ્તે દોરવો, મને ભુલાવામાં નાખનાર બધા વહેમો દૂર કરો; મારી ફરજ છે, એમ સમજીને હું બધાં કામ કરૂં, અને સદ્‌ભક્તિથી પરમેશ્વરના ચરણમાં ઠરૂં, મતલબ કે સાચી ભક્તિ કરી મોક્ષ પામું.

પાઠ ૫૧.

પરાક્રમી=સમર્થ; જોરાવર; શૂરવીર | પરદુઃખભંજન=પારકાનું દુઃખ કાપનાર | શોખીન=આનંદ લેનાર

ઉદાર દીલનો=મોટા મનનો
શ્લોક=છંદ; બે કે ચાર લીટીની સંસ્કૃત કવિતા
સ્મરણશક્તિ=યાદદાસ્તી
કમાણી=પેદાસ; મળતર
મતલબ=સાર
વડવા=બાપદાદા
ઉછીનું=થોડી મુદ્દત માટે ધીરેલું
પુરાવો=સાબીતી
બનાવટી=ખોટો
સ્તબ્ધ=દિંગ; ચકિત
સાબીત=નક્કી; પુરવાર
પ્રપંચ=તરકટ; દગો
વેશ=દેખાવ; પહેરવેશ
શિરામણ=નાસ્તો
હાસ=થાકીને વિશ્રાંતિ લેવી વખત બોલાય છે તે
રાજવહીવટ=રાજકારભાર
વૈદકશાસ્ત્ર=વૈદ બનાવવાનું પુસ્તક; રોગ પારખવા, તેનું ઓસડ કરવા વગેરે સંબંધી જે વિદ્યા તે
ડાંગ=જાડી મજબુત લાકડી
ઉગામી=ઉથામી
પાંહે=પાસે
નીયા=ઈન્સાફ
ફાંહી=ફાંસી; શુળી
હાનિ=બગાડ; નુકસાન
હાચેહાચું=ખરેખરં
કારે=કયારે
અમૃત=જેથી ઘડપણ ને મોત ન આવે એવો પીવાનો પદાર્થ

સવાલ—ભોજ રાજા કયા વંશના? એ વિક્રમ પછી થયા કે પહેલાં? એના વખતમાં ગુજરાતમાં કયો રાજા હતો? ભોજરાજા શાને માટે પ્રખ્યાત થઈ ગયો? ભોજરાજા વિષે શું કહેવામાં આવે છે? એની સભાના પંડિતોએ શો પ્રપંચ કર્યો? એ પંડિતોના માથાનો કોણ મળ્યો? તેણે શું કીધું? રાજાએ તેને કેટલું ઈનામ આપ્યું? ભોજરાજા નગરચર્ચા જોવા કેમ નીકળતો હતો? ભોજરાજા શાથી ખુશ થયા?

સાર—(૧) દરેક માણુસે વિદ્વાનને માન આપવું. (૨) ગરીબોના ઉપર દયા રાખવી.

પાઠ પર.

તાણ=તંગાસ
ભિનાશ=ભેજ
પુરણી=પુરાણ
કારીગર=કારીગરી કરનાર
ધમણ=વા ફુંકવાનો સંચો
નર્યા=નિરોગી; રોગ વચરના
પહેલું સુખ તે જાતે

નર્યા=પહેલું સુખ તે જાતે તંદુરસ્ત.	ખનીજ=ખાણમાંથી ખોદી કાઢેલો	કહેવાય છે)
વાઢકાપનું=નસ્તરનું	(જે પદાર્થ ભોંયમાંથી ખોદી કાઢવામાં આવે છે તે ખનીજ પદાર્થ	ખજાનો=ભંડાર
ગુણદોષ=ફાયદા ગેરફાયદા		સદ્‌ગૃહસ્થ=સારો માણસ
ઔષધ=ઓસડ; દવા		તરીકે=માફક; પેઠે
		આબાદ=સુખી

સવાલ—ગામ વસાવવામાં કોની જરૂર પડે ?

પાઠ ૫૩.	સ્વાર્થ=પોતાની મતલબ	ગોજનગંધા=સત્યવતી; મત્સ્યગંધા; વ્યાસની માતા
પાંડવ=પાંડુ રાજાના છોકરા	ત્યાગ=છોડવું તે	
કૌરવ=કુરૂરાજાના કુળમાં ઉત્પન્ન થએલા; ધૃતરાષ્ટ્રના છોકરા	પ્રખ્યાત=જાણીતા	ખૂબસુરત=દેખાવડી
	ભયંકર=પળાય નહિ એવી; સખત	ઉત્કંઠા=આતુરતા; ઇચ્છા
	પ્રતિજ્ઞા=બાધા; પણ	માગું=માગણી
નામાંકિત=પ્રખ્યાત	રૂપવાન=ખૂબસુરત	ગંભીર=ઘણી ભારે
જાણીતાં=જાહેર	માછી=માછલાં પકડવાનો તથા વહાણ હંકારવાનો ધંધો કરનાર	ભયાનક=પાળી ન શકાય
હસ્તિનાપુર=એ દિલ્હીની પાસે હતું.		બ્રહ્મચારી=કુંવારા [તેવી રહેવાનું વ્રત પાળનાર
પેઢી=ઓલાદ; વંશ	કાંતિ=ખૂબસુરતી	કોલ=વચન

સવાલ—હસ્તિનાપુર કયાં હતું ? હસ્તિનાપુરમાં કોની ગાદી હતી ? શાંતનુ રાજાનું લગ્ન કોની સાથે થયું હતું ? તેને કેટલા છોકરા થયા હતા ? બધા જીવતા હતા ? સૌથી નાના છોકરાનું નામ શું ? પાછળથી તેનું નામ શું પડયું અને શા કારણથી ? શાંતનુ રાજા દિન પર દિન કેમ સુકાવા લાગ્યા ? ભીષ્મે પિતાને માટે કેવી પ્રતિજ્ઞા લીધી ?

સાર—માબાપની મરજી સાચવવાને ગમે તેટલું દુઃખ પડે તો તે સહન કરવું.

પાઠ ૫૪.

સોમનાથ=પ્રભાસપાટણ
અફગાનિસ્તાન=અફઘાન લોકોનો દેશ; એ હિંદુસ્તાનની વાયવ્યે છે.
ગીઝની=અફગાનિસ્તાનનું મુખ્ય શહેર
ઇસ્લામી=મુસલમાની
વેરાન=ઉજ્જડ
દ્રવ્ય=પૈસા
મંદિર=દેવળ
ગભારો=મંદિરની અંદરનો ભાગ જેમાં મૂર્તિ હોય છે તે
રત્ન=હીરા, મોતી, માણેક વગેરે કીમતી જવાહીર
જડીત=જડેલાં
નટ=નાચ કરનાર
નૃત્ય=નાચ
ખ્યાતિ=કીર્તિ; નામના
ખંડન કરવું=ભાંગવું
પણ=નિયમ; બાધા; પ્રતિજ્ઞા
પંજાબ=પાંચ નદી વચ્ચેનો પ્રદેશ
જમાવ્યું=એકઠું કર્યું
કૂચ કરી=ચાલવા માંડ્યું
રણ=રેતીનું મેદાન
જંગી=તોપની મારી
તાકાત=બળ; જોર
મરણીઆ=મરવાની દરકાર વિનાના
ખુનરેજી=કતલ
નામના=ખ્યાતિ
કબર=ઘોર
વિસારે પડવાં=ભૂલી જવામાં આવ્યાં
આગ્રા=જમના નદીપર શહેર છે. અહીંનો તાજમહેલ જોવા લાયક છે.
આયુષ્ય=જીંદગી
અદ્યાપિ=આજ પણ; હમણાં સુધી.

સવાલ—મહમદ ગીઝની ક્યાંનો પાદશાહ? તેણે હિંદપર કેટલી સ્વારી કરી? સ્વારી કરવાનો મુખ્ય ઇરાદો શું હતો? સોમનાથ મહાદેવનું વર્ણન કરો. મહમદ ક્યાં થઇ સોમનાથ આવ્યો? તેણે શું કીધું? પૈસા ન લેતાં મહમદે મૂર્તિ શા માટે ભાંગી? મૂર્તિના કકડા તથા કમાડનું શું કીધું? સોમનાથનું દહેરું ક્યા ક્યા રાજાએ સમરાવ્યું?

પાઠ ૫૫.

સુરત=એ તાપી નદીને ડાબે કાંઠે શહેર છે,
પ્રસિદ્ધ=જાણીતું
મુખ્ય=મોટું
સોળમો સૈકો=ઇ. સ. ૧૫૦૧ થી ૧૬૦૦ સુધીનો વખત
ખાસ=પોતાનો
નામીચું=પ્રખ્યાત
બારૂ=વહાણ લંગર કરવાની જગો

મલબાર કાંઠો=મદ્રાસ ઇલાકાનો પશ્ચિમ કિનારો
કપ્તાન=આગબોટ કે વહાણનો મુખ્ય અમલદાર
સત્તા=હકુમત; અમલ
જહાંગીર=અકબરનો છોકરો(દુનિયા જીતનાર)
પરવાનગી=રજા; છૂટ
સત્કાર=આદરમાન
હરિફાઇ=બરોબરી; સ્પર્ધા
કાફલો=ટોળું
દૃઢતા=હિંમત
અગ્નિનૌકા=ઝટ સળગી ઊઠે એવા પદાર્થ ભરેલા હોય અને દુશ્મનના વહાણને ભેરવીને સળગાવી મુકવાને આંકડીઓ હોય એવું વહાણ
સ્થિતિ=હાલત
કોલકરાર=બોલી
કોઠી=માલ ભરવાની મોટી વખાર
બીજ=મૂળ; શરૂઆત
સર્વત્ર=સઘળે; બધે
મથક=મુખ્ય ઠેકાણું
ફીરંગી=પોર્ટુગલના રહેવાસી
વલંદા=ડચ; યુરોપખંડમાં વિલાયતની થડમાં આવેલા હોલાંડ દેશના રહેવાસી
કરડી=ગુસ્સાવાળી
શિવાજી=મરાઠી વંશનો સ્થાપનાર
બંદુકની ગોળી=છરો
નિશાની=એંધાણી
ચઢતી કળા=આબાદી
અરસામાં=દરમિઆનમાં

સવાલ—સુરત કઇ નદી પર છે? એ શહેરમાં ધંધો રોજગાર ચલાવવાને કઇ કઇ યુરોપી પ્રજા આવી હતી? સુરતમાં કઇ પ્રજા પહેલ વહેલી આવી હતી? સુરતમાં અંગ્રેજોને કોણે હરકત કરી? શું હરકત કરી? સુંહાલી આગળ કોને કોની સાથે લડાઇ થઇ હતી? અંગ્રેજોને સુરતમાં કોઠી બાંધવાની રજા કોણે અપાવી? કયા સનમાં અંગ્રેજોએ કોઠી બાંધી? જ. ઈ. સ. ૧૬૧૨. અંગ્રેજી સત્તાનું બીજ કયારથી રોપાયું? અંગ્રેજોની કોઠી હાલ છે કે નહિ? શિવાજીએ સુરત કયા સનમાં લૂટયું? અંગ્રેજોએ પોતાનું મથક શા કારણથી બદલ્યું? પછી મથક કયાં કીધું?

પાઠ ૫૬.

સમસ્યા=ઉખાણા
શિર=માથું
કોટે=ડોકે
રૂંઢ=ખોપરી
વૃષભ=બળદ

વીણુ=વગર	શુક્રાચાર્ય=દૈત્યના ગુરુ	વીર=ભાઇ
ભૂપાળ=રાજા	હરનિશ=હમેશાં; નિત્ય	કામની=સ્ત્રી
નેહ=સ્નેહ; હેત	રે'=રેહ	કીર=પોપટ
દાખવે=જુવે	મેડક=દેડકો	ચરણ=પગ
ચક્ર=ચક્કર	નિર્બળ=કમજોર	સા'યો=પકડયો
ગળ્યો=ઢાંકયો	કોલ=કોયલ	લાખે=લાખો માણસથી
પરવરે=ચાલે	કાયર=બાયલો	સઉકો=બધા
ઉજ્જવળ=સફેદ	સાર=સારી	ગેંધાટ=ઘેરાએલો
ઓપતો=શોભતો	રક્ષણી=રક્ષણ કરનાર	ધારીએ=સમજીએ
જામો=ઝુલતો અંગરખો	તારૂણી=જુવાન સ્ત્રી	વિચરે=જાય
ફાળ=છલંગ	પઢતો=ભણતો	વસમી=અઘરી; સાંકડી
મૃગ=હરણ	પૂર્યો=ગોંધ્યો	વાટ=રસ્તો
શ્વાન=કુતરો	મધુરો=મધુર રાગનો	
સુજાણ=સારા જાણીતા	વાચા=વેણ; શબ્દ	

સમજુતી–**પ્રશ્ન**–જેના માથાપર ગંગાજી રહે છે, જેની ડોકમાં ખોપરીની માળા છે, તો કહો કે મહાદેવ વગર કયો રાજા બળદનું વાહન કરે છે? (૧) **જવાબ**–હમેશાં પ્યારથી જોઇશું તો એક ભરે છે ને બીજો ખાલી કરે છે, જે ચક્ર દરરોજ ફરતું જણાય છે તે રેંટ. (૧) **પ્રશ્ન**–એક પુરુષે બીજા પુરુષને ઢાંકયો તેથી જેને ઢાંકયો છે તેનું શરીર સારૂં દેખાય છે. તે ઘણો ઉત્તમ માણસ છે તો તમે સારા માણસ સમજો કે એ શું છે? (૨) **જવાબ**–જે પગ વગર ચાલે છે, પુરુષો તેના પર હેત રાખે છે, સફેદ શરીરે શોભતો તેને જામો કહીએ. (૨) **પ્રશ્ન**-છલંગ મારે છે, પણ હરણ નથી, તેમ સસલો

પણ નથી, અને કુતરો પણ નથી, તેમજ મોં ઉંચું છે, પણ મોર નથી, હે સારા જાણીતા માણસ સમજો કે એ શું છે? (૩) **જવાબ**—શુક્રાચાર્યનું વાહન છે. જે હમેશાં પાણીમાં રહે છે, જીભ નથી તોપણ ઘણું બોલે છે તે દેડકો કહેવાય છે. (૩) **પ્રશ્ન**—સ્ત્રી છે, પણ કમજોર નથી, કાળી છે પણ કોયલ નથી, દરમાં રહે છે, પણ નાગણી નથી, તો એનો જવાબ કહે? (૪) **જવાબ**—બાયલાના હાથમાં શોભે નહિ, અને બહાદુરને મન તે સારી છે, વળી તે આ શ્રેષ્ઠ શરીરનું રક્ષણ કરનાર છે, હે જુવાન આ તે તરવાર છે. (૪) **પ્રશ્ન**—ભણે છે, પણ વિદ્વાન નથી, તેને ગોંધ્યો છે પણ ચોર નથી. ડાહ્યા માણસો હોય તો સમજે કે મીઠું બોલે છે પણ મોર નથી ત્યારે એ શું હશે? **જવાબ**—પક્ષીની જાતમાં પવિત્ર છે, બાહ્ય શબ્દ બોલે છે, તે જંગલનો રહેવાસી છે, ને જંગલમાં પેદા થાય છે, હે સ્ત્રી તે તો પોપટ છે. (૫) **પ્રશ્ન**—પગ નથી, પણ ચાલે છે; પાંખ નથી પણ ઊડે છે બધા તેને આંખથી જુએ છે, તોપણ લાખ માણસથી પણ તે પકડાયલો રહેતો નથી તો એ છે શું? (૫) **જવાબ**—તે ગગન તરફ જાય છે, ઘરમાં ઘેરાએલો રહે, તો અઘરે-સાંકડે રસ્તે જાય છે. માણસો તેને ધુમાડો સમજીએ. (૬)

પાઠ ૫૭.

પૂર્વે=પહેલાં
આર્યાવર્ત=વિંધ્ય ને હિમાલયની વચ્ચેનો પ્રદેશ
યા=અથવા
રક્ષણ=બચાવ
અસંખ્ય=ગણી ન શકાય એટલા; ઘણાજ
શરણાગત=રક્ષણ માટે આવેલો
યજ્ઞ=હોમ
પડખામાં=પાસામાં; બાજુમાં;
ક્રૂર=ઘાતકી; નિર્દય
રક્ષા=બચાવ
આહાર=ખોરાક
તોલ=બરાબર
વિખુટો=જુદો
ખાતર=માટે
વિરોધ=ઉલટાપણું

ધર્મજ્ઞ=ફરજ જાણનાર	અખંડ=આખું; સાજું	વાટ=રાહ
ઈંદ્ર=દેવોનો રાજા	ધાઈને=દોડીને	

સાર—જબરાએ નબળાનું રક્ષણ કરવું.

પાઠ ૫૮.

ઘડી ઘડી=વારંવાર	સાફ=બરાબર	ઠાલા=નકામા
ઉકળાટો=ધામ	અરણવ=દરીઓ; સમુદ્ર	કમી=ઓછી
ભારી=બહુ	ભાળ્યાં=જોયાં	ઉભરાય=પાકે
અભ્ર=વાદળાં	રસ=મધુર સૂર	પીત=પીળા
સકળ=બધા	યંત્ર=સતાર, સારંગી વગેરે	સૂર્યાસ્ત=સૂર્યનું આથમવું
ચાળા=ચિહ્ન; નિશાની	રૂપાળા=સારા	ઉજળું=સફેદ
ચલ્લી=ચકલી	અધિક=વધારે	નૈઋત્ય=દક્ષિણ અને પશ્ચિમ વચ્ચેની દિશાના
બગ=બગલા	ઘંટ=ઘંટા	શીતળા=ઠંડા; શીતળ

વસંત ઋતુની નિશાની.

સમજુતી–તડકો અને શીળો ઘડીએ ઘડીએ બદલાય છે, તાપથી જીવોને ઘણો ધામ થાય છે, ઘણાં કાળાં વાદળાં આમ તેમ દોડતાં દેખાય છે, તેથી બધા માણસો કહે છે કે એ વરસાદ આવવાની નિશાની છે. (૧) ચકલી ધૂળમાં ફડફડ પાંખો ફફડાવે છે, બગલા પોતાની પાંખ બરોબર ફેલાવી બેસે છે, પક્ષી દરીઆ કાંઠેથી આવતાં જોયાં તેથી બધાં૦ (૨) રાત દિવસ શીતળ પવન ફરફર આવે, ઝાડો ખરરર થરરર શબ્દે હાલતાં જણાય, વાજીંત્રમાં બહુ સારા મધુર સૂર આવે છે, તેથી બધા૦ (૩) હંમેશ કરતાં તો હવા ઘણી ભેજવાળી જણાય છે, ફૂલમાંથી બહુ સારી વાસ નીકળીને આવે, આઘે ઘંટ વાગતા હોય એવા ખોટા અવાજ સંભળાય છે, તેથી બધા૦ (૪) હવામાં ગરમી ઓછી હોવાને લીધે ખાર ઓગળે છે, અને ઉધઇ, કીડી, અને

મંકોડા જોરથી ઉભરાય છે, (ઘણાજ પાકે છે) પક્ષીઓ માળા બાંધવાની તપાસમાં આમ તેમ ફરે-ઊડે. તેથી બધા૦ (૫) શોભાયમાન ધનુષ જણાય છે અને સુરજ આથમતા પીળો ભાસ થાય છે, ચંદ્રમાની આજુબાજુ ઘણું સફેદ કુંડાળું દેખાય છે, ઈશાન ખુણામાં ઘણી વીજળી થાય છે, અને નૈઋત્ય ખુણામાંથી ઠંડો પવન વાય છે તેથી બધા૦ (૬)

પાઠ ૫૯.	સલાહ=અભિપ્રાય	મમતા=ચાહના; માયા
કૈસરેહિંદ=એ નામનો ઇલકાબ	નિષ્ઠા=ભાવ; આસ્થા	મુનશી=મુસલમાન શિક્ષક
	યાદગીરી=નામના; કીર્તિ	હસ્તક=તાબામાં
સતી=પતિવ્રત ધર્મ પાળનાર સ્ત્રી; પતિવ્રતા	દબદબા ભરેલી=ઠાઠવાળી; ભપકાવાળી	ઢંઢેરો=સરકારી જાહેરનામું.
સંભાવ=આશા	સભ્યતા=સલુકાઈ	પદ=પદવી; ઓદ્ધો
સંપૂર્ણ=પુરેપુરી	ખ્યાલ=ખામી	ખેદ=દીલગીરી
આચારણ=ચાલચલગત	પરગજુ=પરોપકારી	વિસ્તાર=ફેલાવો
પ્રયાસ=મહેનત	બુજ=કદર; પિછાણ	પૂજ્યભાવથી=પવિત્ર લાગણીથી
અવસ્થા=હાલત	ભાષા=બોલી	

સવાલ—મહારાણી વિકટોરિઆએ કયાંથી કયાં સુધી કેટલા વરસ રાજ્ય કર્યું? મહારાણીનો જન્મ કયા સનમાં થયો હતો? કેટલા વરસની ઉમરે કયા સનમાં ગાદીએ બેઠાં હતાં? એમના પિતાજીનું નામ શું? એમનું લગ્ન કોની જોડે થયું હતું? મહારાણી કયા સનમાં વિધવા થયાં? મહારાણી હિંદુસ્તાની ભાષા જાણતા હતા કે નહિ? કંપની કનેથી કારભાર મહારાણીના હાથમાં કયા સનમાં આવ્યો? ૧૮૩૭, ૧૮૬૧, ૧૮૫૮ અને ૧૮૭૭ માં શું બનાવ બન્યો? મહારાણીનું નામ હાલમાં શા માટે યાદ કરવામાં આવે છે? મહારાણીના અમલમાં કયા કયા સુધારા દાખલ થયા?

પાઠ ૬૦.

રક્ષ=રક્ષણ કર
દેવ=ઇશ્વર
મહારાજા=પાંચમા જ્યોર્જ
પ્રૌઢ=ઘણા મોટા
જયવંત=જશવાળા
મસ=વધારે
કીર્તિ=મોટાઇ
યશ=આબરૂ
સંભાર=વધાર; ફેલાવ
જગદીશ=પરમેશ્વર
વીખેરવા=છુટા પાડવા
રૂઠ=ગુસ્સે થા
કાળ=મોત; હાર
બંધ પાડ=બેસાડ
દ્વેષ=કીનો; અદેખાઇ
હુન્નર=કસબ; કળા
અમઘેર=અમારે ત્યાં
જંપ=નિરાંત
સધો=થાઓ
કાળ=વખત
ગંજ=ઢગલો
દાન=પુણ્ય
શ્રેષ્ઠ=મોટા
જાશુ=હંમેશ
ક્ષેમ=સુખ
રાય=રાજા
સદભિમાને=સારી ઉંચી લાગણીથી
પૂજ્ય=પવિત્ર
પ્રત્યે=તરફ
પાંખમાં=છાયામાં; આસરામાં
ધર=રાખ
શક્તિમાન=જોરાવર
રાજેશ્વર=રાજાઓના ધણી
નાથ=પરમેશ્વર
મહાજ્ઞાની=અક્કલનો ભંડાર; ઘણા જ્ઞાનવાળો
શુભકાર=કલ્યાણ કરનારી
પાર=સુધી
દીલ=મન
સ્વીકાર=કબુલ કર

પાઠ ૬૦ રાજગીત.

સમજુતી—હે પરમેશ્વર ! તુ મોટા રાજાનું રક્ષણ કર. હે પરમેશ્વર ! તું મોટા રાજાનું રક્ષણ કર. હે મોટા રાજા ! તમે ઘણાં વરસ જીવજો. હે પરમેશ્વર ! શાહેનશાહનું રક્ષણ કર. એમને ઘણા કીર્તિવાન બનાવ. મોજમજા, મોટાઇ અને આબરૂ આપ; અને એમનું રાજ્ય ઘણા વરસ ચાલે તેમ કર. હે પરમેશ્વર શાહેનશાહનું રક્ષણ કર. (૧) અરે પરમેશ્વર ! હે જગતના ધણી તું ઊઠ, અને એના દુશ્મનને વીખેરી નાખવા તૈયાર થા; અને તેમનું મોત લાવ. વેર અને કંકાસ બધો

બેસાડી દે. સમજણ અને કળા વધે એમ કર; અમારા ઘરમાં નિરાંત ને સંપ થાઓ કે જેથી હમેશાં અમારૂં ભલું થાય. (૨) હે પરમેશ્વર તું મોટા જ્યોર્જ રાજાપર જોર, આબરૂ અને સુખની હગલાબંધ બક્ષીસ કર. કારણ કે ગરીબ અને રાજા સારી ઉંચી લાગણીથી એમનું રાજ્ય પૂજવા લાયક ગણે છે; અને જ્યાં ત્યાંના લોક એમના તરફ હેત બતાવે છે. (૩) હે સર્વ શક્તિમાન, રાજેશ્વર, મહાજ્ઞાની, પ્રભુ! તું એમને તારી છાયામાં રાખ. એની પૂર્વ કિનારાથી પશ્ચિમ કિનારા સુધી કલ્યાણકારક ઘણી સ્તુતિ થાય છે. વફાદારનો સંપ કબુલ કર. હે પરમેશ્વર શહેનશાહનું રક્ષણ કર. (૪)

પાઠ ૬૧.

અશોક=ચંદ્રગુપ્તના દીકરાનો દીકરો

જાદવકુળ=યદુકુળ; એ કુળનો મૂળ સ્થાપનાર યદુ હતો તે પરથી એ નામ પડ્યું છે

દ્વારકા=કાઠિઆવાડના વાયવ્ય ખુણામાં ગાયકવાડના તાબાનું ગામ છે એમાં રણછોડજીનું દહેરૂં છે

યુનાનદેશ=યુરોપ ખંડની દક્ષિણમાં દેશ છે તે;ગ્રીસ

સમર્થ=બળવાન

ઇ. સ. પૂર્વે=ઇસ્વી સન પહેલાં

નિરાધાર=આધાર વગરના; ગરીબ

દવાખાનાં=હોસ્પિતાલો

ચોતરા=ચબુતરા

આશ્રય=મદદ; ઉત્તેજન

સ્તંભો=થાંભલા

મૂળતત્વો=જે મુદ્દા કે સિદ્ધાંતો પર ધર્મ રચાયો હોય તે

લિપિ=લખેલી ભાષા

મુખ્યત્વે=ઘણું કરીને

હિંસા=હત્યા; ખૂન

શ્રમણો=સાધુઓ

ઉડાઉ=ખર્ચાળ

હિત=ભલું; કલ્યાણ

મત=એકાદો ધર્મ માર્ગ

આગ્રહ=બળાત્કાર; દબાણ

વૃત્તાંત=હકીકત

લાડી=વહુ

લંકા=સિંહલદ્વીપ; હિંદુસ્તાનની દક્ષિણમાં બેટ છે તે

સંગમ=નાની નદી મોટી નદીને જે જગાએ મળે છે તે જગો

પુરાણ=હિંદુઓના એ નામના ધર્મના જુના ગ્રંથો (પુરાણ ૧૮ છે.)

સવાલ—બૌદ્ધધર્મને કયા રાજાએ આશ્રય આપ્યો હતો? ચંદ્રગુપ્ત અને અશોક કયા વંશના? તેમની રાજધાની કયાં હતી? અશોકે પોતાની રૈયતના ભલાને માટે શું શું ગોઠવના કરી? ગીરનારના લેખમાં શું લખેલું છે? લંકાની લાડી ને ઘોઘાનો વર એ કહેવત શા ઉપરથી પડી?

પાઠ ૬૨.

વંશજો=વંશમાં જન્મેલા
ખંડેર=ભાંગી પડેલી ઇમારતો
ગુર્જરરાષ્ટ્ર=ગુજરાત
નીડર=બીએ નહિ એવો; હિંમતવાન
વચની=બોલેલું પાળનાર
ભાટ=એક જાતના બ્રાહ્મણ; ખરા ખોટા વખાણ કરનાર
પટાવતો=રાજના મુખ્ય સરદારો
કતલ=કાપાકાપી
પડાવ=મુકામ
મરણીઆ થઇ=યાહોમ કરી; ઝંપલાવી
ગર્ભવંતી=બેજીવસાળી; દહાડાવાળી
સમય વિચારીને=સમય સૂચકતા વાપરીને
નિર્ભય=બીક વગર
રણભૂમિ=લડાઇની જગો; રણક્ષેત્ર; રણસંગ્રામ
યાહોમ કરીને=મરણીઆ થઇને
ઝૂઝીને=જુસ્સાથી લડીને

સવાલ—અશોકના પછી કેટલે વરસે મૌર્યવંશના રાજાઓની સત્તા ઊઠી? ત્યાર પછી પરદેશી રાજાઓનો અમલ કેટલા વરસ રહ્યો? તેમાં કયા રાજાઓ બળવાન થયા? ક્ષત્રપ પછી ગુજરાત કયા વંશના રાજાઓના હાથમાં આવ્યું? ગુપ્ત વંશ પછી કયો વંશ થયો? વલભી વંશની રાજધાનીનું શહેર કયું? અને તે કયાં હતું? વલભી વંશ કેટલા વરસ ચાલ્યો? વલભી વંશનો નાશ શી રીતે થયો? વલભી રાજાઓ જાતના કોણ હતા? ગુજરાત નામ શા ઉપરથી પડયું? વલભીવંશ પછી કયા વંશનું રાજ થયું? તેની રાજધાની કયા નગરમાં હતી? ભુવડ અને જયશિખરી વચ્ચેની લડાઇનું વર્ણન કરો. રૂપસુંદરી કોણ? રૂપસુંદરીને જંગલમાં કોણ તેડી ગયું અને શા માટે?

પાઠ ૬૩.

વનરાજ=જયશિખરનો છોકરો

દેખરેખ=તપાસ

મૂળરાજ=રાજનો છોકરો (એ મૂળ નક્ષત્રમાં જન્મ્યો હતો)

શ્રેષ્ઠ=સૌથી સારો

પુખ્ત ઉંમર=સમજણી ઉંમર; અઢાર વરસની ઉંમર

કદાવર=ઉંચો ને ભરાઉ

શામળો=કાળો

શ્રીસ્થળ=સિદ્ધપુર. એ સરસ્વતી નદીને કાંઠે છે

ત્રાસ=ડર; ધાક; કંટાળો

જુનાગઢ=ગીરનાર પર્વતની પાસે શહેર છે (હાલ એમાં બાબી વંશના મુસલમાન રાજાનું રાજ્ય છે)

ખાલસા=જપ્ત

સતી થવું=ધણીના મુડદાં સાથે જીવતા બળી મરવું

આણ=દુવાઇ; હુકમ

શૈવ=શિવનો

ભાલ=ધોળકા તથા ધંધુકા તાલુકાનો તથા કાઠિઆવાડનો કેટલોક ભાગ

સહસ્રલિંગ તળાવ=એ નામનું પાટણમાં તળાવ હતું એનાપર હજાર મહાદેવની દહેરી હતી તેથી એવું નામ પાડયું હતું.

દંતકથા=મોઢેથી ચાલતી ખરી ખોટી વાત

બાધ=હરકત

વૃત્તિ=ભાવ; ઇચ્છા

સવાલ—વનરાજ નામ શાથી પડયું? વનરાજે પોતાના બાપનું રાજ્ય શી રીતે પાછું મેળવ્યું? વનરાજે કયું શહેર વસાવ્યું? અણહીલપુર નામ પાડવાનું કારણ શું? ચાવડા વંશનો છેલ્લો રાજા કોણ અને તેને કેટલા છોકરા હતા? ચાવડા વંશ પછી કયો વંશ થયો? એ વંશના પહેલા રાજાનું નામ શું? એણે રાજ શી રીતે મેળવ્યું? મુળરાજ નામ શા ઉપરથી પડયું? એનાં મા, બાપ તથા દાદાનું નામ કહો. સોલંકી વંશ કયાંથી કયાં સુધી કેટલા વરસ ચાલ્યો? સોલંકી વંશમાં કયો શ્રેષ્ઠ રાજા થયો? સિદ્ધરાજના બાપનું તથા માનું નામ શું? મીનળદેવીએ શું બંધાવ્યું અને તે કયાં તથા કયારે? સિદ્ધરાજના શરીરનું વર્ણન કરો. બર્બર કોણ? સિદ્ધરાજે તેને શા માટે હરાવ્યો?

જુનાગઢના રાજા સાથે લડાઇ થવાનું કારણ શું ? એ લડાઇ કેટલા વરસ ચાલી અને શું પરિણામ આવ્યું ? રાણકદેવીને ઓળખાવો. યશોવર્મા ક્યાંનો રાજા તથા કયા વંશનો ? માળવાના રાજા સાથે કેટલા વરસ સુધી લડાઇ ચાલી અને તેનું પરિણામ શું આવ્યું ? સિદ્ધરાજ નિર્દય હતો એ તમે શા ઉપરથી કહો છો. રુદ્રમાળ ક્યાં છે તથા શું છે? એ કોણે બંધાવ્યો તથા કોણે પુરો કરાવ્યો ? શ્રીસ્થળનું બીજુ નામ શું ? એવું નામ પાડવાનું કારણ શું ? સિદ્ધરાજે ક્યાં ક્યાં બાંધકામો કરાવ્યાં ? સિદ્ધરાજ ભણેલો હતો કે નહિ ? સિદ્ધરાજે કેટલા વરસ રાજ કર્યું ને કયા સનમાં મરી ગયો ? તમે શા ઉપરથી કહો છો કે અણહીલવાડની ગાદીપર સિદ્ધરાજ જેવો રાજા થયો નથી ? એનો જન્મ કયા સનમાં અને ક્યાં થયો હતો ?

સાર—જર, જોરૂ, અને જમીન એ ત્રણે કજીઆનાં મૂળ છે. મતલબ કે એ ત્રણને માટેજ લડાઇઓ થાય છે.

પાઠ ૬૪.

ઉમરાવ=અમીર
યોદ્ધો=લડવૈયો
અલાઉદ્દીન=ખીલજી વંશનો બીજો બાદશાહ
પાટનગર=રાજનગર; રાજધાની
બેગમ=બાદશાહની સ્ત્રી
બાગલાણ=નાશકની પાસે ડુંગર છે.
દીપી=શોભી; ખીલી
અઘટિત=અયોગ્ય
આફત=દુઃખ
ઝપાઝપી=મારામારી
કાવ્ય=કવિતાનું પુસ્તક

સવાલ—વાઘેલા વંશનો છેલ્લો રાજા કયો ? ગુજરાતનો છેલ્લો રજપુત રાજા કયો ? કરણઘેલા પાસેથી કોણે રાજ લીધું ને કયા સનમાં ? કરણની કઈ રાણી ખૂબસુરત હતી ? કોલાદેવી કોની બેગમ થઇ ? કોલાદેવીની છોકરીનું નામ શું ? દેવળદેવી કોની સાથે પરણી ? કરણનું મોત શી રીતે થયું ?

પાઠ ૬૫.

દુરાચરણી=ખરાબ ચાલનો; દુર્ગુણી
પૌત્ર=છોકરાનો છોકરો
બંડ=હુલ્લડ; બળવો
લડવૈયા=યોદ્ધા
ઘોર=પાપી; ક્રૂર
ઘોર કર્મ=ઘાતકી કામ
પશ્ચાત્તાપ=પસ્તાવો
અંતઃકરણ=મન; દીલ
વાટપાડુ=રસ્તો રોકી લુટનાર
કાસળ=મૂળ
સરહદ=સીમાડો; છેવટની હદ
વસુલાત=મહેસુલ
બેશ=સારી; ઉમદા
પ્રવાહ=વહેણ
સુશોભિત=સારી શોભાયમાન
વણકરો=વણનાર
ઉમદા=સરસ
ઓરસ=મેળો

સવાલ—ગુજરાતનો કયો સુબો સ્વતંત્ર થઇ ગયો? તેણે પોતાનું નામ શું રાખ્યું? મુજફ્ફરશાહના પુત્રનું નામ શું? વસુલાત ઉઘરાવવાની રીત કોણે બાંધી? અહમદશાહના વખતમાં પ્રજા સુખી હતી કે નહિ? અહમદશાહે કયું શહેર વસાવ્યું? તેને હાલ શું કહે છે? સાબરમતી એ શું છે? તેનો પ્રવાહ શા માટે બદલ્યો? શહેરની દોલત તથા આબાદી વધારવાને શું પ્રયત્ન કર્યા? અહમદશાહનો અમલ ક્યાંથી ક્યાં સુધી હતો? અહમદશાહની કબર ક્યાં છે?

પાઠ ૬૬.

મોજીલો=આનંદી
જામ=મુસલમાની વંશનું નામ છે
બેગડો=બે ગઢ જીતનાર
ફીતુર=હુલ્લડ; બંડ
દાબ=ફરબ; ધાક
શિરોહી=ગુજરાતની ઉત્તરમાં છે અહીંની તરવાર વખણાય છે
જગત ભૂશિર=જગત પોઈંટ. (એ દ્વારકા પાસે છે.)
ચાંચીઆ=દરીઆમાં લૂટ કરનાર
ખાલસા=જપ્ત
પ્રતાપ=કીર્તિ
મુસાફરખાનાં=ધર્મશાળા
બેટ=શંખોદ્ધાર. (એ દ્વારકાની પાસે છે.)
ઉસ્તાદ=ગુરુ
શ્રીમંત=પૈસાદાર; તવંગર
ફિરદોસ=આંબાવાડી
અમરાઈ=આંબાવાડી
ઠાઠ=ભપકો; દબદબો
વાજીંત્ર=વાજાં

સવાલ—મહંમદશાહ બીજો કોની સાથે પરણ્યો હતો? બેગડો નામ શાથી પડ્યું? કયા કયા બે ગઢ જીત્યા? કેટલા વરસની ઉંમરે ગાદીએ બેઠો? ગીરનારની પડોશમાં કયું શહેર વસાવ્યું? કયા કયા રાજાઓને હરાવ્યા? ૧૪૮૩ માં શું બનાવ બન્યો? દરીઆની લડાઇમાં કોને કોને હરાવ્યા? મહેમદાવાદ કોણે વસાવ્યું? ભમરીઓ કુવો કયાં છે? મહમૂદશાહને કયાં દાટ્યો છે? મહમૂદે લોકોપયોગી શું કામો કીધાં? મુસલમાન પાદશાહોમાં સિદ્ધરાજ જેવો કયો પાદશાહ થયો?

પાઠ ૬૭.

સર=તાબે
લગામ=સત્તા
હસ્તક=તાબામાં
વશ=તાબે
બથાવી=પચાવી
કર=વેરો
દર=ભાવ
ભક્ષ્યા=ભેટ કર્યા
ટક્કી શકાય=ટક્કર લઇ શકાય
ખંભાત=મહી નદીના મુખ આગળ શહેર છે એમાં મુસલમાની રાજ્ય છે.
ફતેહ=જીત
વડોદરા=વિશ્વામિત્રિના કાંઠાપર ગાયકવાડની રાજધાનીનું શહેર છે
હવાલે=તાબે
મગરૂર=અહંકારી
આપઘાત=પોતાને હાથે પોતાનો જીવ કાઢવો તે
અંત=છેડો

સવાલ—મહમૂદ બેગડા પછી કયો પ્રખ્યાત પાદશાહ થઇ ગયો? તેણે શું કીધું? બહાદુરશાહ કયા બે જબરા શત્રુને જીતી શકયો નહિ? ઇતિમાદખાન કોણ અને તેણે શું કીધું? ગુજરાતનો છેલ્લો મુસલમાન પાદશાહ કોણ? તેની પાસેથી ગુજરાત કોણે જીત્યું?

પાઠ ૬૮.

આબુ=ગુજરાતની ઉત્તરમાં પર્વત છે.
ઘટા=ભરાવ
ચમકારા=ઝબકારા
ઝુંપડું=લાકડાનું ઘર
વાદળાં=આભલાં
નાળચું=નળી
ધુમસ=ધુમાડા જેવી ધાડી વરાળ
ગંજી=ઘાસનો ઢગલો
ભિજી=ભિનાઇ
બંધાઇ=ઠરી
કરા=આકાશમાંથી પાણીના બંધાયેલા કાંકરા

પડે છે તે	હવામાંની વરાળનું પાણી
ઝાકળ=ઠંડીના જોરથી	થવું તે; ઓસ; ઠાર.

સવાલ—વરાળ, વાદળાં, ધુમસ, ઝાકળ અને વરસાદ એટલે શું તે સમજાવો. આબુ ક્યાં છે? સવારે ધુમસ જેવું શું દેખાય છે? ધુમસ અને ધુમાડામાં ફેર શું? પાણીની વરાળ શી રીતે થાય છે તે પ્રયોગ કરી બતાવો. વરાળ કેટલી રીતે થઇ શકે છે? પાણીવાળી જગા ગણાવો. વાદળાં શેનાં બને છે?

પાઠ ૬૯.	સપાટી=પદાર્થનો ઉપલો	સ્ટીમર
સઢ=વહાણના કુવા સાથે	ભાગ	ફેરો=આંટો; ચક્કર
બાંધેલું પવન ભરવાનું	આગબોટ=વરાળથી	આરપાર=એક છેડાથી
લુગડું	ચાલતું મોટું વહાણ;	બીજા છેડા સુધી

સવાલ—પૃથ્વીનો આકાર કેવો છે? પૃથ્વી ગોળ છે તેનાં કારણ ગણાવો. પૃથ્વીના ફરવાથી શું થાય છે? પૃથ્વી ફરે છે કે સુરજ તે પ્રયોગથી સાબીત કરી બતાવો. પૃથ્વીનો એક ફેરો કેટલા વખતમાં પુરો થાય છે? પૃથ્વી જે ધરી પર ફરે છે તે ધરી કેટલા મૈલની હોવી જોઇએ? પૃથ્વીને ખરેખરી ધરી છે? આપણી આંખે સુરજ ફરતો દેખાય છે તેનું કારણ શું? છોકરાઓ ગોળાકારમાં ફરે છે ત્યારે ઘરો ફરે છે કે છોકરાઓ ફરે છે?

પાઠ ૭૦.	ચોક્કસ=મુકરર	જોત=સગગતો કાકડો
અંતરે=છેટે	સ્થિતિ=હાલત; ગતિ; બળ	વાર્ષિક=વરસની

સવાલ—દહાડો ને રાત કોના ફરવાથી થાય છે? પૃથ્વી કઇ દિશામાંથી કઇ દિશામાં ફરે છે? દહાડો ને રાત સરખા ન હોવાનું કારણ શું? વરસમાં કેટલા દિવસ દહાડો ને રાત સરખા હોય છે અને તે દિવસ કયા?

પાઠ ૭૨.
અગાસી=ધાબુ
કરાંઠી=કાસ્ત, તુવેરનો સુકો છોડ
ખુંપરાં=સુકાં ઠુંઠાં
કાટા=નીક
કાંસ=પાણી જવાનો માર્ગ; નીક
ટેટી=ખડબુચુ
ખરીફ=ચોમાસામાં વવાતાં ધાન્ય
વાવણી=રોપણી
કરપી દે છે=રાંપડી ફેરવે છે
નીંદી=ઉખેડી
હેલી=ચાલુ વરસાદ
વળે છે=થાય છે
માફકસર=જોઇતો
તીડ=ખેતરને નુકસાન કરનારું તપખીરિઆ રંગનું જીવડું
ધમાલ=ભીડ; ધાંધલ
રત્રિપાક=શિઆળુ પાક
કડબ=જુવારના સુકા સાંઠા
સરકાર ધારો=મહેસુલ
ખરે=ભોંયપર પડે
ધરે=ચોળે [વગેરે
તંબોળ=પાન, સોપરી
ધરે=પહેરે; ઓઢે
શાલ=ઊનનું કીમતી લુગડું
ફાટે=ચીરા પડે
ઘટે=ઓછા થાય
ભલીભાત=સારી રીતે
જળ ઉંડા જાય=પાણી સુકાઇને ઓછું થાય
પામે=મળે; આવે
ગુણવાન=ફાયદાવાળા; ગુણકારી
હોજ=પાણીની ટાંકી
લાગ=લાગે
ચંદન=સુખડ, કેસર વગેરેને ઘસીને લચકા જેવું બનાવે છે તે
મીઠા=મધુરા
વણુતોલે=ઘણોજ
ખાસું=મજાનું
ડુબાડુબ=ડૂબી ગએલી
ઉચારે=બોલે
મલાર=રાગનું નામ છે
ખેતીકાર=ખેડુત
ચંપેલી, જુઇ, જાઈ } એક જાતનાં સુગંધીદાર સફેદ ફૂલ
ચંપા=પીળા રંગનું સુગંધીદાર ફૂલ
ભલાં=સારાં
ફુલાય=મોટા થાય; ખીલે
માટ=માટે
ચાખડીઓ=પાવડીઓ
હિંચોળા=હીંચકા
ખાટ=ખાટલો

સવાલ—ઉનાળામાં ખેડુત શું શું કરે છે? ઉનાળામાં ગામડાના લોકો શહેરમાં શું શું લાવે છે? ચોમાસામાં ખેડુતો શું કામ કરે છે?

ખેડુતને મહેનતનું ફળ કયારે મળે છે. અને કયારે મળતું નથી? શિઆળામાં શું કામ કરે છે? શિઆળામાં શું શું વેચવા આવે છે?

કવિતાની સમજુતી.

શિઆળામાં ઠંડો પવન વાય છે, ઝાડનાં પાંદડાં ખરી પડે છે અને ઘઉં પાકે છે; ગોળ થાય છે, કપાસ અને કઠોળ પાકે છે, લોકો શરીરે તેલ ચોળે છે, અને પાન સોપારી ખાય છે. (૧) શરીરે ડગલા પહેરે છે, ને શાલ ઓઢે છે, ગરીબ માણસના પગ અને ગાલ ફાટી જાય છે. શિઆળામાં દહાડો નાનો થાય છે અને રાત મોટી થાય છે અને શરીરમાં સારી રીતે (સારો ખોરાક ખાવાથી) જોર આવે છે. (૨) ઉનાળામાં પાણી ઉંડાં જતાં રહે છે, એટલે ઓછાં થાય છે. નદી અને સરોવરનાં પાણી પણ ઓછાં થાય છે. સઘળી વનસ્પતિને નવાં પાંદડાં આવે છે, અને સારા ગુણવાળાં કેસુડાનાં ફૂલ પણ થાય છે. (૩) પાણીના કુંડ, ફુવારા ને બાગ સારા લાગે છે, ચંદન અને વીંજણા વહાલા લાગે છે. કોયલ મધુર શબ્દ બોલે છે, અને તાપ ઘણોજ પડે છે. (૪) વરસાદની ઋતુ ઘણી મઝાની લાગે છે દુનિયા પાણીમાં ડૂબેલી દેખાય છે મતલબ કે બધેજ પાણી પાણી થઇ રહે છે. લોકો મલાર રાગ ગાય છે ને ખેડુતો ખેતરમાં વાવણી કરે છે. (૫) ચંપા, ચંપેલી, જુઇ, જાય અને ગુલાબનાં ફૂલ સારાં ખીલે છે; ચોમાસામાં સુખને માટે છત્રી, પાવડી, હીંચકા ને ખાટલા હોય છે. (૬)

પાઠ ૯૨.

સલામતી=હથિયાર નમાવી સલામ આપવી તે

અખ્તિઆર=ઓહ્દો; સત્તા

ઉપરી=અમલદાર; અધિકારી

કમિશનર=પ્રાંતનો મુખ્ય અધિકારી

ગવર્નર=ઇલાકાનો મુખ્ય અધિકારી

માહીતી=સમજ

રેલા=પૂર

સિંધુ=એ સિંધ પ્રાંતમાં મોટામાં મોટી નદી છે

ભેજવાળી=શરદીવાળી

નાશક અને ત્ર્યંબક= નાશક જિલ્લામાં ગોદાવરીના મૂળ આગળ એ શહેર છે.
જળઘોધ=પાણીનું જોસબંધ ઉપરથી પડવું તે
રોગિષ્ઠ=રોગવાળી
વિભાગ=ભાગના ભાગ
દેશીરાજ્ય=દેશી રાજાને મુલક
મહાબળેશ્વર=મુંબઇ ઇલાકામાં સહ્યાદ્રિમાં હવા ખાવાનું ઠેકાણું છે ગવર્નર સાહેબ ઉનાળામાં અહીં રહે છે.
પુના=પુના જિલ્લામાં મુળામુઠા નદી પર શહેર છે. એમાં પેશ્વાની રાજધાની હતી. પુનાનાં પાન વખણાય છે
મંડળ=સભા
કાયદા=કાનુન; ધારા
મંત્રી=પ્રધાન; વજીર
મોટી અદાલત=હાઇકોર્ટ
ન્યાયાધીશ=ઇન્સાફ કરનાર અમલદાર; જડજ
ડિરેક્ટર=ઇલાકાનો કેળવણી ખાતાનો વડો અધિકારી
બેશક=નક્કી

સવાલ—મુંબઇ ઇલાકાના કેટલા ભાગ કરેલા છે અને તે કયા કયા? એ દરેક ભાગના ઉપરીને શું કહે છે? એ ચાર વિભાગ સિવાય બીજો કયો જુદો વિભાગ છે? તેના ઉપરીને શું કહે છે? ગુજરાત કયા વિભાગમાં આવ્યો? મુંબઇ ઇલાકામાં કયાં કયાં મોટાં દેશી રાજ્ય છે? સૌથી મોટું કયું દેશી રાજ્ય છે? ઇલાકાનો ઉપરી કોણ? તેની નીમણુક કોણ કરે છે તથા તે કેટલા વરસ સુધી એ ઓહ્દાપર રહે છે? ગવર્નર સાહેબ શિઆળામાં, ઉનાળામાં અને ચોમાસામાં ક્યાં રહે છે? મુંબઇ ઇલાકાની રાજધાનીનું શહેર કયું? ગવર્નરને મદદ કરવાને કેટલા મંડળ છે અને તે દરેક મંડળનું નામ શું? કયું મંડળ મુંબઇ સરકારના નામથી ઓળખાય છે? કારભારી મંડળમાં કેટલા કારભારીઓ હોય છે? એ કારભારી મંડળના હાથ નીચે કેટલા પ્રધાનો હોય છે? ન્યાયખાતાનો વહીવટ કોણ ચલાવે છે? ડિરેક્ટર એટલે શું? ઇલાકામાં ક્યાં કયાં ખાતાં હોય છે અને દરેક ખાતાના ઉપરી અમલદારને શું કહે છે? તેઓ કોના તાબામાં હોય છે.

મુંબઇ ઇલાકામાં કેટલા પ્રાંત છે અને તે કયા કયા ?

પાઠ ૭૩.

હાથ આવ્યો=તાબાનો આવ્યો
ઉતારૂ=મુસાફર
ફાંટા=શાખા
મિલો=કાપડ વણવાનાં કારખાનાં
કારખાનાં=કામ કરવાની જગો
ગીરદી=ભીડ
લક્ષાધિપતિ=લાખો રૂપીઆના ધણી
મિનારા=બુરજ
વૈભવ=સુખનાં સાધન
થાનક=સ્થાન; ઠેકાણું
ત્રિકોણ કાર=ત્રણ ખુણાનો ઘાટ
વિસ્તાર=લંબાઇ પહોળાઇ
કરોડપતિ=કરોડ રૂપીઆના ધણી
દાણ=જકાત
વણાટ=વણવાનું કામ
તાર=તાંતણા
ત્રણ તાર=સુતરાઉ, રેશમીને ને કસબી વણાટ
ખોડાં=લંગડાં; અશક્ત
પાંજરાપોળ=અશક્ત ઢોરોને રાખવાની જગા
સહિત=સાથે
દેવસ્થાન=દહેરું
છાવણી=લશ્કરને રહેવાની જગા; કેમ્પ
ગોરૂં લશ્કર=સોલજરનું લશ્કર
રોજો=કબર
શોભા=દેખાવ
કોલેજ=પાઠશાળા; ઉંચું જ્ઞાન આપવાની શાળા

સવાલ—મુંબઈ બેટ અંગ્રેજ સરકારને કયારે અને કેવી રીતે મળ્યો ? અંગ્રેજના હાથમાં આવ્યા પછી શું સુધારા થયા ? મુંબઈનું વર્ણન કરો. મુંબઇ નામ પડવાનું કારણ તથા એનો અર્થ કહો. મુંબઇનો આકાર કેવો છે ? એનો વિસ્તાર કેટલો છે ? કેટલા માણસની હાલ વસ્તી છે ? મુંબઇ ઇલાકામાં પહેલા નંબરનું બંદર કયું ? હિંદુસ્તાનમાં વેપાર રોજગારની બાબતમાં કયું શહેર ચઢિઆતું છે ? મુંબઇ ઇલાકામાં બીજા નંબરનું શહેર કયું ? મુંબઇ ઇલાકામાંનાં મોટાં શહેરોનાં નામ કહો. અમદાવાદ કોણે વસાવ્યું અને કયા સનમાં ? અમદાવાદની પડતી શા કારણથી થઇ હતી ? ચઢતી કયારથી થઇ ?

અમદાવાદ અસલથી શાને માટે પ્રખ્યાત છે? અમદાવાદને માટે શું કહેવાય છે? અમદાવાદ શહેરમાં જોવા લાયક જગાઓ કઇ કઇ છે? અમદાવાદ કઇ નદીને કાંઠે છે? અમદાવાદનું શું વખણાય છે?

પાઠ ૭૪.

જંબુસર=ભરૂચ જિલ્લામાં કસ્બો છે

રેલવે=લોઢાની સડકનો રસ્તો

ઢાઢર=નદીનું નામ છે એ રેવાકાંઠાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે

ઝેબેઝેબ=ઝોબેઝોબા

પોઠી=માલ લાદેલો બળદ

વણજાર=પોઠીનું ટોળું

પેંઠ=મહારાષ્ટ્રમાં દેશી રાજ્ય છે. અહીંની પાઘડી વખણાય છે

પંજો=સપાટો

પોરબંદર=સુદામાપુરી. એ કાઠિઆવાડમાં છે

વીરમગામ=અમદાવાદ જિલ્લામાં શહેર છે. અહીં મુનસર તળાવ જોવા લાયક છે

ડીસા=એ પાલણપુર એજન્સિમાં શહેર છે

વેપારીમાર્ગ=માલ લઇ જવા લાવવાનો રસ્તો

કાફલો=જથો; ટોળું

થરાદ=પાલણપુર એજન્સિમાં ગામ છે

નગરપરકર=સિંધના થરપારકર જિલ્લામાં તાલુકો છે

સવાલ—જંબુસરથી પાલેજ શી રીતે જવાય? પાલેજથી સુરત શી રીતે જવાય ને વચ્ચે કયા કયા સ્ટેશનો આવે? સુરતથી પૂર્વ તરફ કઇ રેલવે જાય છે અને તે કયાં સુધી જાય છે? સુરતથી મુંબઇ જવું હોય તો કઇ રેલવેમાં બેસવું પડે? રસ્તે કયા કયા સ્ટેશનો આવે? સુરતથી નાશક કેટલે રસ્તે જઇ શકાય? આગગાડીમાં જવાનું સારૂં કે પગ રસ્તે જવાનું? પગ રસ્તે જતાં શું શું હરકતો પડી? મુંબઇથી દ્વારકા શી રીતે જવાય? દ્વારકાથી પોરબંદર કેટલી રીતે જઇ શકાય? પોરબંદરનું બીજું નામ શું? પોરબંદરથી જંબુસર તેઓ કયે રસ્તે આવ્યા હશે? આગગાડી અને આગબોટ નહોતી ત્યારે ગુજરાતનો વેપાર સિંધ સાથે કેવી રીતે ચાલતો?

પાઠ ૭૫.	રૂપીઆ આપવા તે	આબાદ=ચઢિઆતું
જૂજ=થોડી [સૈકો	સ્વતંત્રપણું=આપ અખ્ત્યારી	બેનમુન=જેનો જોડો નહિ હોય તેવી; ઉત્તમ
સદી=સો વરસનો કાળ;	રંગાટી=રંગનું કામ	શ્રેષ્ઠ=ઉત્તમ
તુંવાર=રજપુતની જાત	સરહદ=સીમાડો; છેવટની હદ	ઘેરાવો=ફરતો ઘેર
ચોહાણ=રજપુતનીજાત	ધાક=ડર; દાબ	બુરજો=મિનારા
ખંડણી=નાના રાજાએ મોટા રાજાને દર વરસે		ટકી રહે=કાયમ રહે

સવાલ—ચાંપાનેર શું છે તથા કયા છે? હાલમાં ત્યાં કયા લોકોની વસ્તી છે? ચાંપાનેર કોણે કયા સૈકામાં તથા કોના વખતમાં વસાવ્યું? ૧૧મા સૈકામાં કોનું રાજ્ય હતું? ઇ. સ. ૧૪૧૮, ૧૪૫૦, ૧૪૮૪ માં શું બનાવ બન્યા? ચાંપાનેર મહમદ બેગડાએ કયા સનમાં જીત્યું? ૧૮૦૩ માં શું બનાવ બન્યો? ચાંપાનેર અંગ્રેજના હાથમાં આવ્યા પછી આબાદ કેમ થઇ શક્યું નહિ? ચાંપાનેરમાં જોવા લાયક શું છે? ચાંપાનેરના કિલ્લાનું બ્યાન કરો. પાવાગઢપર કોનું દહેરૂં છે? પાવાગઢને લોકો શું કહે છે અને એમ કહેવાનું કારણ શું?

પાઠ ૭૬.	સ્થિતિ=હાલત	કરીએ
ગરમી=ગરમ વસ્તુને અડકવાથી જે લાગણી પેદા થાય છે તે	છલોછલ=છેક માથા સુધી	સંકોચીએ=બરાબર ગોઠવીએ
	ઉપસીને=ફુલીને	પ્રસરી=ફેલાઇ
	ઘન=નક્કર	
ચપકો=ડામ	પ્રવાહી=રેલો ચાલે એવું; પાણી જેવા રેલાતા	પાટોપાટ=એક છેડાથી બીજા છેડા સુધી
ઝળેલા=ફેલેલા		
વજન=તોલ	ખંખેરીએ=રાખ દૂર	ફૂલે=કદ વધે

સવાલ—ગરમી એ શું છે તે સમજાવો. ગરમીથી પદાર્થનું વજન કેમ વધતું નથી? પદાર્થને ગરમી આપવાથી શી બાબતમાં ફેરફાર થાય છે અને એ ફેર થવાનું કારણ પ્રયોગથી બતાવો. ઘન અને પ્રવાહી પદાર્થને ગરમી આપવાથી તેમની સ્થિતિમાં શું શું ફેરફાર થાય છે? ગરમી શેમાં જલદી પ્રસરી જાય છે?

સાર—ગરમી એ પદાર્થ નથી. ગરમીથી પદાર્થની એક સ્થિતિ બદલાઈ બીજી સ્થિતિ થાય છે; એટલે ઘન હોય છે તે પ્રવાહી થઈ જાય છે, અને પ્રવાહી હોય છે તેની વરાળ બને છે. જે પદાર્થમાં રજકણો પાસે પાસે હોય છે તેમાં ગરમી જલદી પ્રસરી જાય છે, પણ જે પદાર્થમાં રજકણો આઘે આઘે હોય છે તેમાં ગરમી જલદી પ્રસરી જતી નથી.

પાઠ ૭૭.

સંકોચાય=કદ નાનું થાય
વાટ=પૈડાપરનો લોઢાનો ગોળ પાટો
સજ્જડ=મજબુત
ઢાંકણ=ઢાંકણું
વાયુરૂપ=વા જેવા
સ્વરૂપ=પોતાનું રૂપ; ખરું રૂપ
શંકા=વહેમ; ગુંચવણ ભરેલા વિચાર; સંદેહ
ઝોળી=ઝોળી
કુસો=કુંસો
શાલદુપટ્ટા=શાલ વગેરે
ઉદાહરણ=દાખલો
હુંફાળું=સહેજ ગરમ
મુકાબલો=સરખામણી
લાગણી=અસર

સવાલ—ઠંડી એ શું છે તે સમજાવો. ઠંડીથી પદાર્થની સ્થિતિમાં ફેરફાર થાય છે તે પ્રયોગથી સાબીત કરો. પ્રવાહી અને વાયુરૂપી પદાર્થોને ઠંડીની શી અસર થાય છે? પર્વત ઉપરથી ઉતરનારને ગરમી અને ચઢનારને ઠંડી લાગવાનું કારણ શું? હુંફાળા પાણીને એક વખત આપણે ગરમ અને બીજી વખત ઠંડું કહીએ છીએ, તેનું કારણ પ્રયોગથી સાબીત કરી બતાવો.

સાર—જેમ ગરમી એ પદાર્થ નથી, તેમ ઠંડી પણ પદાર્થ નથી.

જેમ ગરમીથી પદાર્થની એક સ્થિતિ બદલાઇ બીજી સ્થિતિ થાય છે, તેમ ઠંડીથી પણ પદાર્થની એક સ્થિતિ બદલાઇ બીજી સ્થિતિ થાય છે. ઠંડીની અસરથી વાયુરૂપ પદાર્થો પ્રવાહી થાય છે, અને પ્રવાહી પદાર્થો ઘન થઇ જાય છે. ગરમીની અસરથી ઠંડીની અસર ઉલટી થાય છે.

પાઠ ૭૮.	ગોરમટી=ગોરાડુ માટી	ફુલાવેલી=પકવેલી
કોગળો કરવો=મોંમાંપાણી ભરી પાછું કાઢી નાખવું	બંધક=બાંધો કરનાર	ચાંદી=ફોલ્લા
ઘુંટડો=એક શ્વાસે પિવાય તેટલું	મજબુતી=તાકાત; જોર	દાહ=અગન
ખટમડુ=સહેજ ખાટું	કાકડો=ગળામાં બહારની બાજુએ દેખાતો ગઠ્ઠો એ ગઠ્ઠો નાના છોકરાઓમાં દેખાતો નથી મોટા માણસમાં દેખાય છે	ગચરકા=ઓડકાર
તુરૂં=તુરાશ પડતું		ઉલટી=વામીટ; ઓકારી
થૂ થૂ=થૂંક થૂંક		કોકરવરણું=સહેજ હુંફાળું
બનાવટી=બનાવેલા	અવાળુ=દાંતના પાઢિયાં	મહીસાગર=મહી નદી
		ખદખદે=ખદખદ થાય
		ચકતું=બેઠેલા ગોળાકાર

સવાલ—ફટકડી કેવો પદાર્થ કહેવાય? ફટકડી આપણા દેશમાં ક્યાં થતી હતી? ફટકડીના ગુણ તથા ઉપયોગ કહો. ફટકડી શી રીતે ફુલાવતા હશે? ફટકડી ફુલાવતી વખત ખદખદે છે તેનું કારણ શું?

પાઠ ૭૯.	ઘસરકા=ઘસારાથી પડેલા કાપા	જંગાલ=તાંબાનો કાટ
સીસું=મેલા ભુરા રંગની ધાતુ	બે બોલ=થોડું	કટાણું=કટાયલું
		રદ=નકામું

સવાલ—હરિશંકરે સીસા વિષે શી બીના કહી? મંછારામે કલાઇ વિષે શું શું કહ્યું? વાસણને કલાઇ દેવડાવવાનું કારણ શું? પિત્તળ શું શું મેળવીને બનાવે છે? કાંસું શું શું મેળવીને બનાવે છે? સીસું, કલાઇ અને જસતના ગુણ તથા ઉપયોગ કહો.

પાઠ ૮૦.

મોભ=ઘરનું સૌથી ઉંચું આડું મોટું લાકડું
ઘોડિઆટ=પીઢને સમાંતર નાખેલું જાડું લાકડું એમાં હીંચકા સારૂ કડાં જડવામાં આવે છે
સરપણ=બળતણ
કુંપળ=ટીસી
ગણતરી=હિસાબ
ગર=વચલો ભાગ
સંગીન=ઘટ; મજબુત ને નક્કર
ટકાઉ=ટકે એવું
કાષ્ટ=લાકડું
રસવાન=રસવાળું
વૃદ્ધિ=વધારો
ફીસું=ઝટ ફાટી જાય એવું
રેસાદાર=રેસાવાળું
પરનાળ=નેવાનું પાણી ઝીલવા સારૂ બનાવેલી તે
ઘટ=મજબુત
ખિચોખીચ=પાસેપાસે
એકાકાર=એકમેક
ચીવડ=ચિકાશવાળું; ચીકણું
[સંચો
કોલુ=શેરડી પીલવાનો
ઘાણી=તેલ, દીવેલ વગેરે પીલવાનો સંચો
ચઢિઆતો=ચઢતો; સરસ
હાથીદાંત=દંતુશળ
ઘાટબંધ=ઘાટદાર
ઓપીને=ઘસીને
મૂઠ=હાથો
મહોરાં=રમકડાં
ચોકસ=મુકરર

સવાલ—લાકડું ક્યાં ક્યાં જોવામાં આવે છે? આપણને જીવવાને માટે પહેલે, બીજે, ત્રીજે, ચોથે અને પાંચમે નંબરે કોની જરૂર છે? લાકડામાં અંદરને પાસે ગોળ કુંડાળા શાના દેખાય છે? ગોળ કુંડાળા પરથી શી પરીક્ષા થાય છે? લાકડાનો કયો ભાગ વધારે સંગીન અને કયો ભાગ ઓછો સંગીન હોય છે અને તેમ થવાનું કારણ શું? નાળિએરી અને તાડ શી રીતે વધે? એનું લાકડું કયા કયા કામમાં આવે છે અને કયા કામમાં આવતું નથી? દેવદારનું લાકડું શા માટે ઘર બાંધવાના કામમાં આવતું નથી? સાગ, સીસમ, બાવળ, આમલી અને રાયણનું લાકડું શું શું કામમાં આવે છે ને શા કારણથી? લાકડાની કઇ કઇ ચીજો બને છે? કોતરણી કામ જેવું હાથીદાંત પર થઇ શકે તેવું લાકડા પર થઇ શકે કે નહિ? હાથીદાંતનો રંગ કેવો હોય છે? હાથીદાંતની પરીક્ષા શી? હાથીદાંત શું કામમાં આવે છે?

હાથીદાંત કેવો પદાર્થ કહેવાય અને શા માટે? લાકડું કેવો પદાર્થ કહેવાય?

પાઠ ૮૧.

કાર્ય=કામ
સુગંધી=ખુશબો
સોડે છે=પીમળે છે
પાંખડી=પાંદડી
જાસવંતી=એક જાતના ફૂલ
કળી=ખીલ્યા વગરનું ફૂલ
ઢાંકણુ=કવર
વજ=ફૂલનું ઢાંકણુ
વજપત્ર=ફૂલનાં ઢાંકણનાં નાનાં પાંદડાં
નાજુક=કોમળ
ચૂંટી=તોડી
સળંગ=આખો
ફૂલમણી=ગોટો
ગોટો=પાંખડીઓ જોડાઇને ગોટા જેવું બને છે તે
સરણાઇ=પીપી
મુખ્ય=જરૂરનો
અગથીઓ=સેકટો
પુંકેસર=નરતંતુ
સ્ત્રીકેસર=સ્ત્રીતંતુ
પરાગકોશ=પરાગનો જથો
પરાગકણુ=પરાગની રજ
રજ=પરાગના ઝીણા કણ
બીજાશય=બી બંધાવાની જગા; ગર્ભાશય
સૂક્ષ્મબીજ=ઝીણાં બી

સવાલ—અત્તર શેનું બને? વજ શું કામ કરે છે? વજના નાના ભાગને શું કહે છે? ફૂલમણી એટલે શું તે સમજાવો. મોગરાના ફૂલનો નીચલો ભાગ નળી જેવો અને ધંતુરાના ફૂલનો નીચલો ભાગ સરણાઇ જેવો શા કારણથી દેખાય છે? કયા ફૂલની પાંખડીઓ છુટી હોય છે? પાંખડી શું કામ કરે છે? ફૂલમાં મુખ્ય ભાગ કયાં હોય છે? ઘણાં નરતંતુ કયા ફૂલમાં હોય છે? ફૂલના ભાગ ગણાવો.

પાઠ ૮૨.

પ્રવેશથી=દાખલ થવાથી; પેસવાથી
પોષવામાં=પોષણ કરવામાં
માવજત=સંભાળ; બરદાસ
યોજના=ગોઠવણ
ગર=માવો
વર્ગ=જાત
પોપટા=ચણાની શીંગો
જળવાય=સચવાય
પતી રહે=પુરૂં થાય
ફોલવા=છોલવા

સવાલ—ફળમાં કેટલા ભાગ હોય છે ને તે કયા કયા ? કેરીના ભાગ ગણાવો. દ્રાક્ષના ભાગ ગણાવો. દ્રાક્ષમાં કેટલા ભાગ દેખાય છે ? દ્રાક્ષમાં કયા કયા ભાગ ભેગા હોય છે ? કેરીના વર્ગનાં ફળ ગણાવો. દ્રાક્ષના વર્ગનાં ફળનાં નામ દો. ફળના કેટલા વર્ગ પાડી શકાય ને તે કયા કયા ?

પાઠ ૮૩.

પડ=થર
ફાડ=ભાગ
બીજાંકુર=ફણગો
પોષણ=ગુજરાન
કઠોળ=દ્વિદળ ધાન્ય
સત્વ=કસ
માફક=અનુકૂળ
રામફળ=સીતાફળ જેવા લાલાશ પડતાં રંગના ફળ
૩દ્રાક્ષ=જેની ગાળી અને છે તે મણકો; એક જાતના ઝાડનું બી

સવાલ—બી ને ઊગવા માટે શું શું જોઇએ ? કયાં બી એકદળ ને કયાં બી દ્વિદળ છે ? દ્વિદળ બીમાં બીજાંકુર કયાં હોય ? બીજાંકુર શું ખાઇને મોટું થાય છે ? જેનું મૂળ થવાનું હોય છે તે ભાગ કયારે ઊગે છે ? ઊગીને કયાં આવે છે ? કયાં બી વહેલાં વાવવાં જોઇએ ? કયાં બી મોડાં વાવીએ તો ફીકર નહિ અને તેમ થવાનું કારણ શું ? એકદળ ધાન્ય ગણાવો.

પાઠ ૮૪.

સૃષ્ટિ=દુનિયા
શોભા=દેખાવ
આત્મા=મન
પ્રસન્ન=ખુશ
સંતાપ=મનનું દુઃખ
અંશ=ભાગ
ડીંકું=ડીંચું
પ્રાણરક્ષક વાયુ=જીવનું રક્ષણ કરનાર વાયુ; ઓકિસજન વાયુ
પુષ્ટિ=બળ; જોર
જઠર=પાચન કરવાની કોથળી
નસો=રગો
ધન=ધીચ
ઘટા=ભરાવ
પ્રકાશ=તેજ

સવાલ—તાપથી અકળાએલો માણસ કયારે બધું દુઃખ ભુલી જાય છે ? પાંદડાં શું શું કામમાં આવે છે ? ઝાડને પાંદડાંનો શો

ઉપયોગ છે? પાંદડાં કયે વાટે શ્વાસ લે છે ને કયે વાટે કાઢે છે? પાંદડાં પ્રાણીને શું ઉપયોગી છે? પાંદડાંને રસોડું, જઠર અને ફેફસું કેમ કહી શકાય? પાંદડાંની રચના કેવી હોય? જે ઝાડના પાંદડાંની નસો ડીટામાંથી અણી સુધી એક સરખે અંતરે આવેલી છે તે ઝાડનાં બી એકદળી હોય છે કે દ્વિદળ? પાંદડાં લિલાશ પડતાં કેમ દેખાય છે? પાંદડાં પરથી એકદળ ઝાડ અને દ્વિદળ ઝાડ શી રીતે ઓળખી શકાય?

પાઠ ૮૫.

નમસ્કાર=બે હાથ જોડી માથું નમાવવું તે

નર્યા=એકલા

વિચિત્ર=દેખાવમાં બેડોળ

વાવેતર=રોપણી

પાણીપોચી=ભેજવાળી; શરદીવાળી

મોડમ=વાસ

તેજદાર=તેજવાળો; ચળકતો

ચુંટણી=ચુંટવાનું કામ

તાવડો=પેણો

વળી ન જાય=વળ દેવાય નહિ

મસળે=ચોળે

ફાયદાકારક=ગુણકારી

જાગૃત=હોશિયાર

આરબસ્તાન=એ દેશ હિંદુસ્તાનની પશ્ચિમે એશિઆખંડમાં છે

છડીને=છોડાં કાઢીને

ચરખો=કપાસમાંથી કપાસીઆ છુટા પાડવાનો સંચો

ચઢિઆતી=સરસ

નુકસાનકારક=નુકસાન કરનાર

કૌવત=બળ; જોર

અનિયમિતપણે=વગર નિયમે

હદ બહાર=જાદે; વધારે

કાળજી=ફીકર

સવાલ—ચા એ શું છે? ચા ઘણી કયાં પાકે છે? હિંદુસ્તાનમાં ચાનું વાવેતર કયાં થાય છે? ચાને કઈ જમીન અનુકૂળ નથી? પાંદડાં ચુંટી લીધા પછી શું ક્રિયા કરે છે? હિંદુસ્તાનમાં કાફી પહેલ વહેલી કયાંથી આવી? હાલ હિંદુસ્તાનના કયા ભાગમાં થાય છે? કાફી એ શું છે? કાફીના ફળ પર શું શું ક્રિયા કરે છે ત્યારે તે ઉપયોગમાં આવે છે? ચા બનાવવાની રીત કહો. ચા અને કાફી ફાયદાકારક છે

કે નહિ? જવાબ. ચા ફાયદાકારક નથી કારણ કે ચા ભૂખને મારી નાખે છે અને ઊંઘને ઓછી કરે છે. જે જે માણસો હંમેશાં ચા પીએ છે તેઓથી ખોરાક વિશેષ લઈ શકતો નથી માટે તે પીવાની ટેવ કદી પાડવી નહિ.

પાઠ ૮૬.

અમીરી=ગૃહસ્થાઈ
ચિહ્ન=નિશાની
નિર્ધન=પૈસા વગરનો
ઉમદા=કીમતી
ગરમ હવા=ગરમી
ચીન=એ હિંદુસ્તાનની પૂર્વમાં દેશ છે.
અમેરિકા=એ ખંડ છે
મીસર=હિંદુસ્તાનથી વિલાયત જતાં રસ્તામાં એ દેશ આવે છે
કપાસ=રૂનો છોડ
પાંખડી=ડાળી
કપાસીઆ=કપાસનાં બી
નક્ષત્ર=ઉપગ્રહ
જીંડવાં=ખીલ્યા વગરનાં કાલાં
કાલાં=કપાસનાં ફળ
વીણવો=લણવો
અંકાય=નક્કી થાય

સવાલ—લુગડાં બનાવવામાં શું શું વપરાય છે? કપાસ કેવા દેશમાં થાય છે, ને કેવા દેશમાં થતો નથી અને નહિ થવાનું કારણ શું? કપાસ કયાં કયાં પાકે છે? હિંદુસ્તાનમાં કયાં કયાં પાકે છે? કપાસના પાંદડાંનો આકાર કોના જેવો છે? કપાસના ફૂલનો રંગ કેવો હોય છે? કપાસનો પાક કેવી જમીનમાં સારો થાય છે? કપાસનું વાવેતર કયારે કરે છે? કપાસને કેટલીવાર લણવો પડે છે? કપાસ લણવાનો સૌથી સારો વખત કયો? રૂનો ભાવ શા ઉપરથી અંકાય છે? કપાસ વીણવાનું કામ બાઇડીઓ ને છોકરાંઓ કેમ કરે છે?

પાઠ ૮૭.

ઝાલર=ગળાની નીચે લટકતી ચામડી હોય તે
નભાવવો=ટકાવવો
ગરમાવો=ગરમી; હૂંફ
ભીંગડાં=જાડા પડ
સરકી=લપસી
મછવો=નાની હોડી
હલેસાં=ચાટવા
સુકાન=વહાણને ફેરવવાની ગતિ આપનાર યંત્ર
કણકી=ઝીણા ચોખા

સવાલ—માછલીને પાણી બહાર કાઢવાથી તે કેમ મરી જાય છે? માછલાં શા વડે શ્વાસ લે છે? પાણીમાં વા છે કે નહિ તે દાખલો આપી સમજાવો. માછલાંનું લોહી કેવું હોય છે? એને વધારે હવાની જરૂર શા માટે નથી? માછલાનું શરીર લીસું શા માટે બનાવ્યું? માછલાંના શરીરની રચના કહો. માછલાંને દાંત હોય છે કે નહિ અને હોય છે તો તેની સાબીતી શી? માછલી ઘણાં ઈંડાં મૂકે છે છતાં માછલાં કેમ વધી પડતાં નથી?

પાઠ ૮૮.	કરોડ=બરડાનું હાડકું	કચરઘાણ=ચુરેચુરા
નાગ=ફેણવાળો સાપ	લોચા=માંસના ગટ્ટા	ફેણ=સાપના માથાપરનો પહોળો ભાગ
કાંચળી=સાપની ભીંગડાંવાળી પાતળી ચામડી	સંકોચી=નાના કરી	બ્લીચિંગ પાઉડર=ધોવાના કામમાં વપરાતો સફેદ ભુકો
પાંસળી=પાસા પરની હાડકી	ડાચું=જડબું	
	ડંખ=ચટકો	
	ગળી જાય=ગળે ઉતારી દે	

સવાલ—સાપ કેટલી જાતના છે? ઝેરી સાપ અને ઝેર વિનાના સાપમાં ફેર શું? સાપને કેટલા પગ હોય છે? કોને કોને પગ હોતા નથી? સાપનું લોહી કેવું હોય છે? સાપણ ઈંડાં મૂકે છે કે વિઆય છે? સાપનું ઝેર ઉતારવાનો ઉપાય શો? કયા ઝેરી સાપોને ફેણ હોતી નથી? હિંદુસ્તાનની દક્ષિણમાં કેવા સાપ થાય છે અને તેને શું કહે છે? સાપને જેમ વળવું હોય તેમ શાથી વળી શકે છે? સાપનું ઝેર લોહીમાં શી રીતે ભળે છે? સાપ આપણને ઉપયોગી છે કે નહિ? ચીતળ. કોકનો રંગ કેવો હોય છે? **ટીપઃ**—જેને કાનને ઠેકાણે કાણાં હોય છે તે ઇંડાં મૂકે છે.

પાઠ ૮૯	સેવાળ=લીલ	કળી
માંસાહારી=માંસ ખાનાર	ટીશી=કુંપળ; પાંતરાંની	જીવ હિંસા=હત્યા

ગૂમ થવાથી=દેખાતા બંધ થવાથી

ગુંગળાતી=અકળાતી

લપલપાવી=બહાર કાઢી

ગોળો=પીંડો

ભવ=અવતાર

સવાલ—દેડકું ઇંડાંમાંથી નીકળે છે ત્યારે તેને શું શું હોય છે? તે શું શું ખાય છે? ગાંઠ ક્યાં નીકળે છે અને એ ગાંઠોનું શું થાય છે? દેડકાને કેટલા પગ હોય છે? આગલે પગે તથા પાછલે કેટકેટલાં આંગળાં હોય છે? બધું મળી કેટલાં આગળાં હોય છે? આગલા ને પાછલા પગમાં ફેર શું? દેડકું શા વડે શ્વાસ લે છે? પાછલા પગ શા માટે લાંબા બનાવ્યા હશે? એની જીભમાં ને આપણી જીભમાં શું ફેર છે? દાંત હોય છે કે નહિ ને હોય છે તો ક્યાં હોય છે? દેડકાં ક્યાં રહે છે? દેડકો થતાં સુધીમાં તેના ક્યાં ક્યાં ને કેટલાં રૂપ થાય છે? દેડકાના પ્રમાણમાં તેને શું શું મોટું છે? દેડકાનું લોહી કેવું હોય છે? જ. ઠંડું.

પાઠ ૮૦.

પસારી=પહોળી કરી

વર્ગ=જાત

કરવત=લાકડા વહેરવાનું ઓજાર

દાંતા=કાંગરાવાળી ધાર

બિડાય=બંધ થાય

રજપુતસ્તાન=ગુજરાતની ઉત્તરમાં પ્રાંત છે.

સહ્યાદ્રિ=પશ્ચિમઘાટ

ગોરાડુ=પિળાશ પડતી

લંબગોળ=લાંબો ગોળ

ટપકાદાર=ટપકીવાળું

ફીણ=પરપોટા

પાલા=પાંદડાં

ગળી=એક જાતનું ઝાડ; એમાંથી ગળીનો રંગ બનાવે છે

ઘાણ વાળે=નાશ કરે; ઉજ્જડ કરે.

ઉજ્જડ=વેરાન; ઝાડ પાન વગરની

હીણભાગી=કમનસીબ

ખરપડી=એ નામનું જીવડું

ભૂખમરો=ભૂખે મરવાનો વખત; કડાકા

અગણિત=ગણાય નહિ એટલા; ઘણાજ

ઉત્તમ=શ્રેષ્ઠ; સૌથી સારા

વળામણુનો=વિદાય થતો; હાથીઓ

ઝૂડી ઝુડીને=મારી મારીને

પુરાં કરવાં=જીવ લેવો; મારી નાખવાં

પાથરી=ઢાંકી

ખાળી=અટકાવી

ખાઉધરાં=ભુખાળવાં.

સવાલ—તીડ કયા વર્ગમાં ગણાય છે, અને શા માટે ? તીડના આગલા ને પાછલા પગમાં શો ફેર છે ? તેની પાંખની રચના કેવી હોય છે ? તીડનું મોં કેવું હોય છે ? હિંદુસ્તાનમાં તીડ ક્યાં પેદા થાય છે ? તીડ કેવી જગામાં ઈંડાં મૂકે છે ? તીડની માદા ખાડા શાથી ખોદે છે ? તીડના ઈંડાંનો રંગ કેવો હોય છે ? દરેક દરમાં કેટલાં ઈંડાં મૂકે છે ? ઈંડાનું રક્ષણ શી રીતે કરે છે ? તીડ શું શું ખાય છે ? તીડ પડે ત્યાં શું થાય છે ? તીડને નુકસાન કરતા અટકાવવાનો ઉપાય શું ? તીડ ઊડતાં થયાં પછી શી રીતે નુકસાન કરતાં અટકાવી શકાય ?

પાઠ ૮૧.

જઠર=હોજરી; પાચન થવા માટે પેટની ડાબી બાજુએ ખોરાક ભરવાની કોથળી
સૂક્ષ્મદર્શક=ઝીણી વસ્તુ મોટી દેખાડનાર
ભાગ=અવયવ
કદ=માપ
ઘાટ=આકાર
પાસાદાર=પાસાવાળી
પોલી=પોકળ
ચંચળ=ચેળ
ખુંધા=કમરમાંથી વળી ગએલા
ઢળકતાં=ઢાળ પડતાં
ચટકો=ડંખ
ચમચમે=બળતરા થાય
લાળ=ચીકણું થુંક
તંદુરસ્ત=આરોગ્ય
અટકાવ=રોકાણ
બિછાનું=પથારી
મચ્છરદાની=મચ્છર અટકાવવા માટે જાળીદાર લુગડાની બનાવેલી તે
કિવનીન=સિંકોનાના ઝાડમાંથી ઉત્પન્ન થતું સત્વ; તાવ કાઢવાની દવા. એ સ્વાદમાં બહુજ કડવું હોય છે.
બખિઆર=રહેતુ નહિ તે
લીખો=મચ્છર, જૂ, માંકડ વગેરેના ઈંડાં
ચોરસફુટ=૧૪૪ ચોરસ ઈંચ; એક ફુટ પહોળું ને એક ફુટ લાંબુ
કેરોસીન=ગ્યાસતેલ; વાદળી રંગનું પાતળું તેલ
રૂંધાઈ=ગુંગળાઇ
ડામર=ખનીજટાર
લોબાન=એક જાતનો ગુંદર

સવાલ—મચ્છર કયા વર્ગનું પ્રાણી છે અને શા માટે ? મચ્છરને

સૂક્ષ્મદર્શક યંત્રથી જોઇને તેના શરીરની રચના કહો. મચ્છરના કેટલા વર્ગ પાડી શકાય અને તે કયા કયા? ઝેરી અને ઝેર વિનાના મચ્છર ઓળખવાની નિશાની શું? ઝેરી મચ્છર તાવનું ઝેર શી રીતે ફેલાવે છે? તે અટકાવવાનો ઉપાય શો? ઝેરી તાવની ઉત્તમ દવા કઇ છે? મચ્છર કેવી જગામાં ઇંડાં મૂકે છે? મચ્છરના ઇંડાં અટકાવવાનો ઉપાય કહો. મચ્છરનો નાશ કરવાનો ઉપાય કહો.

પાઠ ૯૨.	અત્યંત=ઘણું	અંબાડી=હાથી ઉપર બેસવા માટેનું આસન
શ્રીમંત=પૈસાદાર	લપેટી=વિંટાળી	ચગડી=કચડી
રસાલો=ખટલો; ઘોડા લશ્કર વગેરે	ડોલ=આંકડીવાળું પાણી કાઢવાનું વાસણ	શાંત=ધીરજવાળું
ભટ=બ્રાહ્મણની અટક	દદુડી=નાની ધાર	સમજદાર=સમજવાળું
દૈત્ય=રાક્ષસ	ટેરવું=આગલો ભાગ	કદાવર=કદમાં મોટું
માવત=હાથીનો હાંકનાર	પુષ્ટ=જાડા ને ભરાઉ	

સવાલ—શિવાજીરાવ કોણ? મહેમદાવાદ કયાં છે અને શું કહે છે? એ કોણે વસાવ્યું હતું? હાથીના શરીરની રચના સમજાવો. તેના દરેક ભાગનો ઉપયોગ કહો. હાથીને સૂંઢ શું શું કામમાં આવે છે? હાથીદાંતનો ઉપયોગ બોલો. હાથીનો ઉપયોગ કહો. હાથીના ગુણ ગણાવો. હાથ વિષે કહેવતો કહો.

પાઠ ૯૩.	બેમાલમ=જણાય નહિ એવી રીતે	ફાળ=કુદકો
સંબંધ=વળગણ	તલપ=ફલંગ; ઝડપ	ગોંધ્યા=પૂર્યા; કબજ કર્યા
બોથાં=જડિયાં; મૂળના રેસા; ઠુંઠાં	સબળ=જોરાવર	ફરક=ફેર
		પલટાય=બદલાય

રંગભેદ=રંગમાં તફાવત	હેતુ=મતલબ; કારણ
પરિપક્વ=પુરેપુરૂં પાકેલું	ચકચકિત=ચકચકતા

સવાલ—પ્રાણી ને વનસ્પતિના રંગ જુદા હોવાનું કારણ શું? કેટલાક પ્રાણીના શરીરના રંગનો સંબંધ બતાવો. પ્રાણીનો રંગ તેમની આસપાસના પદાર્થોના રંગને મળતો આવે છે તેનાં મુખ્ય કેટલાં અને કયાં કયાં કારણો છે તે દાખલો આપી સમજાવો. જંગલી પ્રાણી ને પાળેલાં પ્રાણીના રંગમાં ફેર હોવાનું કારણ શું? ફૂલનો રંગ ભભકાદાર શા માટે બનાવ્યો હશે?

પાઠ ૯૪.

ગલીઓ=સાંકડી શેરીઓ	પાણી જવા માટે ઉપરથી બંધ કરેલો રસ્તો	સ્નાયુ=જે તંતુવડે હાડકાંને માંસના લોચા વળગેલા રહે છે તે
હૃદય=લોહીની ટાંકી	ક્ષીણ થવું=કમજોર થવું	ધબકારો=ધબધબનો અવાજ
ધોરી નસ=મોટી નસ	શિરા=નસ	ટકોરા=ધબકારા
મોરી=નીક; નાની ગટર	રેંટમાળ=પાણી કાઢવાનું ડોચકાવાળું ચકકર	
ગરનાળું=મોટી ગટર;		

સવાલ—હૃદય કોના જેવું છે? એનું કદ કેવડું છે? એ શેનું બનેલું છે? એમાં કેટલાં ખાનાં હોય છે? હૃદય કયાં આગળ છે? હૃદય ને પાણીની ટાંકીનો મુકાબલો કરો. ગંદું પાણી કેવી રીતે નદી કે દરીઆમાં જાય છે તે સમજાવો. ગંદું પાણી વહેવાની સાથે અસ્વચ્છ લોહી વહેવાનો મુકાબલો કરો. અસ્વચ્છ લોહીનો રંગ કેવો હોય છે? અસ્વચ્છ લોહી સ્વચ્છ શી રીતે થાય છે તે સમજાવો. છાતીમાં અને હાથના કાંડાપર ધબકારા શાથી થાય છે? તંદુરસ્ત માણસની અને બાળકની નાડી એક મિનિટમાં કેટલા ધબકારા કરે છે તે ગણીને કહો. હૃદયનું ચિત્ર કાઢી બતાવો અને તે સમજાવો.

પાઠ ૯૫.	સૂક્ષ્મ=ઝીણાં	આંતરડું=ગુંચળું વળેલા દોરડા જેવો પેટનો ભાગ, એ જઠરની ડાબી બાજુપર છે.
શ્વાસ=દમ	ક્ષાર=ખાર	કાળજું=છાતીની નીચે જમણે પાસે જે પિત્તાશય છે તે
મૂત્ર=મૂતર	સમાર=દુરસ્ત	શેષ=બાકી
વાટે=રસ્તે	વીધરીને=પીગળીને; ઓગળીને	મલ=મેલ; વિષ્ટા
ઘટ=ખોટ	ફેફસાં=છાતી માંહેલી જે ઇંદ્રિયવડે શ્વાસ લેવાય છે ને બહાર કઢાય છે તે.	તત્વ=સાર
કાઠું=શરીરનો બાંધો	શાહીચૂસ કાગળ=બ્લોટિંગ પેપર	
પેજવાળા=કાંજીવાળા		
તૈલી=તેલવાળાં		
ચરબી=ચામડીની અંદર ઠરેલો ચીકણો પદાર્થ		

સવાલ—આપણને ખોરાકની જરૂર ને વરાળયંત્રને કોયલાની જરૂર શા માટે છે તે સમજાવો. ઘસારો કયે કયે રસ્તે બહાર નીકળે છે? જો આપણે ખાઈએ નહિ તો શું થાય? નાનાં બાળકોને વધારે વાર શા માટે ખાવું પડે છે? ખોરાકના મુખ્ય કેટલા ને કયા કયા ઉપયોગ છે? ખોરાકના પદાર્થના કેટલા વર્ગ પાડી શકાય અને તે કયા કયા અને તે દરેક શું કામ કરે છે? ખોરાક ચાવીએ છીએ ત્યારે મોઢામાંથી જે થુંક છૂટે તેનું નામ શું? મોંમાં મૂકેલો કોળીઓ જઠરમાં શી રીતે જાય છે તે સમજાવો. જઠર શેનું બનેલું છે? જઠરમાંથી રસ નીકળે છે તે શેમાં મળી જાય છે? જઠરને ફરતી નાની નસો કોના જેવી છે? જઠરમાં પાચન થયા વગરનો જે ખોરાક હોય છે તે ક્યાં જાય છે અને ત્યાં તેને શું મળે છે? પિત્તની મદદથી કયા પદાર્થો પચી જાય છે? જઠરની નીચે શું હોય છે? તેમાંથી જે રસ નીકળે છે તે શું કામ કરે છે? મળ રૂપે કયો ભાગ બહાર નીકળી જાય છે? લોહી શું કામ કરે છે? મોંમાં મૂકેલા ખોરાકનું

લોહી થતાં પુરેપુરૂં વર્ણન કરો. જઠર, કાળજું અને આંતરડાનું ડ્રોઈંગ પાડો અને સમજાવો,

પાઠ ૯૬.

નિભાવવાને=ટકાવવાને; કાયમ રાખવાને	વિટાળ્યું=લપેટયું	છિદ્રાળુ=કાણાંવાળું
નિરોગી=તંદુરસ્ત	ધુઝારી=કંપારી	મેળાપ=સમાગમ; સંયોગ
કુઝે=ભોટવો	મંદવાહક=ગરમી ધીમે વહેવડાવનાર	જમાવ=એકઠું થવું તે
	ધાસ્તી=બીક; ભય	શોષણ=ચૂસી લેવું તે

સવાલ—માણસને ખોરાકની જરૂર શા માટે છે? માણસના શરીરમાં ગરમીનું માપ કેવું હોય છે? વસ્ત્રની જરૂર શા માટે છે? ઊનના લુગડાંથી ટાઢ કેમ વાતી નથી તે સમજાવો. ઊનમાં કેવો ગુણ છે? શરીરમાં અગત્યના ભાગ કયા કયા છે ને શા માટે? પરસેવો થાય છે તેથી શું થાય છે? ઊનના લુગડામાં કેવો ગુણ છે કે પરસેવો ચૂસી લે છે? સુતરાઉ લુગડામાં એવો ગુણ છે કે નહિ? સુતર ને ઊનનો મુકાબલો કરો. ઊનના લુગડાં કેમ જલદી મેલાં થાય છે? ઉનાળાની ઋતુમાં શેનાં કપડાં પહેરવાં? ઉનાળામાં સફેદ વસ્ત્ર પહેરવાથી શો ફાયદો?

પાઠ ૯૭.

સાડી=બૈરાંને પહેરવાનું રેશમી લુગડું	અને કપાસીઆ છુટા પાડવા; ચરખામાં પીલવો	પીંજણ=પીંજારાનું ઓજાર
સાલ્લો=બૈરાંને પહેરવાનું સુતરાઉ લુગડું	જીન=કપાસ લોઢવાનો સંચો	તાંત=બકરાના આંતરડાની દોરી
ખાદી=એક જાતનું જાડું દેશી કપડું; દોટી	લાટ=કપાસ પીલવાની ચરખાની ધરી	તંગ=સખત
લોઢવો=કપાસમાંથી રૂ	કાંતવું=લાંબા દોરા કાઢવા	ગોટીલો=પીંજારાનું લાકડાનું ઓજાર. એનો આકાર ડમ્બેલ્સ

જેવો હોય છે પણ છેડા ગોળાકાર હોય છે

ગાભલું=પીંજેલા રૂનો ગોટો

કસ્તર=ઝીણો કચરો

રેંટીઓ=સુતર કાંતવાનું સાદું યંત્ર

સાળ=લુગડાં વણવાનો સાંચો

ખરછટ=ખરબચડું

લાગ=દાવ; વખત; પ્રસંગ

પીંજારા=રૂને સાફ કરનારા

સવાલ—રૂ શું છે? રૂ ક્યાંથી આવે છે? તે શા કામમાં આવે છે? કપાસ લોઢવાના જીન મુંબઇ ઇલાકામાં ક્યાં ક્યાં છે? જીનમાં કેટલી લાટો હોય છે, અને તે શેની હોય છે? રૂને પીંજવાની રીત કહો. કાપડ વણવાના સંચા મુંબઇ ઇલાકામાં ક્યાં ક્યાં છે? સાડી, સાલ્લા, ખંડ, ધોતીઆં, ખાદી કોણ વણે છે ને કેવી રીતે? સંચા શેના બનાવે છે અને તે શાથી ચાલે છે? હાથે ચલાવવાના સંચા શાના બનાવે છે? રૂમાંથી કાપડ થતા સુધીની હકીકત કહો.

પાઠ ૯૮.

રેશમ=હીર

જાળું=ફાંદો

કોશેટો=રેશમના કીડાએ તાંતણા વડે ખારેક જેવું બનાવેલું ઘર

ગોટી=ગોળ દડો

ઇરાન=હિંદુસ્તાનના વાયવ્ય કોણમાં દેશ છે.

કોકડી=દડી

શેતુર=એક જાતનું ઝાડ

કસબ=સોનેરી રૂપેરી તાર

સવાલ—રેશમ કોણ બનાવે છે? એ કીડો શું ખાઇને જીવે છે? કોશેટામાંથી રેશમ કાઢવાની રીત બોલો. રેશમ ક્યાંથી આવે છે? ક્યા ક્યા શહેરમાં રેશમ ખપે છે? રેશમનો વણાટ ક્યા ક્યા શહેરમાં ચાલે છે? રેશમ પર રંગ ચઢી શકે છે કે નહિ? દેશી રંગ ચઢાવવાથી શું ફાયદો? વિલાયતી રંગથી શું નુકસાન? રેશમી કાપડ આપણા દેશમાં સંચામાં વણાય છે? સંચામાં ક્યાં ક્યાં વણાય છે? રેશમી લુગડાંથી શો ફાયદો? ગરીબ લોકો એનો ઉપયોગ કેમ કરી શકતા નથી? રાંધનાર બાઇ રસોઇ કરતી વખત રેશમી લુગડું શા માટે પહેરે છે?

પાઠ ૯૯.	રસી=રસના જે ભાગની ખાંડ ન બની શકે તે	માંહેથી તાર નીકળે એવી ઘટ કરવી
કોલુ=શેરડી પીલવાનો સંચો; કોલ	લીલ=સેવાળ [ભાગ	આયાત=બહાર ગામથી આવતો માલ.
છારી=પડ; પોપડી	ફિઝરડી=ફુમેડી; ખોતરી	ચોવડાં=ચારવડાં; ચાર પડવાળાં
તરી=ઉપર આવી	ચાસણી કરવી=ખાંડને પાણીમાં નાખી ઉકાળી	
ધાડો=જાડો		

સવાલ—વસાઇ તાલુકાની ખાંડ બનાવવાની હકીકત કહો. કોલ્હાપુરમાં ખાંડ શી રીતે બનાવે છે? કોલ્હાપુરની ખાંડ રાતી કેમ હોય છે? ગોળ બનાવવાંની રીત કહો. ખાંડ તથા ગોળનો ઉપયોગ કહો. પરદેશી ખાંડ ઉજળી આવવાનું કારણ શું? પરદેશી ખાંડ બનાવવાની રીત કહો. ખાંડ કઇ વસ્તુમાંથી બને છે?

મુંબઈ ઇલાકાની ભૂતળ.

ગુજરાતની પ્રાંતની ભૂતળ.

ગુજરાત પ્રાંતના ખંભાતના અખાતથી કુદરતી બે ભાગ થાય છે. ખંભાતનો અખાત, ખંભાતના નવાબ સાહેબના રાજ સુધી ગએલો છે. ખંભાતના અખાતની પશ્ચિમમાં જે મોટો મુલક આવેલો છે, તેને કાઠિઆવાડનો દ્વીપકલ્પ કહે છે. એને દ્વીપકલ્પ કહેવાનું કારણ એ કે એની ત્રણ બાજુએ પાણી છે, અને એક બાજુએ જમીન છે. એની દક્ષિણમાં, પશ્ચિમમાં અને પૂર્વ તથા ઉત્તરના થોડા ભાગમાં દરીઓ છે, અને કાઠિઆવાડના માત્ર ઇશાન કોણમાંજ જમીન છે. ખંભાતના અખાતની ઉત્તરમાં અને પૂર્વમાં આવેલો બીજો ભાગ છે. એ બીજો ભાગ અસલમાં ગુજરાત કહેવાતો હતો, એ ભાગની જમીન

ઘણીખરી સપાટ છે, પણ દરીઆ કિનારાની દમણથી તે ખંભાત સુધીની જમીન નિચાણમાં આવેલી છે. માટેજ પૂર્વમાંથી નીકળનારી દમણગંગા, પાર, અંબિકા, પૂર્ણા, તાપી, કીમ, નર્મદા, (રેવાજી) ઢાઢર, મહી વગેરે નદીઓ પશ્ચિમ તરફની નિચાણુ જમીનમાં વહે છે. સાબરમતી ઈશાનમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. તેમજ બનાસ અને સરસ્વતી ઈશાન કોણમાંથી વહી કચ્છના રણમાં સમાઇ જાય છે. એ ઉપરથી જણાય છે કે ગુજરાતની પૂર્વ તથા ઇશાન કોણુ તરફની જમીન ઉંચી છે. કારણુ કે એ બાજુએ ડુંગરા આવેલા છે. વાંસદા અને ધરમપુરની પૂર્વમાં સહ્યાદ્રિના ડુંગરા આવેલા છે. રેવાકાંઠા એજન્સિમાં રાજપીપળાના ડુંગરા આવેલા છે. પંચમહાલમાં પણ ડુંગરા આવેલા છે તેમાં સૌથી મોટો પાવાગઢ છે. એના ઉપર કાળકા માતાનું દહેરૂં છે. મહીકાંઠા એજન્સિની પૂર્વમાં તથા ઉત્તરમાં પણ ડુંગરા આવેલા છે. ગુજરાતની ઉત્તરમાં આબુ મોટો પર્વત છે.

પાલણપુર એજન્સિની પશ્ચિમમાં તેમજ કડી પ્રાંતની પશ્ચિમમાં કચ્છનું રણ છે, માટેજ તે બાજુની જમીન નીચી ને રેતાળ છે, તેથી ત્યાં તાપ અને ટાઢ વધારે પડે છે. રેતાળ જમીનમાં ઝાડ ઊગતાં નથી તેથી વરસાદ ઓછો પડે છે ને ઉનાળામાં પાણીની આપદા પડે છે. એવા રણના મુલકમાં સાંઢણી પર બેસી મુસાફરી કરાય છે.

ગુજરાતનો મધ્ય ભાગ જેને ચરોતર (સારી જમીન) કહે છે, તેમાં ખેડા જિલ્લો, ગાયકવાડનો વડોદરા પ્રાંત અને મહી નદી આવેલી છે. એ ચરોતરની જમીન નદીના બાઠા જેવી રસાળ છે, તેથી પાક સારો થાય છે; તમાકુ, બાજરી પાકે છે, તેમજ રાયણુ, મહુડાં અને આંબાનાં ઝાડ ઘણાં ઊગે છે. ઘાસ ચારો ઘણો સારો થાય છે. તેથીજ ચરોતરથી પરદેશ ખાતે ઘી ઘણું જાય છે.

પંચમહાલમાં ડુંગર ને જંગલ ઘણાં છે; તેથી ત્યાંની હવા સારી નથી, તાપ અને ટાઢ વિશેષ પડતાં નથી. જંગલ હોવાને લીધે ઇમારતી લાકડાં ઘણાં થાય છે. પંચમહાલમાં મકાઈ ઘણી પાકે છે.

ભરૂચ જિલ્લાની જમીન સપાટ છે. ઝાડો ઘણાં થતાં નથી. એ જિલ્લાના પૂર્વ ભાગને કાનમ કહે છે, ત્યાં કપાસ ઘણો સારો પાકે છે. એ જિલ્લાની જમીન કાળી છે. કાળી જમીન કપાસને બહુ માફક આવે છે. નર્મદા નદીના બેટમાં તમાકુ ઘણો સારો થાય છે. માંડવી તાલુકો, સુરત એજન્સિનાં વાંસદા, ડાંગ, ધરમપુરના રાજ્યની જમીન ડુંગરવાળી ને જંગલવાળી છે, તેથી ત્યાંની હવા શરદીવાળી અને પાણી પાલીઆં છે, એમાં રાની (જંગલી) લોકો રહે છે. જંગલમાં લાકડાં ઘણાં થાય છે.

સમુદ્ર કિનારાની હવા સુકી અને સારી ગણાય છે, ઉનાળામાં ઘણા લોકો હવા ખાવા તથા માંદા માણસો પાણી ફેર માટે જાય છે. સમુદ્ર કિનારાની પાસેના ગામમાં તાપ અને ટાઢ સરખાં પડે છે, અને વરસાદ ઘણો પડે છે.

સુરત જિલ્લામાં ખાડી ઘણી છે. ઓરપાડ તાલુકાની જમીન ભરૂચ જિલ્લા જેવી સપાટ છે, અને ઝાઝાં ઝાડ નથી. માંડવી તાલુકો, વાલોડ, ચીખલી અને ઓરપાડ તાલુકાના પૂર્વ ભાગમાં જંગલ ને ડુંગરા છે. વલસાડ તાલુકામાં પારનેરાનો ડુંગર સૌથી ઉંચો છે. પૂર્વ તરફના ભાગોમાં ડાંગર થાય છે; અને બાકીના ભાગમાં તુવેર, બાજરી અને કપાસ થાય છે. ગણદેવી પરગણામાં શેરડી થાય છે. તેથી ત્યાંનો ગોળ વખણાય છે. ઓરપાડ તાલુકામાં તથા હાંસોટમાં ઘઉં સારા પાકે છે.

સુરત જિલ્લો, ભરૂચ જિલ્લો, વડોદરા પ્રાંત, ખેડા જિલ્લો, અમદાવાદ જિલ્લો અને કાઠિઆવાડમાં ઘણે ઠેકાણે કપાસ પાકે છે. એનું રૂ મીલોમાં કાપડ વણાવવા માટે મુંબઈ જાય છે.

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાનો દક્ષિણ ભાગ, ધંધુકા તાલુકાનો પૂર્વ ભાગ અને કાઠિઆવાડનો કેટલોક ભાગ જેને ભાલ કહે છે, તેમાં ઘઉં તથા કપાસ સારા પાકે છે, કપાસનું રૂ થઈ ધોળેરા બંદરથી વહાણ મારફતે મુંબઈ જાય છે.

પહેલો ભાગ જે કાઠિઆવાડ નામથી ઓળખાય છે. તેને અસલ સૌરાષ્ટ્ર કહેતા હતા. કાઠિઆવાડ એજન્સિમાં ઘણા ડુંગરો છે. કાઠિઆવાડના મધ્ય ભાગમાં ચોટીલા વગેરે ડુંગરાની હારો છે, વળી જુનાગઢ પાસે ગીરનારનો ડુંગર સૌથી મોટો છે. પાલિતાણા પાસે શેત્રુંજો ડુંગર છે, ત્યાં શ્રાવક લોકો જાત્રા કરવા જાય છે. ડુંગરને લીધે પથરા ઘણા નીકળે છે. કાઠિઆવાડમાં મુખ્ય પાક કપાસ, બાજરી, ડાંગર, તમાકુ, જુવાર, તલ અને શેરડી થાય છે. કાઠિઆવાડના લોકો આપણા કરતાં ઉંચા અને શરીરે જોરાવર હોય છે. કાઠિઆવાડની દરીઆ કિનારાની જમીન નિચાણમાં છે, અને વચલો ભાગ ઉંચાણ છે, તેથીજ એમાં મોટી નદી નથી. મોટી નદી ભાદર છે, તે ચોટીલાના ડુંગરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. જામનગર (નવાનગર) ની ઉત્તરમાં કચ્છના અખાતમાંથી મોતી નીકળે છે. કાઠિઆવાડના કાંઠા પર ભાવનગર, મહુવા, જાફરાબાદ, દીવ, વેરાવળ, માંગરોળ, નવીબંદર, પોરબંદર (સુદામાપુરી), દ્વારકા, નવાનગર, (જામનગર), જોડીઆ એ બંદરો છે. એ બંદરોથી વહાણ મારફતે ઘણો માલ ભરૂચ, સુરત, વલસાડ, મુંબઈ વગેરે બંદરે જાય છે. કાઠિઆવાડના વવાણીઆ બંદરેથી કચ્છમાં જવાય છે.

મહારાષ્ટ્ર તથા દક્ષિણ મહારાષ્ટ્ર પ્રાંતની ભૂતળ.

મહારાષ્ટ્રમાં વચ્ચે સહ્યાદ્રિ પર્વત આવવાથી કુદરતી બે ભાગ થાય છે. (૧) દક્ષિણ (૨) કોંકણ. દક્ષિણમાં મોટી નદીઓ છે, તેથી

નદીઓના કાંઠાની ભૂમિ રસાળ છે, ને હવા ભેજવાળી છે. એનો ઉત્તર અને પશ્ચિમ ભાગ ઉંચો છે. કારણ ઉત્તરમાં સાતપુડા પર્વત અને પશ્ચિમમાં સહ્યાદ્રિ પર્વત આવેલો છે. મુખ્ય પેદાશ અનાજ, રૂ, શણ, શેરડી, તમાકુ, ઇમારતી લાકડાં, અભ્ર, મહુડા, લાખ, સુરોખાર. સહ્યાદ્રિ પર્વતમાંથી લોઢું જડે છે, અને જત સંસ્થાનમાંથી ગાળવાની કુલ્લી બનાવવાની માટી નીકળે છે. કોંકણનો પૂર્વ ભાગ ઉંચો છે. કારણકે સહ્યાદ્રિ પર્વત આવેલો છે, તેથી કોંકણનો ઢાળ પશ્ચિમ દિશાનો છે. ડાંગર પાકે એવી રસાળ જમીન છે, અને નાળિએરની વાડીઓ ઘણી છે. આખો કોંકણ પ્રાંત ખરબચડો ને વિકટ છે, ત્યાંની હવા ભેજવાળી છે. તેથી ઝાડ ઘણાં ઊગે છે, કોઇ કોઇ ઠેકાણે આગ થાય છે. મુખ્ય પેદાશ ચોખા, નાગલી, નાળિએર, મીઠું ને ઇમારતી લાકડાં વગેરેની છે.

કચ્છ પ્રાંતની ભૂતળ.

મધ્ય ભાગમાં ડુંગરાની ત્રણ મોટી હારો છે. ઉત્તરધાર, મધ્યધાર અને ધીણોધાર (ચાડવા). એ ડુંગરો પૂર્વ પશ્ચિમ દિશામાં પડેલા છે. કચ્છમાં સૌથી ઉંચામાં ઉંચું શિખર કાળો છે. કચ્છમાં મોટી નદી એક નથી. પણ નાગમતી, રૂકમાવતી કચ્છના અખાતને મળે છે, અને ખારી ઉત્તરના રણમાં સમાઇ જાય છે. મુખ્ય પેદાશ અનાજ, તેલીબીઆં, ઊન, મીઠું, ઢોર વગેરેની છે. કચ્છ પ્રાંતમાં સુરોખાર, ફટકડી ને કોયલાની ખાણો છે. કચ્છી ઘોડા વખણાય છે.

સિંધ પ્રાંતની ભૂતળ.

સિંધુ નદીને કાંઠે વસનારા લોકોને સિંધી કહે છે, અને તેમના મુલકને સિંધ કહે છે. સિંધ પ્રાંતનો ઢાળ ઇશાન કોણથી નૈઋત્ય કોણ તરફનો છે. સિંધુ નદીનું મૂળ હિમાલયમાં છે, તેથી સિંધુ

નદીમાં ઉનાળામાં અને ચોમાસામાં બે વાર રેલ આવે છે, કારણ કે ચોમાસામાં હિમાલય પર પુષ્કળ વરસાદ વરસે છે તેથી, અને ઉનાળામાં હિમાલય ઉપરનો બરફ ઓગળે છે તેથી. એ રેલથી તેમજ સિંધુમાંથી નહેરો કાઢેલી છે તેથી ખેતીવાડીનું કામ ચાલે છે. સિંધ પ્રાંતમાં વરસાદ બહુજ ઓછો આવે છે, એટલે માત્ર ૨ થી ૧૦ ઈંચ સુધીજ વરસે છે. એનો પશ્ચિમ ભાગ ઉંચો છે, કારણ કે હાલા પર્વત આવેલો છે. પૂર્વ ભાગ રેતાળ છે, કારણ કે તેમાં થરપારકરનું મોટું રણ છે. ઉનાળામાં એ રણમાં પાણીની ઘણી આપદા પડે છે. દક્ષિણ ભાગ ખારવાળો છે ને ત્યાંની હવા રોગિષ્ટ છે. માત્ર સિંધુ નદીના કાંઠાનો ભાગજ રસાળ છે. મુખ્ય પેદાશ ડાંગર, બાજરી, ઘઉં, મગ, જવ, રૂ ને તેલીબીઆં વગેરેની છે.

અઘરા શબ્દો તથા જોડાક્ષર.

દુનિયામાં, ઇંગ્લાંડનું, ચરિત્ર, સ્વર્ગવાસ, જયેષ્ઠ, ઈલ્કાબ, આલ્બર્ટ, ઉત્સાહ, નિખાલસ, લશ્કરી, નૌકાશાસ્ત્રનું, અત્યંત, "બ્રિટાનિઆ," પ્રદક્ષિણા, પ્રવીણ, નિર્ણય, ગ્રીનિચ, નૌકાસૈન્યની, પરીક્ષાઓ, જાન્યુઆરિ, નિર્માણ, પ્રીતિ, વિકટોરિઆ, આદરસત્કાર, દકી, રાજ્યાભિષેકની, પાયતખ્ત, દિલ્હીમાં, પ્રાર્થના, રજપુતસ્તાનનો, વિજયસીંગને, શરણાગતનું, સ્વામિભક્તિ, વિશ્વાસુ, ઝબ્બાની, પ્રસંગ, ક્ષેમકુશળ, સિસોદીઆઓ, સૂર્યવંશી, હૃદય, જન્મભૂમિ, ધુંટડો, નીમણુક, કીર્તિ, સંઘાતે, વિકરાળ, નિશ્ચય, કૌશલ્યા, કૈકેયી, પૂર્ણ, આશિષ, આશીર્વાદથી, લક્ષ્મણજી, વિનંતિ,

સુમિત્રા, વસિષ્ઠ, તિરસ્કાર, બુદ્ધિ, બેશુદ્ધ, એંજિન, શક્તિ, મિઠાશવાળી, દુરસ્ત, શ્રેષ્ઠ, ઉત્પન્ન, પુષ્ટિ, નિર્માણ, ફરિયાદી, પૂછ્યું, લાધ્યા, લાધ્યું, પાંદડાં, અનુમાન, હોળાય, ધ્યાનમાં, હોશિયાર, વર્તમાનપત્રમાં, વ્યવસ્થા, સ્વચ્છતા, વૃદ્ધ, સ્થિતિને, ગૃહસ્થાઈના, ચિઠ્ઠીઓ, સદ્ગુણ, પ્રમાણિકપણાનો, ઘરેણુંગાઠું, જિંદગી, પર્યંત, વિરુદ્ધ, ફિટાડીએ, વિશ્વાસઘાતનું, મિલ્કતનો, લૂંટફાટ, બુદ્ધિ, ધર્મિષ્ઠપણાની, મુશ્કેલ, વર્તણુક, સ્પર્શ, યુક્તિથી, ભૂતડાકણની, મસાણકાંઠે, વિખ્યાત, વશીકરણ, જ્વાળામુખી, સ્વપ્ન, અતિવૃષ્ટિ, વનસ્પતિ, અદ્ભુત, ચમત્કારી, આશ્ચર્ય, દિંગ, સ્વપ્નવશ, નિરાધાર, ઈંદ્રિયો, બ્રહ્માંડ, સમર્થ, સર્વશક્તિમાન, સર્વવ્યાપી, સર્વજ્ઞ, પ્રાણિમાત્ર, પ્રાર્થના, સંચર્યો, નિશ્વાસ, નિશદિન, આયર્લાંડ, કપ્તાને, દઢ, હિંમત, યાદગીરીમાં, વિક્ટોરિઆના, કીર્તિસ્તંભ, મિસ્તરી, સાદડી, ગૂંથતો, નિર્ભય, પ્રમાણિક, કંટાળો, સત્તર, પંચાણું, સત્તાણું, ખિન્ન, સદ્બુદ્ધિ, તત્કાળ, શિક્ષા, મિજાજ, ફરિયાદો, દુર્ગુણ, વિક્રમાજીત, નિર્દોષનો, હૃદય, વર્ણન, કલ્પાંતનો, સાર્થક, સર્વસ્વ, ચર્ચાય, પરિણામ, પોર્ટગલ, સોળમા, અથડાયું, નિશ્ચે, ચિઠ્ઠીઓ, હરિફાઇ, વિદ્યાર્થીઓ, ત્રિભુવન, શ્રેષ્ઠ, કીર્તિને, બળિએલ, જન્માષ્ટમી, ચોંટાડેલી, નિશ્ચય, કલ્પ્યો, ટાંગ્યું, ઉત્તેજન, અભિપ્રાય, કીર્તિ, અમૂલ્યનું, સંન્યાસી, વ્યાઘ્ર, સંધ્યાકાળ, વ્યાઘ્રચર્મ, સ્થિર, શ્રોતાના, આંસુધારા, ભાવિક, દિલ્હી, દસ્તાવેજ, પ્રસન્ન, દ્રૌપદી, નિદ્રા, હરિશ્ચંદ્ર, જિંદગી, નાળિએર, અથડાતો, ઝિલાતો, અતિશય, સરિતાનું, સિંધુમાં,

તૃપ્તિ, ચિતોડ, હલદીઘાટની, સ્થિતિનું, જન્મભૂમિ, નિભાવ, સ્વતંત્ર, સંતોષ, ગોઠવણુ, ગોટાળો, ઉદ્યાગમાં, અમૂલ્ય, ઘડિઆળો, એલેકઝાંડ્રા, આલ્બર્ટ, વિક્ટોરિઆના, સ્વર્ગવાસ, વિદ્યાભ્યાસ, વર્તતા, પરીક્ષા, ઉત્તેજન, નૌકાશાસ્ત્ર, સંપ્રદાયનો, પ્રાર્થના, પ્રસિદ્ધ, શિષ્યોએ, મુર્ખાઈ, કૃતિ, કોશીશ, વિનોદમાં, વિનંતી, પિત્તળની, તત્કાળ, દક્ષિણી, કાઠિઆવાડી, સુન્નો, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, ઓઢણું, સુરવાલ. સ્ત્રીપુરુષો, વિધવા, પુનર્લગ્ન, વિશ્વામિત્ર, વસિષ્ઠ, રાજર્ષિ, અયોધ્યાના, કાન્યકુબ્જ, સૈન્ય, મૃગયા, આશ્રમ, દર્શન, આશ્ચર્ય, નંદિની, કામધેનુ, બળાત્કારે, હથિયારબંધ, ઇંદ્રને, નિર્મળ, સિદ્ધિ, મુશ્કેલ, લેસેપ્સ, વિલ્બરફોર્સ, વિઘ્ન, ઉદ્યમે, સ્વતંત્ર, નિશ્ચયવાળો, ફ્રાન્સ, સંયોગિભૂમિ, વિચાર્યું, દુષ્ટ, પ્રતિદિન, વિસ્તાર્યો, સ્વપ્નામાં, દુશ્મનને, રણસંગ્રામમાં, સ્વદેશપ્રીતિ, વિદ્વતા, સ્વદેશાભિમાની, ઉદ્ધત, હથિયાર, કંપની, પ્રતિબિંબ, ઝટકાઓ, શુમારે, ઠોકયાં; સૂતેલાં, જાગૃતિ, દોડયા, શોધ્યો, કૃપાથી, ધ્રૂજતાં, પુરુષો, અગિઆર, અણીશુદ્ધ, સૂંઢ, બંદોબસ્ત, મૃગજળ, વિચિત્ર, પિડાએલાં, ચકિત, પિડાએલો, બુદ્ધિનો, મહિમા, દૃષ્ટાંત, નમ્રતાથી, મુર્ખાઈ, આશ્ચર્ય, વીટળાઇ, જન્મારામાં, ખૂટતુંજ, જવલ્લેજ, ચોકખું, પુરતું, વિદ્યાએ, તંદુરસ્તી, મંદવાડ, ગૃહસ્થો, ઈશ્વરકૃપાથી, ગંદકીના, ઢોળાય, સ્વચ્છ, વૈષ્ણવ, દર્શન, શોધ્યું, વર્તણુકથી, ફરિયાદ, આજ્ઞા, તસ્દી, વર્ણન, સુગંધ, દુર્ગંધ, ગર્જના, પરિણામ, અવસ્થા, શ્રાવક, પુષ્કળ, પાલિતાણાનાં, પ્રખ્યાત, સ્ટેશન, ચિત્રકૂટ, રમણીય,

અણુહિલવાડના, આદિનાથ, ધ્યાન, વિસ્મય, નિર્જીવ, પ્રવીણ, ઇશ્વરસ્તુતિ, રક્ષણ, સૂર્યવંશી, સુબુદ્ધિ, સદ્દભકિત, શ્લોક, સ્તબ્ધ, પરદુઃખભંજન, વિદ્યાનો, વિદ્વાનોને, સ્મરણશકિતવાળા, યુક્તિ, સ્થિતિ, વૈદકશાસ્ત્રમાં, વિશ્વાસ, અમૃત, ભઠ્ઠી, વનસ્પતિના, મત્સ્યગંધા, પ્રતિજ્ઞા, નામાંકિત, પાંડવકૌરવોના, હસ્તિનાપુર, દિલ્હી, શંતનુ, દેવવ્રત, સ્વાર્થનો, પ્રીતિ, કાંતિ, ક્ષત્રિયની, સત્યવતી, યોજનગંધા, ખૂબસુરત, ઉત્કંઠા, સંતાપ, ભિષ્મને, બ્રહ્મચારી, અફઘાનિસ્તાનના, સત્તર, પશ્ચિમે, પુષ્કળ, દ્રવ્ય, મંદિરમાં મૂર્તિ, રત્નજડિત, નૃત્ય, જાત્રાળુઓ, ખ્યાતિ, રક્ષણ, આજ્ઞા, નિશ્ચય, ચાલુકય, અદ્યાપિ, પ્રસિદ્ધ, સોળમા, પોર્ટુગીઝ, કપ્તાને, સત્કાર, હરિફાઈ, સિત્તેર, દૃઢતાથી, અગ્નિ, નૌકા, સ્થિતિ, સર્વત્ર, કંપની, વૃષભ, શુક્રાચાર્યનું, નિર્બળ, શિબિ, આર્યાવર્તમાં, શરણાગત, કીર્તિ, યજ્ઞમંડપ, ઉત્પન્ન, ક્રૂર, પક્ષિરાજ, ધર્મજ્ઞ, પરીક્ષા, ઘૂંટના, નૈઋતા, વિકટોરિઆ, તરુણ, ઉત્પન્ન, આલ્બર્ટ, બુદ્ધિશાળી, પત્નીએ, નિષ્ઠા, વિધવા, સભ્યતાથી, વિદ્વાનોને, ઉત્તેજન, જ્ઞાનમાં, મુનશી, કંપની, હસ્તક, પ્રસિદ્ધ, ઢંઢેરો, દિલ્હીમાં, સંદેશા, સ્થિતિ, પૂજ્યભાવથી, કલેશ, રક્ષક, પ્રૌઢ, કીર્તિનો, ભૂપ, હુન્નર, શ્રેષ્ઠ, સદાભિમાને, પ્રાર્થના, પશ્ચિમ, શ્રીકૃષ્ણ, દ્વારકામાં, મૌર્યવંશના, પાટલિપુત્ર, ચંદ્રગુપ્ત, સિકંદર, સુદર્શન, નામાંકિત, નિરાધારને, સ્થાપ્યાં, બૌદ્ધધર્મને, આશ્રમ, સ્તંભો મૂળતત્વો, મુખ્યત્વે, શ્રમણોને, વૃત્તાંત, જયાશાખરી, યુદ્ધ, ક્ષત્રપ, ગુપ્તવંશના, વલભીપુરમાં, ઇબ્રાહિમઆન, ગુર્જર, ગુર્જરરદ, ચાલુક્ય, તોડયો, ગર્ભવંતી,

[નિર્ણય, રણભૂમિ, સિદ્ધરાજ, પુખ્ત, રૂદ્રમાળ, ચાલુક્ય, છઠ્ઠો, શ્રેષ્ઠ, પુખ્ત, બર્બર, શ્રીસ્થળના, બ્રાહ્મણોને, વઢવાણ, યશોવર્મા, શૈવધર્મ, શ્રીસ્થળમાં, રુદ્રમાળનું, પુરૂં, સિદ્ધપુર, સહસ્રલિંગ, કપડવણજનો, પંડિતોની, વિદ્વાનોને, હેમાચાર્ય, કલ્યાણ, વૃત્તિ, અલાઉદ્દીન, સ્વતંત્ર, દિલ્હી. દેવગિરિમાં, મુર્ખાઇને, કૈલાદેવી, ખૂબસુરત, ભટકતો, દરમિઆન, નિશ્ચય, દિલ્હીના, હોશિયાર, લડવૈયો, નાસીરૂદ્દીન, ઇલ્કાબ, પશ્ચાત્તાપથી, અંતઃકરણ, પસ્તાવો, ઇન્સાફ, વાટપાડુઓની, પ્રમાણિક, ઉદ્યોગનો, ખ્યાતિ, યોદ્ધા, ઠઠ્ઠા, લોકપ્રિય, મુસ્તફાબાદ, ભૂશિર, સ્વતંત્ર, રમણીય, અહમદ, ખડ્ગંજમ્ક્ષની, શ્રીમંત, ફિરદોસ, પોર્ટુગીઝ, ઇલ્કાબ, વર્તણુકને, કાઠિઆવાડ, ઝુંપડું, ઓછીવત્તી, ઠંડક, પૃથ્વી, સ્થિતમાં, સપ્ટેંબર, નિરાંત, ઢિંચોળાખાટ, હથિયાર, કમિશનર, ગવર્નર, હિમાલયમાંથી, કોંકણકાંઠે, નાળિએર, મહારાષ્ટ્રમાં, ત્ર્યંબક, સહ્યાદ્રિ, રોગિષ્ઠ, કોલ્હાપુરનું, નીમણુક, મહાબળેશ્વરના, ન્યાયાધીશો, ડિરેક્ટર, ચકિત, લક્ષાધિપતિ, ત્રિકોણાકારે. સિપ્રીની, સ્ટેશન, ધક્કા, દ્વારકા, પાલણપુર. પ્રસિદ્ધ, જિલ્લામાં, સ્વતંત્રપણું, મહમુદાબાદ, કર્નલ, વુડિંગ્ટને, પ્રયત્ન, પિત્તળનો, સંકોચાય, ગઠ્ઠો, શાલદુપટ્ટા, વીંટતો, ખટુંમડું, ગોરમટીમાંથી, હરિશંકર, ચપ્પુ, તાંબાપિત્તળનાં, કાંસુ, જિવાયજ, ઘોડિઆટ, વસંતઋતુ, ટકાઉ, કાષ્ટની, વૃદ્ધિ, ચઢિઆતો, હાથીદાંત, દંતુશળજ, સુગંધીદાર, અત્તર, વજપત્રો, ધંતુરા, સ્ત્રીકેસર, પુંકેશર, શેતુર, દ્રાક્ષનાં, પોષાય, સત્ત્વ, સૂક્ષ્મબીજમાં, નાળિએર, મુળીઉં, રૂદ્રાક્ષનો, ઓકિસજન,

સૃષ્ટિની, શ્વાસવાટે, પુષ્ટિ, નિરુપયોગી. ગુંથણ, લિલાશ, બાળકૃષ્ણ, જગન્નાથ, હિંદુસ્તાનમાં, ચૂંટેલા, શક્તિને, મદ્રાસ, ચઢિઆતી, અનિયમિતપણે, ચિહ્ન, નિર્વન, વસ્ત્ર, કર્ણાટક, મૃગસર, નક્ષત્ર, ભાંગડાં, ગોઠવાએલા, બ્લીચિંગ, ઓચિંતો, બિડાય, દેડકું, ટીશીઓ, શાંતિમાં, અઠવાડીઆં, ધાસ્તી, સહ્યાદ્રિ, તપખિરીઆ, લિલોતરી, ખિચોખીચ, સૂક્ષ્મદર્શક, સૂંઠ, તંદુરસ્ત, ઓફિસોમાં, બંધિઆર, શ્રીમંત, શ્વાસ, કણાગરૂં, માયાળુ. ગોંધ્યા, પરિપક્વ, ચકચકિત, હૃદય, સ્વચ્છ, તત્વ, તંદુરસ્ત, પાચનક્રિયા, સાહ્યીચૂસ, સૂક્ષ્મ. શકિત, તત્વ, વસ્ત્રો, સૂક્ષ્મદર્શક, નિરોગી, વિટાળ્યું. મૂજરી, છિદ્રાળુ, અનુકૂળ, શોષણ, પીંજણ, ગોટીલો, કસ્તર, સોલાપુર, સુસ્ત, ગૂંથતો, ચિકાશ, કોલુમાં, ઢાંકણું, કોલ્હાપુર. વનસ્પતિ, સાંઠામાંથી.

ડ્રીલ માટેની સૂચના પહેલી ચોપડીના અર્થમાં જુઓ.

(૧) જમણો હાથ સામે. (હથેલી આકાશ તરફ) (૨) જમણા હાથે સલામ. (૩) ડાબો હાથ સામે. (હથેલી આકાશ તરફ) (૪) ડાબે હાથે સલામ. (૫) જમણો હાથ ઉંચો (૬) ડાબો હાથ ઉંચો (૭) બંને હાથ પગના થાપા સાથે અફાળવા. (૮) જમણો હાથ ખભાની સીધી લીટીમાં. (૯) ડાબો હાથ ખભાની સીધી લીટીમાં. (૧૦) બંને હાથનાં આંગળાંનાં ટેરવાં ખભે અડકાવવાં. (૧૧) બંને હાથ પગના થાપા સાથે અફાળવા. (૧૨) જમણા હાથની હથેલી મોં સામે લાવી ચક્કર. (૧૩) ડાબા હાથની હથેલી મોં સામે લાવી ચક્કર. (૧૪) બંને હાથ સામા મુઠ્ઠી વાળીને (મુઠ્ઠીઓ આકાશ તરફ) (૧૫) બંને હાથ પાછળ પીઠ ગમ ખેંચવા. (મુઠ્ઠીઓ છાતીને પડખે રાખવી) (૧૬)

બંને હાથ કેડ પર રાખી પગનાં આંગળાપર ધીરેથી બેસવું. (૧૭) ડાબો હાથ કેડ પર મૂકી ડાબી ગમ વાંકા વળી જમણો હાથ ઉંચો કરી આંગળાંના નખ સામે જોવું. (૧૮) જમણો હાથ કેડપર રાખી જમણી ગમ વાંકા વળી ડાબો હાથ ઉંચો કરી આંગળાના નખ સામે જોવું. (૧૯) સીધા ટટાર ઉભા રહેવું (પણ બે પગ વચ્ચે એક ફુટનું અંતર રાખવું.) (૨૦) બેઉ હાથ ઉંચા કરી આકાશ તરફ આંગળા ધરી નખ તરફ જોવું. (૨૧) કંમરમાંથી વાંકા વળી હાથના આંગળા પગના અંગુઠાને અડકવાં. (પગ ટટાર રહેવા જોઇએ) (૨૨) સીધા ઉભા થઇ એક ડગલું પાછળ ખસી ઉભા રહેવું. (૨૩) ડોકું આગળ નમાવવું. (૨૪) ડોકું સીધું કરી સામે જોવું. (૨૫) ડોકું પાછળ નમાવવું. (૨૬) ડોકું સીધું કરી સામે જોવું. (૨૭) ડોકું જમણી તરફ ખભાની સીધી લીટીમાં રાખવું. (૨૮) ડોકું સીધું કરી સામે જોવું. (૨૯) ડોકું ડાબી તરફ ખભાની સીધી લીટીમાં રાખવું. (૩૦) ડોકું સીધું કરી સામે જોવું. (૩૧) બેઉ હાથ મુઠ્ઠીવાળી મોં સામે ખભાની સીધી લીટીમાં લાંબા કરવા (મુઠ્ઠીઓ આકાશ તરફ) (૩૨) બેઉ હાથ પાછળ પીઠ ગમ ખેચવા. (મુઠ્ઠી બગલ આગળ લાવવી) (૩૩) બેઉ હાથ ખભાની સીધી લીટીમાં લાંબા કરવા. (મુઠ્ઠીઓ આકાશ તરફ) (૩૪) બંને હાથની મુઠ્ઠીના અંગુઠા ખભે અડકાવવા. (૩૫) કેડપર હાથ રાખી સીધા ઉભા રહેવું. (૩૬) કંમર આગળ. (૩૭) ૩૫ પ્રમાણે (૩૮) કંમર પાછળ. (૩૯) ૩૫ પ્રમાણે પણ બે પગની વચ્ચે એક ફુટનું અંતર રાખવું. (૪૦) કંમર જમણી તરફ વાળી ડાબો પગ ભોંયથી ચાર આંગળ ઉંચો રાખવો. (૪૧) સીધા ટટાર ઉભા રહેવું. (૪૨) જમણા ફરવું. (૪૩) સલામ કરી ચાલ્યા જવું.

સમાપ્ત.

શિક્ષકો તથા શિષ્યોમાં

એકે અવાજે વખણાએલી

છગનલાલ મોતીરામ શાહ કૃત

મુંબઇ ઇલાકાની ભૂગોળની

પ્રશ્નોત્તરમાળા.

કિંમત સાડા ચાર આના.

છગનલાલ મોતીરામ શાહ.

"મુખગણિત શિક્ષક" વગેરેના કર્તા. શાહપોર—સુરત.